દૈનિક
# મુંબઈ સમાચાર


૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 61 ■ વિક્રમ સંવત ૨૦૮૨

ફાલ્ગુન વદ - ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 14 March 2026, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૧૪ માર્ચ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u




50+ LIFESTYLE AMENITIES • 3+ ACRES OF GATED COMMUNITY.

PAY 25% NOW
AND REST ON OC

3, 4 & 5 BED DECK RESIDENCES
₹5 CR.* ONWARDS.

aaradhya ONEPARK
ONE WORLD. ONE COMMUNITY

SHOW FLAT READY

VISIT: AARADHYA ONEPARK EXPERIENCE CENTRE, RB MEHTA MARG, 60 FEET RD., OPPOSITE STARBUCKS, GHATKOPAR EAST.

AWARDED AS ICONIC DEVELOPER OF THE YEAR 2026

022 6868 0016
AARADHYAONEPARK.COM

All Brochures/Leaflets/Pamphlets/ads/walk-through presentations/master plan/layout plan or any other document including photographs, images, designs, 3D models, plans, specifications, layout, dimensions, facilities, vegetation, features, furniture & fixtures, amenities and communication are merely an artistic impression and imagination and may vary from the actual project on site.The actual and physical features, amenities and facilities in the said Project or the flat/apartment/unit would be in accordance with plans and specifications approved by the competent authorities.The said Project is mortgaged in favour of ICICI Bank Limited ("the Lender"). No Objection Certificate from the Lender will be provided for sale of flat/apartment/unit in the said Project, if required. T&C apply. This campaign/scheme/offer is for a limited period. Special Payment Plan of 25:75 is subject to additional cost, as applicable. This offer is subject to change without notice and sale of inventory is subject to availability. The listed price represents the base value for the specific unit type and is subject to variation based on tower location, floor level, and inventory availability. Standard Terms & Conditions apply. In the event of any disputes/differences relating to this campaign/scheme/offer, the decision of the Promoter shall be final and binding on the prospective customer.

FIND LOCATION

MICL
MAN INFRACONSTRUCTION LIMITED
LIVE BETTER

MahaRERA registration no.
P51800054477
https://maharera.maharashtra.gov.in

WELCOME TO
THE NEW AGE COMMUNITY LIVING




OVER 50+ LIFESTYLE AMENITIES


PICKLEBALL COURT


BOWLING CAFÉ


MUSCLE MATRIX (GYM)

CABANA | SQUASH COURT | CELEBRATION HALL | 8-BALL POOL | PRIVATE THEATER | FAMILY COVE
GREEN GALA | LILLIPUT LAND | ENCHANTED TRAIL | GAMING ARCADE | PRIVATE DINING | ESCAPE ROOM

PAY 25% NOW AND REST ON OC
3, 4 & 5 BED DECK RESIDENCES ₹5 CR.* ONWARDS.

aaradhya ONEPARK
ONE WORLD. ONE COMMUNITY

SHOW FLAT READY

VISIT: AARADHYA ONEPARK EXPERIENCE CENTRE, RB MEHTA MARG, 60 FEET RD., OPPOSITE STARBUCKS, GHATKOPAR EAST.

REALTY CONCLAVE & AWARDS WEST EDITION 2026
AWARDED AS ICONIC DEVELOPER OF THE YEAR 2026

022 6868 0016
AARADHYAONEPARK.COM

All Brochures/Leaflets/Pamphlets/ads/walk-through presentations/master plan/layout plan or any other document including photographs, images, designs, 3D models, plans, specifications, layout, dimensions, facilities, vegetation, features, furniture & fixtures, amenities and communication are merely an artistic impression and imagination and may vary from the actual project on site.The actual and physical features, amenities and facilities in the said Project or the flat/apartment/unit would be in accordance with plans and specifications approved by the competent authorities.The said Project is mortgaged in favour of ICICI Bank Limited ("the Lender"). No Objection Certificate from the Lender will be provided for sale of flat/apartment/unit in the said Project, if required. T&C apply. This campaign/scheme/offer is for a limited period. Special Payment Plan of 25:75 is subject to additional cost, as applicable. This offer is subject to change without notice and sale of inventory is subject to availability. The listed price represents the base value for the specific unit type and is subject to variation based on tower location, floor level, and inventory availability. Standard Terms & Conditions apply. In the event of any disputes/differences relating to this campaign/scheme/offer, the decision of the Promoter shall be final and binding on the prospective customer.

FIND LOCATION

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 61 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ફાલ્ગુન વદ - ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 14 March 2026, Saturday ■ REGD.No. MCS/058/2024-26
શનિવાર, ૧૪ માર્ચ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 14,508/-
PER 1 GRAM OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

# ક્રૂડની આગમાં ઈન્વેસ્ટરોના ૧૦.૨૪ લાખ કરોડ સ્વાહા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ક્રૂડ ઓઇલના ભાવ ફરી ૧૦૦ ડૉલર વટાવી ગયા હોવાના અહેવાલ અને મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધની સતત વધતી જતી તીવ્રતાને કારણે વધી ખરડાયેલા માનસ વચ્ચે વેચવાલીનું દબાણ વધી જવાથી શુક્રવારે સેન્સેક્સ લગભગ ૧,૪૦૦ પોઈન્ટથી વધું તૂટ્યો હતો, જ્યારે નિફ્ટી ૨૩,૨૦૦થી નીચે ઉતરી ગયો હતો. બીએસઇનું માર્કેટ કેપિટલાઈઝેશન ૪૪૦.૦૬ લાખ કરોડ રૂપિયા સામે ૧૦.૨૪ લાખ કરોડ રૂપિયા ઘટીને ૪૨૯.૮૨ લાખ કરોડ રૂપિયાના સ્તરે પહોંચ્યું હતું.

## ■ સેન્સેક્સમાં ૧૪૭૦ પોઈન્ટનો મોટો કડાકો

સતત ત્રીજા સત્રની પીછેહઠમાં સેન્સેક્સ ૧,૪૭૦.૫૦ પોઇન્ટ અથવા તો ૧.૯૩ ટકાના કડાકા સાથે ૭૪,૫૬૩.૯૨ પોઇન્ટની અને નિફ્ટી ઇન્ડેક્સ ૪૮૮.૦૬ પોઇન્ટ અથવા તો ૨.૦૬ ટકાના ઘટાડા સાથે ૨૩,૧૫૧.૧૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

વ્યાપક વેચવાલી વચ્ચે મોટાભાગના સેક્ટરલ ઇન્ડેક્સમાં પીછેહઠ જોવા મળી હતી, જેમાં નિફ્ટી મેટલમાં મોટી નુકસાની નોંધાઇ હતી. ત્યારબાદ રિયલ્ટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને પીએસયુ બેંક ઇન્ડેક્સમાં પણ મોટો ઘટાડો હતો. ફાઇનાન્શિયલ અને ઓટો સેક્ટર્સમાં પણ નબળાઇ જોવા મળી હતી.

એફએમસીજી એકમાત્ર ગ્રીન જોનમાં બંધ રહ્યું હતું, જે એકંદર મંદીના માહોલ વચ્ચે રોકાણકારોની રક્ષણાત્મક ખરીદી સૂચવે છે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ એકતરફ યુદ્ધ સમાપ્તિની વાતો કરી રહ્યા છે, ત્યારે ઇરાને સામે મોટા પડકારો ઊભા કર્યા છે અને હોર્મુઝ સ્ટ્રેઇટ બંધ થવાને કારણે સમગ્ર વૈશ્વિક

(જુઓ પાનું ૨) ▶▶

# એલપીજીઃ ઓલ ઈઝ વેલના સરકારના રટણ છતાં હજી ગભરાટ ઓસરતો નથી

**આ ગભરાટ વચ્ચે ઈરાનની સ્પષ્ટતા કે, ભારત મિત્ર અને તેનાં જહાજોને હોર્મુઝ ખાડીમાં સેફ પેસેજ મળશે**

**લોકસભામાં પણ મુદ્દો ગાજ્યો**

**લાઇનમાં ઊભા ન રહો ને ઓનલાઈન બુકિંગ કરો એવી અરજ સાથે સરકારની સંગ્રહખોરો સામે લાલ આંખ**

નવી દિલ્હીઃ એલપીજીની અછતના ભયંકર પેનિક વચ્ચે સરકારે શુક્રવારે ફરી એવી સ્પષ્ટતા કરી હતી કે દેશમાં એલપીજીની અછત નથી અને તેથી લોકો લાઈનોમાં ઊભા ન રહે તેમ જ ઓનલાઈન બુકિંગ કરે. સાથે ગેસના સંગ્રહખોરો સામે પણ સરકારે લાલ આંખ કરી હતી. સરકારની બાંયધરી છતાં દેશભરમાં એલપીજી માટેનો ગભરાટ યથાવત રહ્યો હતો. આ દરમ્યાન ઈરાને ભારતને મોટી રાહત આપી છે. દુનિયામાં ક્રૂડ ઓઇલ અને ગેસની તંગ સ્થિતિ વચ્ચે મહત્વના સમુદ્રી માર્ગ સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ભારતને સુરક્ષિત રસ્તો આપવાની ઈરાને તૈયારી દર્શાવી છે.

ઈરાની રાજદૂત મોહમ્મદ ફતાલીએ કહ્યું છે કે, ઈરાન મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા મિત્રદેશ ભારતને સુરક્ષિત માર્ગ પૂરો પાડવા માટે પગલાં લઈ શકે છે.

દરમ્યાન, વિરોધ પક્ષોએ શુક્રવારે કેન્દ્ર સરકારને દેશના અનેક ભાગોમાં એલપીજી સિલિન્ડરની કથિત અછતને દૂર કરવા માટે

(જુઓ પાનું ૨) ▶▶

## નેવી ૪૦,૦૦૦ મેટ્રિક ટન એલપીજી સાથેના જહાજને લઈને ભારત આવી રહ્યું છે

નવી દિલ્હીઃ ભારતીય નૌકાદળ ૪૦,૦૦૦ મેટ્રિક ટન એલપીજી લઈને આવતા જહાજ 'શિવાલિક'ને હોર્મુઝની સામુદ્રધુનીમાંથી ભારત તરફ માર્ગદર્શન આપી રહ્યું છે. સરકારના ટોચના સૂત્રોએ જણાવ્યું છે કે આગામી છ કલાકમાં અન્ય એક જહાજ હોર્મુઝની સામુદ્રધુની થઈને ભારત તરફ રવાના થાય તેવી અપેક્ષા છે.

આ ઘટનાક્રમ રોઇટર્સના એ અહેવાલના એક દિવસ પછી આવ્યો છે જેમાં એક ભારતીય સ્રોતને ટાંકીને કહેવામાં આવ્યું હતું કે ઈરાન ભારતીય જહાજોને હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થવા દેવા માટે સંમત થયું છે, ભલે આ જળમાર્ગ પશ્ચિમી અને ઇઝરાયેલી ટેન્કરો તથા કન્ટેનર જહાજો માટે બંધ રહ્યો હોય. ■

# અખાતના યુદ્ધમાં વધુ બે ભારતીયનાં મોત, ૪૬ ઘાયલ

- ■ ઈરાનના નવા નેતા ઘાયલ ?
- ■ તહેરાનમાં હજારો લોકોની રૅલી પર હુમલા
- ■ દુબઈમાં ફાઈનાન્શિયલ સેન્ટરની ઈમારતને નુકસાન
- ■ અમેરિકાનું વિમાન ઇરાકમાં તૂટી પડ્યું



ઈરાનની રાજધાની તહેરાનમાં રમજાનના અંતિમ શુક્રવારે વાર્ષિક અલ-કદ્સ ડૅ (જેરુસલેમ દિન) નિમિત્તે અમેરિકા અને ઇઝરાયલ સામે વિરોધ વ્યક્ત કરવા નીકળેલી રૅલીમાં હજારો લોકોએ ભાગ લીધો હતો. ઇઝરાયલે આ રૅલી પર અનેક હુમલા કર્યા હોવાથી ભારે જાનહાનિ થઇ હતી.

દુબઈઃ અખાતના દેશોમાં ચાલી રહેલા યુદ્ધમાં શુક્રવારે થયેલા હુમલામાં વધુ બે ભારતીય માર્યા ગયા હતા અને અંદાજે ૪૬ ભારતીય ઘાયલ થયા હતા. ઇરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લાહ મોજતબા ખામનેઇ ઘાયલ થયા હોવાનો અમેરિકાએ દાવો કર્યો હતો. દરમિયાન, ઇરાનની રાજધાની તહેરાનમાં અમેરિકા અને ઇઝરાયલના વિરોધમાં હજારો લોકોએ કાઢેલી રૅલી પર કરાયેલા હુમલામાં ભારે જાનહાનિ થઇ હતી. દુબઇ ઇન્ટરનેશનલ ફાઇનાન્શિયલ સેન્ટરની ઇમારત અને એક ઔદ્યોગિક વિસ્તાર પર થયેલા હુમલામાં ભારે નુકસાન થયું હતું. લેબેનોનમાંથી હિઝબુલ્લાહ સંગઠને ઉત્તર ઇઝરાયલ પર કરેલા હુમલામાં અંદાજે ૬૦ જણ ઘાયલ થયા હતા. નૈર્ઋત્ય બૈરુતમાં ઇઝરાયલે કરેલા હુમલામાં પણ ભારે જાનહાનિ થઇ હતી. ઇરાકમાં અમેરિકાનું એક વિમાન તૂટી પડ્યું હતું અને તેમાંના છ જણમાંના ચારના મૃતદેહ મળ્યા હતા તેમ જ બાકીના બે જણ લાપતા છે.

ઓમાનના એક ઔદ્યોગિક વિસ્તારમાં શુક્રવારે કરાયેલા ડ્રોન હુમલામાં બે ભારતીય માર્યા ગયા હતા. રાજધાની

(જુઓ પાનું ૨) ▶▶

## ઈરાન હવે શરણે થવાનુંઃ ટ્રમ્પની ધારણા જે ખોટી પડી

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની ઇરાનને નબળું ગણવાની ધારણા ખોટી સાબિત થઇ છે.

ઇરાન હોર્મુઝ સામુદ્રધુનીમાંથી જહાજોની અવરજવર રોકી નહિ શકે અથવા અમેરિકાનું નૌકાદળ આ ખાડી વિસ્તારમાં અન્ય જહાજોને એસ્કૉર્ટ કરશે, એવો ટ્રમ્પનો દાવો માત્ર શેખી જ સાબિત થયો છે. તહેરાને હોર્મુઝ સામુદ્રધુની બંધ કરી દીધી છે અને અમેરિકાના નૌકાદળે આ ખાડી વિસ્તારમાં અન્ય જહાજોને એસ્કૉર્ટ કરવાનું બહુ જોખમી હોવાનું જણાવીને હાથ ઊંચા કરી દીધા છે. તહેરાને ગુરુવારે

(જુઓ પાનું ૨) ▶▶

## દુર્લભ ખનિજો સંબંધે ભારત અને અમેરિકામાં ટૂંકમાં કરાર

નવી દિલ્હીઃ ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે એક મોટી જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે વોશિંગ્ટન અને નવી દિલ્હી દુર્લભ ખનિજો પર કરારને અંતિમ સ્વરૂપ આપવાની ખૂબ નજીક છે. આગામી થોડા મહિનામાં આ બાબતે એક મોટી જાહેરાત થવાની અપેક્ષા છે.સર્જિયો ગોરે એક મીડિયા ચેનલના કાર્યક્રમ દરમિયાન વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આ કરાર આધુનિક ઉત્પાદન, ઉર્જા પ્રણાલીઓ અને નવી ટેકનોલોજી માટે જરૂરી સપ્લાય ચેઇનને સુરક્ષિત કરવામાં મદદ કરશે. રાજદૂતે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભારત-અમેરિકાના સંબંધો હવે ઐતિહાસિક ઊંચાઈએ પહોંચી શકે છે. તેમણે કહ્યું હતું કે બંને દેશો હવે અડચણોને બદલે સફળતા જોઈ રહ્યા છે.

રાજદૂતે ભારત-અમેરિકાની ભાગીદારીના ત્રણ મુખ્ય સ્તંભો પર પ્રકાશ પાડ્યો હતો. વેપારમાં સુધારો, ટેકનોલોજી અને વિશ્વાસ વધારવો અને વ્યૂહાત્મક સંકલન. તેમણે જણાવ્યું હતું કે બંને સરકારો તકોને પરિણામોમાં પરિવર્તિત કરવાની ઇચ્છા ધરાવે છે.આ ભાગીદારી ફક્ત કર કે બજારો સુધી મર્યાદિત નથી. તે

(જુઓ પાનું ૨) ▶▶

## મહિલા કર્મચારીઓને પિરિયડ્સમાં રજા આપવાનું ફરજિયાત નથીઃ સુપ્રીમ કૉર્ટ

**દેશવ્યાપી નીતિ ઘડવાની અરજી અદાલતે કાઢી નાખી**

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે આખા દેશમાં વિદ્યાર્થિનીઓ અને મહિલા કર્મચારીઓ માટે માસિકસ્રાવ વખતની રજાની નીતિ ઘડી કાઢવાનો સરકારને આદેશ આપવાની દાદ ચાહતી જાહેર હિતની અરજીને હાથ ધરવાનો શુક્રવારે ઇનકાર કર્યો હતો અને જણાવ્યું હતું કે આવી નીતિ ઘડવી રાજ્ય સરકારો કે સંસ્થાઓ અથવા કંપનીઓ માટે સ્વૈચ્છિક હોઇ શકે, પરંતુ જો તેને ફરજિયાત બનાવાય તો તેની માઠી અસર પણ થઇ શકે છે.

સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે મહિલા કર્મચારીઓ માટે જો માસિકસ્રાવ વખતની રજાની આવી કોઇ નીતિ ઘડાશે, તો તેઓ માટે નોકરી મેળવવાનું પણ મુશ્કેલ બની જશે અને આવી નીતિ ઘડાશે, તો તે 'બીબાં-ઢાળ' બની જશે કે કાયમી સ્વરૂપ લઇ શકે છે.

આમ છતાં, સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે મહિલાઓને નોકરી આપતી કે વિદ્યાર્થિનીઓને શિક્ષણ આપતી સંસ્થાઓ

(જુઓ પાનું ૨) ▶▶

## મોબાઈલ ડેટા મોંઘો થઈ શકે

### એના પર ટેક્સ લદાવાની વકી

નવી દિલ્હીઃ દર વર્ષે બજેટ રજૂ થાય ત્યારે ઈલેક્ટ્રોનિક્સ ડિવાઈસ અને ફોન સસ્તા થશે કે મોંઘા એ અંગે લાંબી ચર્ચા થાય છે. ટેલિકોમ કંપનીઓની સર્વિસને લઈને અનેકવાર ઘણા વિવાદ થયા છે પણ સરકાર હવે ટેલિકોમ ક્ષેત્રને લઈ કંઈક નવું સાહસ કરવા જઈ રહી છે. ભારતમાં આવનારા સમયમાં મોબાઈલ ઈન્ટરનેટ માટે વધારે રકમ ચૂકવવી પડશે. મોબાઈલ રીચાર્જ મોંઘા થતાં ઈન્ટરનેટ વપરાશકારોમાં સિસકારો બોલી ગયો હતો. સરકાર હવે મોબાઈલ ઈન્ટરનેટ ડેટા પર નવો ટેક્સ લગાવવાના મૂડમાં છે. રીપોર્ટ અનુસાર આ વિષય પર ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન તરફથી એવું કહેવામાં આવ્યું હતું કે,

(જુઓ પાનું ૨) ▶▶

## 'વ્યંડળ'ની ચોક્કસ વ્યાખ્યા કરતો ખરડો લોકસભામાં રજૂ કરાયો

### વ્યંડળોને જન્મના પ્રમાણપત્ર સહિતના દસ્તાવેજોમાં સુધારા કરાવવાનો હક આપતી જોગવાઇ

નવી દિલ્હીઃ 'વ્યંડળ'ની ચોક્કસ વ્યાખ્યા કરતો, કોઇ વ્યક્તિને બળજબરીથી 'વ્યંડળ' બનાવવા તેને પહોંચાડવામાં આવેલી ઇજાના પ્રકાર મુજબ સજા કરવાની જોગવાઇ ધરાવતો અને 'વ્યંડળ'ને પોતાના જન્મના પ્રમાણપત્ર સહિતના સત્તાવાર દસ્તાવેજમાં નામ ઉપરાંતના ફેરફાર કરવાની સત્તા આપતો ખરડો શુક્રવારે લોકસભામાં રજૂ કરાયો હતો.

સામાજિક ન્યાય અને સશક્તીકરણ વિભાગના પ્રધાન વીરેન્દ્ર કુમારે ટ્રાન્સજેન્ડર પર્સન્સ (પ્રૉટેક્શન ઑફ રાઇટ્સ) અમેન્ડમેન્ટ બિલ રજૂ કર્યું હતું.

આ ખરડામાં 'નિષ્ણાતની સલાહ' માગી શકે એવા નિયુક્ત સત્તામંડળ (ડિઝિગ્નેશન ઑફ ઑથૉરિટી)ને લગતી જોગવાઇ પણ કરાઇ છે. 'ઑથૉરિટી' (સત્તામંડળ)ની વ્યાખ્યામાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર કે કેન્દ્રશાસિત પ્રદેશના વહીવટીતંત્ર દ્વારા નિયુક્ત ચીફ મેડિકલ ઑફિસર કે ડેપ્યુટી મેડિકલ ઑફિસરના નેતૃત્વ હેઠળના મેડિકલ બૉર્ડને 'સત્તામંડળ'

(જુઓ પાનું ૨) ▶▶

## શું હવે દેશ પણ અમે ચલાવીએ? : સુપ્રીમ કોર્ટ

### વ્યાપક નિર્દેશોની માગ કરતી અરજી પર અદાલત ભડકી

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે શુક્રવારે જાહેર સત્તાવાળાઓની બેદરકારીને કારણે થતા મૃત્યુ અટકાવવા માટે નિર્દેશોની માગ કરતી અરજી પર વિચાર કરવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો હતો.બેન્ચે ટિપ્પણી કરી હતી કે જનહિત અરજી ખૂબ વ્યાપક છે અને માંગવામાં આવેલા નિર્દેશોનો અમલ શક્ય બનશે નહીં. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચ એ અરજી પર સુનાવણી કરી રહી હતી જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારોને રાજ્ય અધિકારીઓની બેદરકારીને કારણે થતા મૃત્યુને રોકવા માટે એસઓપી ઘડવા માટે નિર્દેશ આપવાની માગ કરાઈ હતી જેમાં અસુરક્ષિત માળખાગત સુવિધાઓ,અપૂર્ણ બાંધકામ અને ખરાબ વાયરિંગથી ઈલેક્ટ્રિક શોક લાગવા જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે.

સુપ્રીમ કોર્ટે સવાલ કર્યો હતો કે તમે ઇચ્છો છો કે અમે આખા દેશને ચલાવીએ. અરજીમાં રસ્તાઓ, પુલો અને

(જુઓ પાનું ૨) ▶▶

અંક પ્રગટ થઈ ચૂક્યો છે




## મુખ્ય ચૂંટણી કમિશનરને ઈમ્પિચ કરવા વિપક્ષોની નોટિસ

નવી દિલ્હીઃ સંસદમાં સ્પીકર સામે અવિશ્વાસનો પ્રસ્તાવ ફગાવવામાં આવ્યા પછી હવે મુખ્ય ચૂંટણી કમિશનર સામે મહાભિયોગ કે ઇમ્પિચમેન્ટનો પ્રસ્તાવ લાવવા માટે વિપક્ષ કમર કસી છે. સંસદના ઈતિહાસમાં પહેલી વખત કોઈ મુખ્ય ચૂંટણી કમિશનરની સામે આવી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, જેનું નેતૃત્વ તૃણમુલ કોંગ્રેસે કર્યું છે. આમાં ઈન્ડિ ગઠબંધનની વિવિધ પાર્ટીનો સમાવેશ છે. ઉપરાંત, અમુક અપક્ષ સાંસદોએ મહાભિયોગ પ્રસ્તાવને સમર્થન આપ્યું છે. દસ પાનાની નોટિસમાં ૧૯૦થી વધુ સાંસદોએ હસ્તાક્ષર કર્યા છે.

દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની સામે વિપક્ષના મહાભિયોગ પ્રસ્તાવ લાવવાની તૈયારી કરી દીધી છે. સંસદના બંને ગૃહમાં વિપક્ષ તરફથી મહાભિયોગ પ્રસ્તાવ સંબંધિત નોટિસ મોકલવામાં આવી છે. વિપક્ષે આરોપ મૂક્યો છે કે જ્ઞાનેશ કુમાર સત્તાધારી પક્ષ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ની મદદ કરે છે અને વિપક્ષની વિરોધમાં કામ કરે છે. દસ પાનાની નોટિસમાં સાત મહત્ત્વના મુદ્દાને આધારે જ્ઞાનેશ કુમારને હટાવવા અનુરોધ કર્યો છે. ચોંકાવનારી વાત એ છે કે વિપક્ષના મોટા ભાગના સાંસદોએ હસ્તાક્ષર કર્યા છે, પરંતુ લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને રાજ્યસભામાં વિપક્ષના મલ્લિકાર્જુન ખડગેએ હસ્તાક્ષર

(જુઓ પાનું ૨) ▶▶

## ટ્રમ્પના ટૅરિફનો પ્રત્યેક અમેરિકી પરિવારે વર્ષે ૨,૫૦૦ ડૉલરનો ખર્ચ ઉપાડવો પડશે

વોશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ એ આવકની ભરપાઈનો પ્રયાસ કરી રહ્યા છે જે ગયા મહિને સુપ્રીમ કોર્ટે તેમના સૌથી મોટા ટૅરિફના નિર્ણયને રદ કર્યો હતો. શુક્રવારે જાહેર કરાયેલા એક અભ્યાસમાં કોંગ્રેસી ડેમોક્રેટસે ચેતવણી આપી હતી કે વહીવટીતંત્રના આયાત કરને કારણે ૨૦૨૬માં અમેરિકન પરિવારોને સરેરાશ ૨,૫૧૨ અમેરિકન ડૉલરનો વધુ ખર્ચ ઉઠાવવો પડશે. જે ગયા વર્ષના ટૅરિફ ખર્ચમાં ૧,૭૪૫ ડોલરથી ૪૪ ટકા વધુ છે. અને આ એવા સમયે થઈ રહ્યું છે જ્યારે અમેરિકાના ગ્રાહકો અગાઉથી જ મોંઘવારીથી નારાજ છે અને ઈરાન સામેના યુદ્ધના કારણે ઊર્જા-ઇંધણની કિંમતો વધી રહી છે.

જોઈન્ટ ઈકોનોમિક કમિટીના ટોચના ડેમોક્રેટ અને ન્યૂ હેમ્પશાયરના સેનેટર મેગી હસને કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટના ચુકાદામાં ટ્રમ્પના મોટાભાગના ટૅરિફ એજન્ડાને ગેરકાયદેસર ગણાવ્યો હતો. ટ્રમ્પ વહીવટીતંત્ર પરિવારોને રાહત આપવાનો ઇનકાર કરી રહ્યું છે. જેમ જેમ અમેરિકન પરિવારો ઊંચા ખર્ચ સાથે સંઘર્ષ કરી રહ્યા છે તેમ પ્રમુખ નવા ટૅરિફ સ્થાપિત કરવાનું પસંદ કરવાનું ચાલુ રાખે છે જે કિંમતોને વધુ ઉંચી કરશે.

આ અભ્યાસને બનાવટી ગણાવતા વાઇટ હાઉસના પ્રવક્તા કુશ દેસાઈએ જણાવ્યું હતું કે ટ્રમ્પ વેપાર સોદાઓ પર ફરીથી વાટાઘાટો કરવા, દવાઓની કિંમતો ઘટાડવા અને અમેરિકન લોકો માટે ટ્રિલ્યન રોકાણ સુરક્ષિત કરવા માટે ટૅરિફનો ઉપયોગ કરવાનું ચાલુ રાખશે.

ટ્રમ્પે ગયા વર્ષે પૃથ્વી પરના લગભગ

(જુઓ પાનું ૨) ▶▶

Available for Lease at JVPD
Luxurious 5 BHK Duplex with Family Room
4000 Sq. Ft. Carpet in a private Building.
Call for further details
7777072445 / 9920230067
sales@hetaligroup.com

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કિંજલનાં પ્રેમલગ્ન સામે દેકારો, હિંદુ એકતાના ઠેકેદારો ક્યાં સંતાઈ ગયા?

ગુજરાતમાં હમણાં જાણીતી ગાયિકા કિંજલ રબારીનાં પ્રેમલગ્ન બબાલ ઊભી કરી દીધી છે. કિંજલ રબારીએ અશોક ચૌધરી નામના આંજણા પટેલ સમાજના છોકરા સાથે લગ્ન કર્યાં તેમાં તો રબારી જ્ઞાતિના કેટલાક લોકોએ દેકારો મચાવી દીધો છે. કિંજલને મારી નાંખવાની ધમકીઓ મળી રહી છે ને તેના કારણે કિંજલે પોતાના પતિ સાથે ભાગી જવું પડ્યું છે. કિંજલ ફોન બંધ કરીને અજ્ઞાતવાસમાં જતી રહી છે પણ સમાજના બની બેઠેલા મોવડીઓને ધરવ નથી એટલે સોશ્યલ મીડિયા મારફતે કિંજલને શોધી લાવવાના હાકલાપડકારા થઈ રહ્યા છે.

બનાસકાંઠાના એક કૉંગ્રેસ આગેવાને તો પોતાના બાપનું રાજ ચાલતું હોય ને પોતે સમાંતર સરકાર ચલાવતા હોય એમ 'સનાતન ધર્મ'ના નામે ખુલ્લી ધમકી જ આપી કે, અમારા સમાજને સમાજની સામે પડનારાંને પાતાળમાંથી પણ શોધીને દાટી દેતાં આવડે છે તેથી કોઈ ભરમમા ના રહેતા ને એવું કરવું પડે એ પહેલાં સરેન્ડર કરી દો. કોઈએ અપરાધ કર્યો હોય તો પોલીસ કે કોર્ટ સામે સરેન્ડર કરવાનું હોય પણ અહીં તો જેને કોઈ પોતાના ગામની બહાર ભોજીયોભઈ પણ ઓળખતો નથી એવો માણસ સરેન્ડર કરવા અલ્ટિમેટમ આપી રહ્યો છે.

હદ તો એ થઈ ગઈ કે, સમાજના નામે એવા મેસેજ પણ ફરતા થઈ ગયા છે કે, કિંજલની જેમ સમાજની બીજી છોકરીઓ વંઠી ના જાય એટલે તેમનાં સોસ્યલ મીડિયા એકાઉન્ટ બંધ કરાવી દો. ઈન્સ્ટાગ્રામ ને સ્નેપચેટના કારણે છોકરીઓ પ્રેમના રવાડે ચડે છે તેથી તેમને કાબૂમાં કરવા માટે તાત્કાલિક રીતે ૧૦ દિવસ માટે ઈન્સ્ટાગ્રામ ને સ્નેપચેટ આઈડી બંધ કરાવી દો. મા-બાપ અને ભાઈઓને ઈન્સ્ટાગ્રામ ને સ્નેપચેટ આઈડી બંધ કરાવવામાં સહકાર આપવા વિનંતી કરાઈ છે ને ધમકી અપાઈ છે કે, આઈડી બંધ નહીં કરાય તો ચોક્કસ ગ્રૂપ દ્વારા ટ્રોલ કરવામાં આવશે. સોશ્યલ મીડિયા પર બીજી પણ ઘણી પોસ્ટ ફરતી કરાઈ છે ને તેમાં કિંજલને ખુલ્લા મોતની ધમકીઓ મળી રહી છે.

આ ઘટનાક્રમ આઘાતજનક છે ને તેનાથી વધારે આઘાતજનક આ લુખ્ખી ગુંડાગીરી સામે સમાજ ને સરકારનું મૌન છે. જ્ઞાતિઓના આગેવાનો સામે ઘૂંટણ ટેકવીને ગુજરાતની ભાજપ સરકારે લગ્ન નોંધણીમાં ફેરફારોની જાહેરાત કરી ત્યારે ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ કહેલું કે, કોઈ સલીમ સુરેશ બનીને હિંદુ દીકરીને ફસાવે એ નહીં ચલાવી લેવાય તેથી આ ફેરફારો કરાયા છે. સરકાર હિંદુ દીકરીઓની ચિંતા કરે ને તેમને બદઈરાદાથી ફસાવતા વિધર્મીઓથી બચાવે એ સારી વાત છે પણ કિંજલના કિસ્સામાં તો એવું કંઈ જ નથી છતાં સરકાર સોશ્યલ મીડિયા પર તેને ખુલ્લેઆમ મારી નાંખવાની ધમકી આપનારાંને કેમ કશું કરતી નથી ?

કિંજલ રબારી હિંદુ દીકરી છે ને કિંજલે જેની સાથે લગ્ન કર્યાં એ અશોક ચૌધરી પણ અશરફમાંથી અશોક બનેલો મુસલમાન નથી પણ હિંદુ જ છે છતાં કિંજલની પડખે ઊભા રહેવા સરકાર તૈયાર કેમ નથી ? એક દીકરીએ પછાતપણામાં જીવતા લોકોના કારણે જીવ બચાવવા સંતાતા ફરવું પડે એ જોઈને ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવા જેવી ઘટના છે ને છતાં કેમ કોઈનું લોહી ઉકળતું નથી ? હિંદુઓમાં આંતરજ્ઞાતિય લગ્નો માટે અઢી લાખની સહાય આપનારી સરકાર કેમ ખોંખારીને કહેતી નથી કે કિંજલ કે તેના પતિનો વાળ પણ વાંકો નહીં થાય. સરકારે હિંદુ દીકરી ને તેના હિંદુ પતિને ધમકી આપનારને ઉઠાવીને જેલમાં નાંખવો જોઈએ ને એવો સીધો કરવો જોઈએ કે, બીજો કોઈ હિંદુઓમાં થતાં આંતરજ્ઞાતિય લગ્ન સામે બોલવાની હિંમત ના કરે. તેના બદલે અહીં તો કશું થતું નથી.

કિંજલ પોતાનું અને પોતાના પતિનું રક્ષણ કરવા માટે રીતસરની આજીજી કરી રહી છે ને સામે સમાજના લુખ્ખાઓ ખુલ્લેઆમ ધમકી આપી રહ્યા છે ને સરકાર તમાશો જોઈ રહી છે. કિંજલે પોતે બબ્બે વીડિયો મૂકીને કહ્યું છે કે, મેં મારી મરજીથી લગ્ન કર્યા છે ને આ મારો અંગત નિર્ણય છે છતાં સમાજના બની બેઠેલા ઠેકેદારો તેને શોધી લાવવાના ફતવા બહાર પાડે છે, પાતાળમાંથી શોધી લાવીને દાટી દેવાની ધમકીઓ આપે છે ને સરકારમાં બેઠેલા લોકો તેમને કશું કરતા નથી, હિંદુ સમાજના બની બેઠેલા ઠેકેદારો તો મોંમાં મગ ઓરીને જ બેસી ગયા છે. એક હિંદુ છોકરી હિંદુ છોકરાને પરણે પછી તેના જીવને જોખમ ઊભું થાય ને તેણે જીવ બચાવવા માટે ભાગતા ફરવું પડે છે ને કહેવાતાં હિંદુ સંગઠનોના આગેવાનો બે પગ વચ્ચે પૂંછડી દબાવીને બેસી ગયા છે.

હિંદુવાદી સંગઠનો દ્વારા હિંદુ એકતાની મોટી મોટી વાતો થાય છે પણ આ વાતો કેટલી ખોખલી છે એ આ ઘટનાએ છતું કરી દીધું છે. બીજી જ્ઞાતિના છોકરાને મરજીથી પરણનારી હિંદુ દીકરીની પડખે નહીં ઊભા રહેનારા હિંદુવાદીઓ આ રીતે હિંદુ એકતા લાવશે ? જ્ઞાન પિરસવાનું આવે ત્યારે આ લખોટાઓ ભગવાન કૃષ્ણે કઈ રીતે દ્રૌપદીનાં ચિર પૂરેલાં તેની પારાયણો માંડીને બેસી જાય છે ને અહીં એક હિંદુ છોકરીને રક્ષણ આપવા આગળ આવવાની વાત તો છોડો પણ તેના બચાવ માટે બોલવાની કોઈની હિંમત નથી. આ ક્યા પ્રકારનું હિંદુત્વ છે, ભાઈ ? કહેવાતા હિંદુવાદી આગેવાનોની માનસિક નપુસંકતાની આ પરાકાષ્ઠા છે.

કિંજલની કનડગત સામે રબારી સમાજની ચૂપકીદી પણ કઠે છે. આ દેશનું બંધારણ કિંજલને પોતાની પસંદગીનો જીવનસાથી પસંદ કરવાનો અધિકાર આપે છે. આ અધિકારનો ઉપયોગ કરીને દીકરીએ લગ્ન કર્યાં તેમાં મુઠ્ઠીભર લોકોને પેટમાં દુઃખ્યું તેમાં તો બિચારી છોકરી ભાગતી થઈ ગઈ છે. જે લોકો વાંધો લઈ રહ્યા છે એ દેશના બંધારણનો અનાદર કરીને દેશદ્રોહ કરી રહ્યા છે પણ આ દેશમાં પરંપરાના નામે તમે દેશદ્રોહ કરો કે દેશ સાથે ગદ્દારી કરો બધું ચાલે છે. જેમને વાંધો છે એ સમાજના નામે બધું કરી રહ્યા છે ને સમાજ ચૂપ છે. રબારી સમાજમાં લાખો લોકો છે ને સમાજનાં મોટા ભાગનાં લોકોને કિંજલે શું કર્યું તેની સાથે કંઈ લેવાદેવા નથી પણ તેમનામાં સમાજના આગેવાનો સામે બોલવાની હિંમત નથી. તેના કારણે આખો સમાજ સાતમી સદીમાં પછાતપણામાં સબડી રહ્યો હોવાની છાપ પડી રહી છે. આખો સમાજ બંધારણને ગણકારતો નથી એવી પણ છાપ પડી રહી છે.

કિંજલે કશું ખોટું કર્યું નથી છતાં તેણે જે સહન કરવું પડી રહ્યું છે એ જોઈને આ દેશના ભાવિ અંગે ચિંતા થાય છે. કિંજલ સાથે થઈ રહેલા વર્તન પછી આખા સમાજે વિચારવાની જરૂર છે કે, આપણી યુવા પેઢીને આપણે મુક્ત રીતે જીવવા દેવા માગીએ છીએ કે દમન ને ધમકીઓ દ્વારા આપણી કહેવાતી પરંપરાઓ ને રીતિરિવાજોના ગુલામ બનીને ગૂંગળાવી નાંખવા માગીએ છીએ? ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

ઉત્તરાયણ-સૌર વસંતઋતુ, શનિવાર, તા. ૧૪-૩-૨૦૨૬, બુધનો પૂર્વમાં ઉદય

- ભારતીય દિનાંક ૨૩, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, ફાલ્ગુન વદ-૧૦
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ફાલ્ગુન, તિથિ વદ -૧૦
- પારસી શહેનશાહી રોજ ૨જો બેહમન, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨જો બેહમન, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૧૨મો સ્પેનદાર્મદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૪મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૬મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- નક્ષત્ર ઉત્તરાષાઢા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૪૮ સુધી પછી શ્રવણ
- ચંદ્ર ધનુમાં સવારે ક. ૦૯-૩૨ સુધી, પછી મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ), મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૭, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૦૮-૦૫, રાત્રે ક. ૨૧-૫૨
- ઓટઃ બપોરે ક. ૧૪-૩૮, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૧૦ (તા. ૧૫)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, ફાલ્ગુન - કૃષ્ણ દસમી. બુધનો પૂર્વમાં ઉદય થાય છે. ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૮-૧૦, સૂર્ય મીનમાં મધ્યરાત્રે ક. ૨૫-૦૧, મું.૪૫. સમર્ઘ, મીનાર્ક - કમુહૂર્તા પ્રારંભ મધ્યરાત્રે ક. ૨૫-૦૩.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, વાસ્તુ ખાત વિશ્વદેવતાનું પૂજન વિશેષરૂપે સૂર્ય-શનિ દેવતાનું પૂજન મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, સર્વશાંતિ, શાંતિપૌષ્ટિક પૂજા, મુંડન કરાવવું નહીં, અન્નપ્રાશન.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ સ્વતંત્ર પ્રકૃતિના.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-કુંભ/મીન, મંગળ-કુંભ, વક્રી બુધ-કુંભ (બુધ પૂર્વોદય), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-મીન, (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન (શનિ અસ્ત) રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# ઉત્તરાખંડમાં ગંગા નદી જોઈએ એવી સાફ નથી થઈઃ કેગ

## નમામિ ગંગે મિશન નિષ્ફળ રહી હોવાનું અહેવાલમાં જણાવાયું

નવી દિલ્હીઃ નમામિ ગંગે મિશન ઉત્તરાખંડમાં અપેક્ષિત પરિણામો આપવામાં નિષ્ફળ રહી હોવાનું કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ(કેગ)ના અહેવાલમાં જણાવાયું છે.

દહેરાદૂનથી પ્રાપ્ત વિગતો મુજબ, કેગના અહેવાલમાં ઉત્તરાખંડમાં અમલીકરણ એજન્સીઓની ભૂમિકા પર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે, જેના કારણે કેન્દ્રનો 'નમામિ ગંગે' કાર્યક્રમ રાજ્યમાં ઈચ્છિત પરિણામો મેળવી શક્યો નથી.

ગંગા નદીને સાફ કરવા માટે એક દાયકા પહેલા શરૂ કરાયેલા આ ફ્લેગશિપ પ્રોગ્રામ હેઠળ કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૩ દરમિયાન રાજ્યમાં પ્રોજેક્ટના અસરકારક અમલ માટે ૧,૦૦૦ કરોડ રૂપિયા આપ્યા હતા. જોકે, રાજ્યના ચાલુ બજેટ સત્ર દરમિયાન રજૂ કરવામાં આવેલા અહેવાલમાં આ પ્રોજેક્ટમાં અનેક અનિયમિતતાઓ જોવા મળી હોવાનું નોંધવામાં આવ્યું છે, જેમાં સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સની ખામીયુક્ત ડિઝાઇન, ઈન્ફ્રાસ્ટ્રક્ચરની નબળી જાળવણી, ગંગામાં ભળતા નાળાઓને રોકવામાં નિષ્ફળતા અને નદીઓ તથા નાના ઝરણાઓ પાસે કચરો ફેંકવા જેવી બાબતોનો સમાવેશ થાય છે.

કેગ દ્વારા અવલોકન કરવામાં આવ્યું હતું કે ગંગા માટે ફોરેસ્ટ્રી ઇન્ટરવેન્શનના વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટમાં ૮૮૫.૯૧ કરોડ રૂપિયાની બજેટ જોગવાઈ અને ૫૪,૮૫૫.૪૩ હેક્ટરના વૃક્ષારોપણના લક્ષ્યાંકનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તેની સામે માત્ર ૧૪૪.૨૭ કરોડ રૂપિયા એટલે કે ફાળવેલા ભંડોળના માત્ર ૧૬ ટકા જ ખરેખર વપરાયા હતા, જેના પરિણામે ભૌતિક પ્રગતિ ધીમી રહી હતી અને યોજના ગંગાના કાયાકલ્પ સંબંધિત વિશિષ્ટ ઉદ્દેશ્યો હાંસલ કરવામાં નિષ્ફળ રહી હતી. ■

# સંઘની શતાબ્દીઃ શાખાઓનો વિસ્તાર કરવાનો છે લક્ષ્યાંક

ચંદીગઢઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શતાબ્દી વર્ષ નિમિત્તે શાખાઓનો વિસ્તાર કરવા અને જનસંપર્ક કાર્યક્રમોના માધ્યમથી સમાજને જોડવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. આ વિગત આરએસએસના સંયુક્ત મહાસચિવ સી. આર. મુકુંદે શુક્રવારે આપી હતી.

તેમણે પાણીપતના સમાલખામાં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું કે કેરળમાં જનસંપર્ક પહેલ હેઠળ ૫૫,૦૦૦થી વધુ મુસ્લિમ અને ૫૪,૦૦૦થી વધુ ખ્રિસ્તી પરિવારો સુધી પહોંચવામાં સફળતા મળી છે. સંઘના વડા મોહન ભાગવત અને મહાસચિવ દતાત્રેય હોસબાલેએ સમાલખામાં આરએસએસની ટોચની નિર્ણય લેતી સંસ્થા-અખિલ ભારતીય પ્રતિનિધિ સભા(એબીપીએસ)-ની ત્રણ દિવસીય બેઠકનું ઉદઘાટન કર્યું હતું.

આ વર્ષ સંગઠનનું શતાબ્દી વર્ષ હોવાથી બેઠકમાં ઉજવણીના ભાગ રૂપે આયોજિત થનારા મુખ્ય કાર્યક્રમો અને અભિયાનો પર વિગતવાર ચર્ચા કરવામાં આવશે. જેમાં ગૃહ-સંપર્ક(જનસંપર્ક કાર્યક્રમ), હિન્દુ સમ્મેલન, યુવા સમ્મેલન, અગ્રણી નાગરિકોની બેઠકો અને સામાજિક સંવાદિતા બેઠકોનો સમાવેશ થાય છે.

મુકુંદે જણાવ્યું કે સંઘ 'ગૃહ-સંપર્ક' હેઠળ ૧૦ કરોડથી વધુ પરિવારો સુધી પહોંચ્યું છે. ત્રણ લાખથી વધુ ગામડાઓને આવરી લેવામાં આવ્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું કે અમે જ્યાં પણ ગયા ત્યાં અમારું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. અમારા સ્વયંસેવકો ૫૫,૦૦૦ મુસ્લિમ અને ૫૪,૦૦૦ ખ્રિસ્તી પરિવારો સુધી પહોંચી શક્યા છે. ■

# ઈરાનનો તૂર્કી પર ફરી મિસાઈલ હુમલો

ઇસ્તંબુલઃ ઈરાનથી તૂર્કી તરફ છોડવામાં આવેલી બેલિસ્ટિક મિસાઇલને નાટોની સંરક્ષણ પ્રણાલીએ તોડી પાડી હોવાનું સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું. ઈરાન યુદ્ધ શરૂ થયા પછીથી આ પ્રકારની આ ત્રીજી ઘટના હતી.

તૂર્કીના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે આ મિસાઇલને પૂર્વી ભૂમધ્ય સમુદ્રમાં તહેનાત નાટોની હવાઈ સંરક્ષણ પ્રણાલી દ્વારા તોડી પાડવામાં આવી હતી. દક્ષિણ શહેર અદાનાના રહેવાસીઓએ શુક્રવારે વહેલી સવારે જોરદાર વિસ્ફોટ અને ઇન્સિર્લિક ઍર બૅઝ પર સાયરનનો અવાજ સાંભળ્યો હોવાની જાણ કરી હતી. આ ઍર બૅઝનો અમેરિકન સેના ઉપયોગ કરે છે. આ ઘટનામાં કોઇ જાનહાનિ થયાના અહેવાલ નથી.

આ અઠવાડિયે નાટોએ દક્ષિણ-પૂર્વીય પ્રાંત માલત્યામાં એક વધારાની પેટ્રિઅટ એર ડિફેન્સ સિસ્ટમ તહેનાત કરી છે. જ્યાં કુરેસિક રડાર સ્ટેશન આવેલું છે. ■

# સાંસદ મહુઆ મોઈત્રા સામે ચાર્જશીટ નોંધાવવાની છૂટ આપતા ચુકાદા સામે સ્ટે

## કૅશ-ફૉર-ક્વૅરીકાંડમાં હાઈ કૉર્ટે ચુકાદો આપેલો, હવે સુપ્રીમે રોક્યો

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે તૃણમૂલ કૉંગ્રેસનાં સાંસદ મહુઆ મોઇત્રા સામેના 'નાણાં લઇને સવાલ પૂછવાના કેસ'માં તહોમતનામું નોંધાવવા સીબીઆઇને પરવાનગી આપતા લોકપાલને આ મુદ્દે ફેરવિચારણા કરવાનું કહેતા દિલ્હી વડી અદાલતના ૨૦૨૫ની ૧૯ ડિસેમ્બરના ચુકાદાના અમુક હિસ્સાના અમલ પર શુક્રવારે સ્ટે આપ્યો હતો.

લોકપાલે વડી અદાલતના ચુકાદાને પડકારતી કરેલી અરજીને પગલે મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીની બૅન્ચે આ પ્રકરણમાં મોઇત્રા, સીબીઆઇ અને ભાજપના સાંસદ તેમ જ ફરિયાદી નિશિકાંત દુબેને નૉટિસ પાઠવી હતી.

અગાઉ, વડી અદાલતે ચુકાદામાં જણાવ્યું હતું કે લોકપાલ અને લોકાયુક્ત ધારા, ૨૦૧૩માં તહોમતનામું નોંધાવવા અને કાયદેસર કાર્યવાહી શરૂ કરવા અલગ મંજૂરી આપવાની સત્તા નથી અપાઇ. લોકપાલને લોકપાલ ધારાની કલમ ૨૦ હેઠળ આવો અધિકાર નથી. આ કેસમાં મોઇત્રા સામે તહોમતનામું નોંધાવવા લોકપાલે સીબીઆઇને આપેલી પરવાનગીને અમે રદ કરીએ છીએ.

વડી અદાલતે લોકપાલ ધારાના કરેલા અર્થઘટનને પડકારતી અરજી લોકપાલે સર્વોચ્ચ અદાલતમાં કરી હતી. મહુઆ મોઇત્રાએ દર્શન હીરાનંદાની નામના એક વેપારી પાસેથી રોકડ રકમ અને ભેટ લઇને સંસદમાં સવાલ પુછ્યા હોવાનો આરોપ છે. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### ક્રૂડની આગમાં

અર્થતંત્રને ફટકો પડી રહ્યો છે. ઇરાને નવા પ્રકારની મિસાઇલોનો ઉપયોગ શરૂ કર્યો હોવાના અને હોર્મુઝ ખાડીમાંથી પસાર થતા વધુ ઓઇલ ટેન્કર સહિતનાં જહાજો ઊડાવ્યા હોવાના અહેવાલો સાથે ઇઝરાયલે પણ સામે વધુ આક્રમક અને વિનાશકારી હુમલાઓ કર્યા હોવાના અહેવાલ વચ્ચે ક્રૂડ ઓઇલના ભાવમાં સતત વધારો જોવા મળ્યો છે. ■

### ઈરાન હવે શરણ

સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે હોર્મુઝ સામુદ્રધુની બંધ જ રહેશે. અગાઉ, ટ્રમ્પે બુધવારે 'જી-૭'ના સભ્ય દેશોના નેતાઓ સમક્ષ દાવો કર્યો હતો કે ઇરાન શરણે થવાની તૈયારીમાં જ છે. ઇરાનમાં કોઇ મોટો નેતા હવે બચ્યો નથી. ઇરાનની શક્તિ ઓછી આંકવાની ટ્રમ્પની મોટી ભૂલ સાબિત થઇ છે. ■

### અખાતના યુદ્ધમાં

મસ્કતથી અંદાજે ૨૦૦ કિલોમીટર દૂર આવેલા સોહાર શહેરના અલ અવાહી ઔદ્યોગિક વિસ્તાર પર કરાયેલા ડ્રોન હુમલામાં ઓછામાં ઓછા દસ ભારતીય ઘાયલ થયા હતા. સંયુક્ત આરબ અમીરાત (યુએઇ) સહિતના પશ્ચિમ એશિયાના અનેક શહેર પર મિસાઇલ અને ડ્રોનથી કરાયેલા હુમલામાં અન્ય ત્રણ ડઝનથી વધારે ભારતીય ઘાયલ થયા હતા.

ઇરાને અખાતના અનેક દેશના ખનિજ તેલનાં મથકો અને આંતરિક માળખાને લક્ષ્ય બનાવીને ઘણાં હુમલા કર્યા હતા.

સઉદી અરેબિયાએ ઇરાનના અંદાજે પચાસ ડ્રોનને તોડી પાડ્યાં હોવાનો દાવો કર્યો હતો.

ઇઝરાયલે છેલ્લા ૨૪ કલાકમાં ઇરાનમાંના મિસાઇલ લૉન્ચર્સ, ડિફેન્સ સિસ્ટમ્સ અને શસ્ત્રોનું ઉત્પાદન કરતા કારખાના પર હુમલા કર્યા હતા.

અમેરિકાએ દાવો કર્યો હતો કે આ યુદ્ધ શરૂ થયું ત્યારથી અત્યાર સુધીમાં ઇરાનમાંના ૧૫,૦૦૦ લક્ષ્ય પર હુમલા કરાયા હતા એટલે કે ૨૮ ફેબ્રુઆરીથી દરરોજ ઇરાનમાંના સરેરાશ ૧,૦૦૦થી વધુ લક્ષ્ય પર હુમલા થયા હતા.

લેબેનોન પરના હુમલામાં અત્યાર સુધીમાં ૬૦૦થી વધારે લોકો માર્યા ગયા હતા અને આશરે આઠ લાખથી વધુ લોકોને સલામત સ્થળે હિજરત કરવાની ફરજ પડી હતી.

લડાઇમાં અન્ય ઓછામાં ઓછા ૧૧ અમેરિકી સૈનિકે જાન ગુમાવ્યા હતા.

અમેરિકી લશ્કરનું રિફ્યુઅલિંગ પ્લૅન (ફરી ઈંધણ ભરવા માટેનું વિમાન) ઇરાકમાં તૂટી પડ્યું હતું અને તેમાંના છ જણમાંથી ચારના મૃતદેહ મળ્યા હતા અને બાકીના બે જણની શોધખોળ ચાલી રહી છે. (એજન્સી) ■

### એલપીજી

તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરી છે, જ્યારે બીજી તરફ સત્તાધારી પક્ષના નેતાઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સમર્થન કર્યું છે અને વિરોધ પક્ષો પર આ મુદ્દે જનતાને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો છે.

આ પ્રતિક્રિયાઓ વડાપ્રધાન મોદીએ એલપીજીની સ્થિતિ અંગે ગભરાટ પેદા કરનારા લોકો પર પ્રહાર કર્યાના એક દિવસ પછી આવી છે. મોદીએ રાજ્ય સરકારોને સિલિન્ડરના કાળાબજાર અને સંગ્રહખોરી રોકવા માટે દેખરેખ વધારવા પણ જણાવ્યું હતું.

બીજી તરફ કેન્દ્ર સરકાર સતત કહી રહી છે કે દેશમાં એલપીજીની કોઈ અછત નથી. સરકારે શુક્રવારે કહ્યું હતું કે ઘરોમાં સતત એલપીજી પુરવઠો કોઈ પણ અડચણ વિના સુનિશ્ચિત કરવામાં આવ્યો છે અને ગભરાઈને સિલિન્ડરના બુકિંગ ન કરવાની સલાહ આપવામાં આવી છે.

મીડિયાને જાણકારી આપતા પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ મીડિયાને માહિતી આપતા કહ્યું હતું કે ૫ માર્ચથી અત્યાર સુધીમાં એલપીજીનું સ્થાનિક ઉત્પાદન ૩૦ ટકા વધ્યું છે.ગભરાઈને કોઈ બુકિંગ કરવાની કોઈ જરૂર નથી અને કોઈપણ એલપીજી ડીલર પાસે સ્ટોક સમાપ્ત થયો નથી તેમણે કહ્યું હતું કે યુદ્ધ પહેલાના સમયગાળામાં સરેરાશ ૫૫.૭ લાખની સરખામણીમાં એલપીજી બુકિંગ વધીને ૭૫.૭ લાખ થઈ ગયું છે, જે 'પેનિક બુકિંગ દર્શાવે છે'.

અધિકારીઓએ ખાતરી આપી હતી કે ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા બુક કરાયેલા એલપીજી સિલિન્ડરની ડિલિવરી રાબેતા મુજબ કરવામાં આવશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ગભરાટમાં આવીને બુકિંગ કરવાથી કે વિતરણ કેન્દ્રો પર ભીડ કરવાથી પરિસ્થિતિ ઉકેલવામાં મદદ મળશે નહીં, અને લોકોને શાંત રહી સામાન્ય બુકિંગ પ્રક્રિયા અનુસરવા અપીલ કરી હતી. ■

### દુર્લભ ખનિજો

ભવિષ્યના વૈશ્વિક અર્થતંત્ર માટે સંસાધનો સુરક્ષિત કરવા વિશે છે.

તેમણે કહ્યું હતું કે મને એ કહેતા આનંદ થાય છે કે અમે અદ્યતન ઉત્પાદન, ઊર્જા પ્રણાલીઓ અને ઊભરતી ટેક્નોલોજીઓ માટે જરૂરી પુરવઠા સપ્લાયને સુરક્ષિત કરવામાં મદદ કરવા માટે મહત્ત્વપૂર્ણ ખનિજ પર કરારને અંતિમ સ્વરૂપ આપવાની ખૂબ નજીક પહોંચી રહ્યા છીએ અને આગામી થોડા મહિનામાં અમે એક મોટી જાહેરાત કરીએ તેવી અપેક્ષા રાખીએ છીએ. ■

### મહિલા કર્મચારીઓને

બધા સંબંધિત પક્ષની સાથે સલાહમસલત કર્યા બાદ 'માસિકસ્રાવ વખતની રજા'ને લગતી પોતાની નીતિ ઘડી શકે છે.

દેશના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીની બૅન્ચે જણાવ્યું હતું કે જાહેર હિતની આવી અરજીઓથી મહિલાઓ પોતાને ગૌણ માનવા લાગશે અને માસિકસ્રાવ પોતાના શરીરમાં કંઇ ખરાબ થતું હોવાનું ધારવા લાગશે. આ અરજીઓનો હેતુ સારો છે, પરંતુ તમારે મહિલા કર્મચારીઓને માસિકસ્રાવની રજા વખતે પગાર ચૂકવતી સંસ્થા કે કંપનીઓનું પણ વિચારવું જોઇએ. શૈલેન્દ્ર મણિ ત્રિપાઠીએ જાહેર હિતની અરજી કરી હતી.

મુખ્ય ન્યાયાધીશે જણાવ્યું હતું કે મહિલાઓને માસિકસ્રાવ વખતે ચાલુ પગારે રજા આપવાનો કાયદો ઘડાય, તો તેનું સામાજિક ખરાબ પરિણામ પણ આવી શકે છે. અરજદારના વકીલ એમ. આર. શમશાદે જણાવ્યું હતું કે અમુક રાજ્ય અને સંસ્થાઓએ મહિલાઓને માસિકસ્રાવ વખતે રજા આપવા પગલાં લીધાં છે. તેમણે કેરળના દાખલો આપતા જણાવ્યું હતું કે કેરળની શાળાઓમાં વિદ્યાર્થિનીઓ માટે માસિકસ્રાવ વખતે રાહત આપતા નિયમ ઘડાયા છે. અનેક ખાનગી કંપનીએ પણ પોતાની મહિલા કર્મચારીઓ માટે પણ આવા ખાસ નિયમ સ્વેચ્છાએ ઘડ્યા છે. (એજન્સી) ■

### 'વ્યંડળ'ની

(ઑથૉરિટી) ગણવામાં આવ્યું છે. ખરડામાં જણાવાયું હતું કે વ્યંડળોની સુરક્ષા માટેના હાલના કાયદાના અમલ વખતે ભૂતકાળમાં અમુક શંકા અને મુશ્કેલી ઊભી થઇ હતી તેમ જ ભવિષ્યમાં ઊભી થઇ શકે છે અને તેથી સંબંધિત કાયદામાં આ સુધારા કે ફેરફાર જરૂરી છે. પુખ્ત વયની વ્યક્તિ કે બાળકનું અપહરણ કરીને તેઓને વ્યંડળ બનાવવા તેઓના ખસીકરણ કે લિંગોચ્છેદન અથવા હૉર્મન થેરપી કે તેના જેવી કોઇ અન્ય પદ્ધતિથી શરીરમાંના કેમિકલમાં ફેરફાર કરવા જેવા ગુના માટેના દંડની ભારતીય ન્યાયસંહિતા, ૨૦૨૩ અને જુવેનાઇલ જસ્ટિસ (કૅર ઍન્ડ પ્રૉટૅક્શન ઑફ ચિલ્ડ્રન) ઍક્ટ, ૨૦૧૫માં વિવિધ જોગવાઇ છે, પરંતુ આવા બધા ગુના માટેની એકત્ર જોગવાઇ નહિ હોવાથી કાયદામાં સુધારા કરવા સંબંધિત ખરડો રજૂ કરાયો હતો. ખરડામાં વ્યંડળ વ્યક્તિને પોતાના સત્તાવાર દસ્તાવેજોમાં જરૂરી ફેરફાર કરવાની સત્તા આપતી જોગવાઇ પણ છે. 'વ્યંડળ' હોવાનું પ્રમાણપત્ર ધરાવતી વ્યક્તિ પોતાના જન્મના પ્રમાણપત્ર અને પોતાની ઓળખના અન્ય બધા દસ્તાવેજોમાં પહેલું નામ બદલી શકશે. (એજન્સી) ■

### મોબાઈલ ડેટા

આ વિષય પર અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. આ મુદ્દે સવાલ એ પણ થાય છે કે, શું ઈન્ટરનેટ ડેટા પર ટેક્સ શક્ય છે ખરા? તાજેતરમાં ટેલિકોમ સેક્ટરની એક રીવ્યૂ બેઠકમાં આ મુદ્દા પર વિસ્તારથી ચર્ચા કરવામાં આવી હતી. આ પછી મંત્રાલયે કહ્યું હતું કે, યોગ્ય મુદ્દાની તપાસ કરવામાં આવશે. જો ઈન્ટરનેટ ડેટા પર ટેક્સ લગાવવામાં આવે તો એનું મોડલ શું હશે એ અંગે સ્પષ્ટતા કરાશે. સરકાર જે વિકલ્પ પર વિચારણા કરી રહી છે એમાં એક રૂપિયો પ્રતિ જીબી ડેટા પર ટેક્સ લાગુ થઈ શકે છે. ■

### શું હવે દેશ પણ

ઇલેક્ટ્રિક વાયરિંગ સહિત અન્ય બાબતોને જાળવી રાખીને જાહેર સલામતી સુનિશ્ચિત કરવા માટે વ્યાપક નિર્દેશોની માગ કરાઈ હતી. બેન્ચે કહ્યું કે આ અરજી એક શોપિંગ મોલ જેવી છે જેમાં તમામ પ્રકારની રાહતો માગવામાં આવી છે. ઉઠાવાયેલા મુદ્દાઓ ચોક્કસ ન હોય ત્યાં સુધી એવા નિર્દેશો જાહેર કરવા લગભગ અશક્ય છે જે સંપૂર્ણપણે અનિયંત્રિત હોય.અમે આ અરજી પર વિચાર કરવાનો ઇનકાર કરીએ છીએ અને અરજદારને યોગ્ય રીતે મુસદ્દો તૈયાર કરેલી અરજી દ્વારા અધિકારક્ષેત્રની હાઈકોર્ટનો સંપર્ક કરવાની સલાહ આપીએ છીએ.

કોર્ટે કહ્યું કે તે આ મામલાના ગુણદોષ પર ટિપ્પણી કરી રહી નથી. ચીફ જસ્ટિસે અરજદારના વકીલને કહ્યું કે તમે વ્યાપક નિર્દેશો માગી રહ્યા છો. અરજીમાં માગવામાં આવેલા નિર્દેશોના નાણાકીય પરિણામો હશે અને ઉચ્ચ અદાલતો સંબંધિત રાજ્યોના નાણાકીય બાબતોને સમજવા માટે શ્રેષ્ઠ છે. તમે ઇચ્છો છો કે અમે આખો દેશ ચલાવીએ?

ખંડપીઠે કહ્યું કે તમારી અરજી શોરૂમ કે શોપિંગ મોલ જેવી છે. ખાડા, રસ્તાઓનું સમારકામ, પુલ જેવા અધૂરા બાંધકામો પૂર્ણ કરવાથી લઈને બધું જ છે. તમે જમીન પર કોઈ પણ પ્રકારની રાહતનું નામ લઈ લો આમાં બધું જ છે. અરજીમાં અધિકારીઓને ઉચ્ચ સ્તરીય સ્વતંત્ર સલામતી ઓડિટ સમિતિની રચના કરવાનો નિર્દેશ પણ માંગવામાં આવ્યા હતા જેમાં સિવિલ એન્જિનિયરો, ઇન્ફ્રાસ્ટ્રક્ચર નિષ્ણાતો, ફોરેન્સિક તપાસકર્તાઓ અને નાગરિક સમાજ અને માનવ અધિકાર સંગઠનોના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે. ■

### મુખ્ય ચૂંટણી

કર્યાં નથી. સુપ્રીમ કોર્ટના કોઈ ન્યાયાધીશને હટાવવા માટે અપનાવવામાં આવે છે એના માફક મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી)ને હોદ્દા પર હટાવવાની પ્રક્રિયા અપનાવાય છે. બંધારણના અનુચ્છેદ ૩૨૪(૫) અન્વયે સીઈસીને ફક્ત એ જ રીતે પદ પરથી દૂર કરવામાં આવે છે, જે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ માટે લાગુ પડે છે. એના માટે લોકસભાના ઓછામાં ઓછા ૧૦૦ સભ્ય અથવા રાજ્યસભાના પચાસ સભ્યોના હસ્તાક્ષર સાથે પ્રસ્તાવ લાવવાનું જરુરી હોય છે. સીઈસી અથવા અન્ય કોઈ ચૂંટણી કમિશનરને હટાવવાની પ્રક્રિયા બંધારણના અનુચ્છેદ ૩૨૪માં જણાવ્યું છે. જેમાં સ્પષ્ટ જણાવ્યું છે કે આ પદ પર ફક્ત એ જ રીતે અને એના આધારે હટાવી શકાય છે. ■

### ટ્રમ્પના ટૅરિફનો

દરેક દેશ પર બે દસથી લઘુ ટકાના ટૅરિફ લાદવા માટે ૧૯૭૭ના આંતરરાષ્ટ્રીય કટોકટી આર્થિક શક્તિ કાયદાનો ઉપયોગ કર્યો હતો. પરંતુ અમેરિકાની સુપ્રીમ કોર્ટે ૨૦ ફેબ્રુઆરીના રોજ ચુકાદો આપ્યો હતો કે કાયદાએ રાષ્ટ્રપતિને ટૅરિફ લાદવાનો અધિકાર આપ્યો નથી. સરકારે હવે ગેરકાયદેસર જાહેર કરાયેલા આઈઈઈપીએ ટૅરિફ ચૂકવનારા આયાતકારોને રિફંડ તરીકે લગભગ ૧૭૫ અબજ ડોલર ચૂકવવા પડશે. વહીવટીતંત્રે નવા ટૅરિફ લાદવા માટે ઝડપથી કાર્યવાહી કરી છે અને ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેંટે કહ્યું છે કે નવા ટૅરિફ ૨૦૨૬ માં વર્ચ્યુઅલ રીતે ટૅરિફ આવકમાં પરિણમશે. ટ્રમ્પે પહેલાથી જ ૧૦ ટકા ટૅરિફની જાહેરાત કરી છે જેમાં તેમણે ૧૯૭૪ના વેપાર કાયદાની કલમ ૧૨૨નો ઉપયોગ કર્યો છે. બાદમાં તેને વધારીને ૧૫ ટકા કરાયો હતો. ■

# -ત્યાં સુધી બેકરીવાળાને લાકડાં-કોલસા વાપરવાની પરવાનગી આપવાની માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દેશમાં એલપીજી સિલિન્ડરના અનિયિમિત પુરવઠાને કારણે મુંબઈમાં પાંઉ અને બ્રેડની અછત નિર્માણ થવાની શક્યતાને ધ્યાનમાં રાખીને બેકરીને માટે લાગનારા ઈંધણ પુરવઠાને અત્યાવશ્યક વસ્તુ જાહેર કરીને લાકડા, કોલસા અને ડિઝલ પર ચાલનારા ઓવનનો તાત્પૂરતો ઉપયોગ કરવાની મંજૂરી આપવાની માગણી ભાજપના નગરસેવકે મુખ્ય પ્રધાન સહિત પાલિકા કમિશનરને પત્ર દ્વારા કરી છે.

ઈરાક-ઈઝરાયેલ વચ્ચેના યુદ્ધને કારણે દેશભરમાં કમર્શિયલ એલપીજી સિલિન્ડર અછત સર્જાઈ છે, જેની અસર હોટલોને થઈ છે પણ સાથે જ મુંબઈમાં પાંઉ અને બ્રેડનું ઉત્પાદન કરનારી બેકરીઓને પણ થઈ છે. તેની નોંધ લઈને ભાજપના નગરસેવક મકરંદ નાર્વેકરે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીને પત્ર લખીને પાંઉ અને બ્રેડના ઉત્પાદનમાં અડચણ આવે નહીં તે માટે હસ્તક્ષેપ કરવાની વિનંતી કરી છે.

મુંબઈમાં લગભગ ૮૦૦ બેકરીઓમાંથી લગભગ ૩૫૦ મોટી બેકરીઓ હાલ ગૅસ પર ચાલનારા ઓવન પર અવલંબિત છે અને તેમના દ્વારા શહેરની લગભગ ૭૦ ટકા પાવ અને બ્રેડનો પુરવઠો થાય છે. પાલિકાના નિર્દેશ અનુસાર ગૅસ પર ચાલનારા ઓવનને કારણે અનેક બેકરીઓના ઉત્પાદનને ફટકો પડયો છે. ગૅસ આધારિત સિસ્ટમનો સ્વીકાર કર્યા બાદ અનેક બેકરીઓએ પોતાની પારંપારિક લાકડાનો ઉપયોગ કરનારા ઓવનને નષ્ટ કરી નાખ્યા છે હોવાનું મકરંદ નાર્વેકરે પોતાના પત્રમાં લખ્યું છે.

મકરંદ નાર્વેકરે પત્રમાં લખ્યું છે કે સરકારને બેકરી માટે લાગનારા ઈંધણપુરવઠાને અત્યઆવશ્યક વસ્તુ જાહેર કરવાની તેમ જ બેકરીઓને લાકડા, કોલસા અને ડિઝલ પર ચાલનારા ઓવનનો તાત્પૂરતો ઉપયોગ કરવાની મંજૂરી આપવી જોઈએ, જેથી શહેરમાં પાંઉની અછત સર્જાય નહીં.■

## સીએનજી માટે પણ વાહનોની લાંબી કતાર

મુંબઈ: મુંબઈમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની અછતને કારણે શહેરની ૮૦ ટકા હોટલો બંધ થવાના આરે છે. મુંબઈમાં સૌથી મોટી એચપીસીએલ કંપનીની બહાર સેંકડો ટ્રકો સિલિન્ડર માટે લાઇનમાં ઊભા જોવા મળી હતી. કાંદિવલી, પોઈસર અને મુંબઈના અન્ય ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં જ્યાં ગેસ પાઇપલાઇન નથી, નાગરિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. લોકો સવારે પાંચ વાગ્યાથી ગેસ સિલિન્ડર લઈને કતારોમાં ઊભા રહ્યા હતા. દરમિયાન માત્ર એલપીજી જ નહીં, સીએનજી સપ્લાય પર પણ અસર પડી છે. મુંબઈ-અમદાવાદ હાઇવે પર વસઈમાં સીએનજી પંપ પર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. ■

### એલપીજીની અછત

## કોઇપણ સમયે મોબાઇલ નેટવર્ક-નેટ બંધ થઇ શકે

મુંબઈ: દેશભરમાં ગેસ અને એલપીજી સિલિન્ડરની અછત છે. જનતા ફરી એકવાર લાઈનોમાં ઉભી દેખાઇ રહી છે. જનતા નોટબંધી જેવો જ અનુભવ કરી રહી છે. કાળઝાળ ગરમીમાં, ભૂખ અને તરસ ભૂલીને નાના-મોટા સૌ એક સિલિન્ડર માટે લાઈનોમાં ઉભા છે, પરંતુ આ મુદ્દો ફક્ત રસોઈગેસ પૂરતો મર્યાદિત નથી. એલપીજી સપ્લાય બંધ થવાને કારણે બીજું એક મોટું સંકટ ઊભું થયું છે. એવો ભય છે કે તમારા ખિસ્સામાં રહેલા મોબાઇલનું નેટવર્ક ગાયબ થઈ શકે છે. ડેટા અને કોલિંગ બંધ થવાની શક્યતા છે. ફોન પર સિગ્નલ ગાયબ થવાની શક્યતા છે. શું મોબાઇલ ટાવર બંધ થઈ જશે? તમે વિચારી રહ્યા હશો કે મોબાઇલ ટાવરનો એલપીજી સાથે શું સંબંધ છે? ટાવર બનાવતી કંપની ગેલ્વેનાઇઝેશનને પ્રક્રિયા પૂર્ણ કરવા માટે મોટી માત્રામાં એલપીજી અથવા એલએનજીનો ઉપયોગ કરવો પડે છે. આ પ્રક્રિયા ટાવરને કાટથી મુક્ત રાખવામાં ઉપયોગી છે. તે ટાવરનું આયુષ્ય પણ વધારે છે. કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રાલયે એક આદેશ જારી કર્યો છે. જે મુજબ હાલમાં સરકારી કંપનીઓ ફક્ત ઘરેલું ગ્રાહકોને પ્રાથમિકતાના આધારે એલપીજી સપ્લાય કરી રહી છે. તેથી ૫ માર્ચ, ૨૦૨૬ થી, ટાવર બનાવતી કંપનીઓએ ગેસ સપ્લાય બંધ કરી દીધો છે. ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોવાઇડર એસોસિએશન જેમાં ઇન્ડસ ટાવર્સ અને વોડાફોન-આઇડિયા જેવી મોટી કંપનીઓનો સમાવેશ થાય છે, તેમણે સરકારને ચેતવણી આપી છે કે જો ગેસ ઉપલબ્ધ ન થાય તો ટાવર બનાવતા પ્રોજેક્ટ્સ બંધ કરવા પડી શકે છે. જો આ પ્રોજેક્ટ્સ બંધ થઈ જશે, તો તેને ફરીથી શરૂ કરવા મુશ્કેલ બનશે અને હાલના મોબાઇલ ટાવર્સ પરનો ભાર વધશે અને જાળવણીના અભાવે સેવા જાળવી શકાશે નહીં. નેટવર્ક જામનું પ્રમાણ વધશે. કોલ્સ ઠપ થઈ જશે અને ઇન્ટરનેટની ગતિ ધીમી પડી જશે. ફક્ત કોલિંગ જ નહીં પરંતુ ફાઇવ-જી સેવાઓ પણ પ્રભાવિત થશે. આ નવા સંકટથી બેંકિંગ સેવાઓ, બેંકિંગ વ્યવહારો, ઓનલાઈન શિક્ષણ, ઓનલાઈન ચુકવણીઓ અને સુરક્ષા સંબંધિત તમામ સિસ્ટમો પ્રભાવિત થશે. જ્યારે વીજ પુરવઠો બંધ થઈ જાય છે, ત્યારે ટાવર ચલાવવા માટે ડીઝલ જનરેટરનો ઉપયોગ કરવો પડે છે. ■

## સિલિન્ડરની કાળાબજારી, ભાવ ₹ ૧,૮૦૦

મુંબઈ: કાંદિવલીના લોખંડવાલા ટાઉનશીપમાં રહેતી એક વ્યક્તિએ કહ્યું કે, મારા પૌત્ર-પૌત્રીઓ ભૂખ્યા રહી શકતા નથી. મોટા લોકો વડાપાંવ ખાઈને જીવી શકે છે, પરંતુ વડાપાંવ નાના બાળકોનું પેટ ભરતું નથી.

મલાડના માલવણીમાં એક ઝૂંપડપટ્ટીમાં રહેતા ૪૪ વર્ષીય હુમાલે યાદવરે લગભગ એક મહિના પહેલા સિલિન્ડર બુક કરાવ્યો હતો. ગુરુવારે યાદવે ઓફિસની બહાર લગભગ એક કલાક રાહ જોઈ અને પછી સિલિન્ડર મેળવ્યો હતો. આટલી બધી અગાઉથી બુકિંગ કર્યા પછી જો આ પરિસ્થિતિ હોય, તો કલ્પના કરો કે પરિસ્થિતિ કેટલી ખરાબ હશે, તેમણે ઉમેર્યુ હતું.

દરમિયાન, કાળા બજારમાં એલપીજી ગેસ સિલિન્ડરના ભાવ બમણા થઈ ગયા છે. એક સિલિન્ડર ૧,૮૦૦ રૂપિયામાં ખરીદવામાં આવી રહ્યો છે. લોકોને સિલિન્ડર બુક કરવામાં પણ મુશ્કેલી પડી રહી છે. ક્યારેક સિલિન્ડર ડિલિવર થયેલો બતાવવામાં આવે છે, પરંતુ સિલિન્ડર મળતો નથી, એક નાગરિકે જણાવ્યું હતું. ■




**માથાકૂટ:** મુંબઈમાં ગૅસના સિલિન્ડરોની સમસ્યા યથાવત્ છે ત્યારે શુક્રવારે કાંદિવલી ખાતે સિલિન્ડરો મેળવવા લોકોની લાંબી લાઈન લાગી હતી જ્યારે શહેરના અન્ય વિસ્તારોમાં પણ આવી જ સ્થિતિ જોવા મળી હતી. (અમય ખરાડે)

## એલપીજીની સ્થિતિ પર નજર રાખવા માટે કંટ્રોલ રૂમ, જિલ્લા પેનલ

મુંબઈ: પશ્ચિમ એશિયાના સંકટ વચ્ચે એલપીજી સિલિન્ડરનો અવિરત પુરવઠો જળવાય એ માટે કંટ્રોલ રૂમ અને જિલ્લા સ્તરની સમિતિઓની રચના કરવામાં આવી હોવાની જાણકારી મહારાષ્ટ્ર સરકારે આપી છે. ગુરુવારે જારી કરવામાં આવેલા એક સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા વિભાગના અધિક મુખ્ય સચિવ અનિલ દિગ્ગીકરે અધિકારીઓને સરળ પુરવઠો જાળવવા અને રાજ્યભરમાં એલપીજી વિતરણની નજીકથી દેખરેખ રાખવા માટે જરૂરી પગલાં લેવા નિર્દેશ આપ્યો છે.

મહારાષ્ટ્રમાં ઘરેલું એલપીજીની કોઈ અછત નથી અને નાગરિકોએ ગભરાવાની જરૂર નથી એમ જણાવી વિભાગે દાવો કર્યો છે કે માર્ચમાં ઘરેલું સિલિન્ડરની ઉપલબ્ધતા છેલ્લા છ મહિના દરમિયાન નોંધાયેલા પુરવઠા કરતા વધારે છે.

પુરવઠામાં વિક્ષેપ ટાળવા અને કોઈ અછતના કિસ્સામાં સંકલન જાળવવા જિલ્લા કલેક્ટરોની આગેવાની હેઠળ જિલ્લા સ્તરીય સમિતિઓની રચના કરવામાં આવશે. આ પેનલમાં પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ, જિલ્લા પુરવઠા અધિકારી અને સરકારી તેલ કંપનીઓના અધિકારીઓનો સમાવેશ થશે. તેમની જવાબદારીઓમાં એલપીજી સપ્લાય ચેઇન પર નજર રાખવી, કાયદો અને વ્યવસ્થા જાળવવી અને પરિસ્થિતિ પર દૈનિક અહેવાલો રજૂ કરવાનો સમાવેશ થશે.


મુંબઈ-થાણે રેશનિંગ વિસ્તારમાં, રેશનિંગ કંટ્રોલર હેઠળ એક અલગ સમિતિ કાર્યરત થશે, જેમાં ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ અને ડેપ્યુટી કંટ્રોલર (રેશનિંગ) સહિતના સભ્યો હશે. સરકારે કહ્યું કે હોસ્પિટલો, સરકારી છાત્રાલયો, સરકારી શાળા અને કોલેજ મેસ સુવિધાઓ, મધ્યાહ્ન ભોજન યોજના અને આશ્રમ શાળાઓ જેવી આવશ્યક સેવાઓને એલપીજી સિલિન્ડરને પ્રાથમિકતા આપવામાં આવશે. અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું કે રાજ્યની સરેરાશ દૈનિક એલપીજી માગ લગભગ ૯ હજાર મેટ્રિક ટન છે, જ્યારે માગને પહોંચી વળવા માટે છેલ્લા બે દિવસમાં રિફાઇનરીઓમાં ઉત્પાદન વધારી લગભગ ૧૧ હજાર મેટ્રિક ટન પ્રતિ દિવસ કરવામાં આવ્યું છે. (પીટીઆઈ)■

## ડોંબિવલી એમઆઇડીસીના હજારો કામદારોની નોકરી પર લટકતી તલવાર

મુંબઈ: ડોંબિવલી એમઆઇડીસીના ઉદ્યોગોને પણ ગેસ પુરવઠાની અછતની અસર થઈ રહી છે. ડોંબિવલી એમઆઇડીસીમાં ઘણી કંપનીઓ પાસે હાલમાં ફક્ત એક થી બે દિવસનો ગેસ ભંડાર બાકી છે. જો ગેસની અછત આમ જ ચાલુ રહેશે, તો ઉત્પાદન બંધ થઈ જવાની ભીતિ ઉદ્યોગસાહસિકો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ડોંબિવલી એમઆઇડીસીમાં કેમિકલની આશરે ૧૨૫ કંપનીઓ અને ટેક્સટાઈલની આશરે ૧૧૦ કંપનીઓ આવેલી છે. હાલમાં તેમાંથી ફક્ત ૬૫ જ કાર્યરત છે. અગાઉ રાસાયણિક ઉદ્યોગો એલજીઓ અથવા ફર્નેસ ઓઇલ જેવા ઇંધણનો ઉપયોગ કરતા હતા. જોકે, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના નવા નિયમો મુજબ ઘણી કંપનીઓએ આધુનિક ટેકનોલોજી ઇન્સ્ટોલ કરીને તેમના બોઇલરોને પીએનજી ગેસમાં રૂપાંતરિત કર્યા છે. જોકે આના કારણે પ્રદૂષણ ઘટ્યું છે, પરંતુ હવે ઉદ્યોગો સંપૂર્ણપણે પીએનજી ગેસના પુરવઠા પર નિર્ભર છે.

હાલમાં, એમઆઇડીસીમાં લગભગ ૭૦ ટકા કંપનીઓ પીએનજી ગેસમાં રૂપાંતરિત થઈ ગઈ હોવાથી, ગેસ પુરવઠો ખોરવાઈ જાય તો આ કંપનીઓ બંધ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. જો આવું થાય, તો હજારો કામદારોને બેરોજગારીનો સામનો કરવો પડી શકે છે. આ પૃષ્ઠભૂમિ સામે ડોમ્બિવલી એમઆઇડીસીના ઉદ્યોગપતિઓ માગ કરી રહ્યા છે કે સરકાર તાત્કાલિક હસ્તક્ષેપ કરે અને સરળ ગેસ પુરવઠો સુનિશ્ચિત કરવા માટે નક્કર પગલાં લે. ■



# એક મચ્છર પકડો ₹ ૪૦૦ મેળવો

## મહારાષ્ટ્રનું આ ગામ અનોખી ઓફર માટે ફેમસ

મુંબઈઃ ભારતમાં સાપોના ગામ કે જોડિયા બાળકોના ગામ વિશે જાણીતું છે તેની વિશે સાંભળ્યું હશે, પરંતુ મહારાષ્ટ્રમાં આવેલા હિવરે બાઝાર ગામની વાત સાવ અલગ છે. આ ગામમાં તમને એક પણ મચ્છર જોવા નહીં મળે. આ જ કારણ છે કે ગ્રામજનો દાવો કરે છે કે તેઓ અહીં આવનારા પર્યટકોને એક ખુલ્લો પડકાર આપે છે, જો કોઈ વ્યક્તિ ગામમાં એક પણ મચ્છર પકડીને બતાવે, તો તેને દરેક મચ્છર દીઠ ૪૦૦ રૂપિયાનું ઈનામ આપવામાં આવશે. સ્વચ્છતા અને જળ વ્યવસ્થાપનને કારણે આ ગામ સંપૂર્ણપણે મચ્છરમુક્ત બન્યું છે.

મહારાષ્ટ્રના અહિલ્યાનગર જિલ્લાના હિવરે બાઝાર ગામ એ મચ્છરમુક્ત ગામ છે. આ ગામમાં તમને એક પણ મચ્છર નહીં જોવા મળે. ગામવાસીઓ આ ગામની મુલાકાતે આવનારા પર્યટકોને એક મચ્છર મારવા માટે ૪૦૦ રૂપિયા આપવાની ઓફર પણ કરે છે. મચ્છર મારવા પર આવી અનોખી ઓફર આપતું કદાચ મહારાષ્ટ્ર જ નહીં પણ દેશનું આ પહેલું ગામ હશે. જોકે આ સિવાય ગામની બીજી સૌથી મોટી ખાસિયત છે આ ગામની જાહોજલ્લાલી. આ ગામમાં કુલ ૩૦૫ પરિવારો રહે છે, જેમાંથી લગભગ ૮૦ ટકા પરિવારો કરોડપતિ છે. તમને જાણીને કદાચ નવાઈ લાગશે કે આ ગામમાં એક પણ પરિવાર ગરીબી રેખા નીચે નથી. ગામમાં ઈલેક્ટ્રિસિટી, પાણી અને રસ્તાઓનું વ્યવસ્થાપન એટલું સચોટ છે કે કોઈપણ ટુરિસ્ટ અહીં આવીને આ ગામના પ્રેમમાં પડી જાય તો નવાઈ નહીં. જોકે હંમેશાથી જ આ ગામની સ્થિતિ આવી જ હતી એવું વિચારી રહ્યા હોવ તો એવું નથી. ૮૦ અને ૯૦ના દાયકામાં આ ગામની સ્થિતિ અત્યંત દયનીય હતી. ભયંકર દુકાળને કારણે લોકો પાસે ખાવા માટે પૂરતું અનાજ નહોતું અને અનેક લોકો ગામ છોડીને સ્થળાંતર કરી ગયા હતા.

જોકે ત્યારબાદ ગ્રામજનોએ એક થઈને 'જોઈન્ટ ફોરેસ્ટ મેનેજમેન્ટ કમિટી'ની સ્થાપના કરી. આ સિવાય જળ સંચય, વૃક્ષારોપણ અને ખેતીમાં નવા પ્રયોગો કરીને ગ્રામજનોએ પોતાના ગામનો કાયાકલ્પ કરી નાખ્યો. આજે આ ગામ આખા મહારાષ્ટ્ર અને ભારત માટે રોલ મૉડેલ સમાન છે.

# ટ્યુશન ફી માફી યોજના હેઠળ વિદ્યાર્થિનીઓને પ્રવેશ આપવાનો ઇનકાર કરતી કોલેજો પર તવાઇ

મુંબઈ : મહારાષ્ટ્ર સરકાર ટ્યુશન ફી માફી યોજના હેઠળ મહિલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો ઇનકાર કરતી કોલેજો સામે કાર્યવાહી કરશે, એમ પ્રધાન ચંદ્રકાંત પાટીલે શુક્રવારે જણાવ્યું હતું અને ચેતવણી આપી હતી કે આવી સંસ્થાઓની માન્યતા પણ રદ થઈ શકે છે. વિધાનસભામાં પ્રશ્નકાળ દરમિયાન બોલતા, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ પ્રધાને એમ પણ કહ્યું કે અનાથ વિદ્યાર્થીઓ માટે MahaDBT (ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર) પોર્ટલ પર એક ખાસ શ્રેણી ઉમેરવામાં આવશે જેથી તેમને ઉચ્ચ શિક્ષણમાં અનામત અને સંપૂર્ણ ફી માફીનો લાભ મળે.

તેમણે કહ્યું કે ઉચ્ચ શિક્ષણમાં મહિલાઓની ટકાવારી વધારવા માટે, બે વર્ષ પહેલાં વ્યાવસાયિક અભ્યાસક્રમો કરતી છોકરીઓની ટ્યુશન ફી માફ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ યોજનાના પરિણામે કોલેજોમાં મહિલા વિદ્યાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. ૨૦૨૩-૨૪ શૈક્ષણિક વર્ષમાં મહિલા વિદ્યાર્થીઓની સંખ્યા ૮૫,૦૬૮ થી વધીને ૧૧૫,૮૦૦ થઈ છે, જે લગભગ ૪૧ ટકાનો વધારો દર્શાવે છે, એમ તેમણે કહ્યું.

તેમણે વધુમાં કહ્યું કે કેટલીક કોલેજો વિદ્યાર્થીઓને પહેલા ફી ચૂકવવાનું અને પછી સરકાર સ્કોલરશીપ ભંડોળ જારી કરે પછી તેનું રીઈમ્બર્સમેન્ટ લેવાનું કહી રહી છે. સરકારે ફી માફી યોજનાના યોગ્ય અમલીકરણની ખાતરી કરવા માટે દરેક કોલેજમાં નોડલ અધિકારીની નિમણૂક ફરજિયાત કરી છે.

# રાજ્યમાં હવે કમર્શિયલ ઇ-બાઇક અને ઇ-ઓટો માટે પરમિટ ફરજિયાત

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે પરિવહન ક્ષેત્રના નિયમોમાં એકરૂપતા જાળવવા માટે મુસાફરો લઈ જતી ઇલેક્ટ્રિક રિક્ષા અને ઈ-બાઇક માટે પરમિટ ફરજિયાત કરવાનો નિર્ણય લીધો હોવાની જાહેરાત પરિવહન પ્રધાન પરતાપ સરનાઇકે શુક્રવારે કરી હતી. પરિવહન વિભાગે રાજ્યમાં ઓટોરિક્ષા (પીળી અને કાળી નોંધણી પ્લેટો સાથે) માટે નવી પરમિટ આપવાનું બંધ કરવાની જાહેરાત કરી ત્રણ ઓપરેટરોને ઇ-બાઇકનો ઉપયોગ કરવા માટે આપવામાં આવેલી પરમિટ અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધી છે એવા સમયે આ નિર્ણય લેવામાં આવ્યો છે. સરનાઈકની ઓફિસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે અત્યાર સુધી ઇલેક્ટ્રિક રિક્ષાને પેસેન્જર ટ્રાન્સપોર્ટ માટે અલગ પરમિટ લેવાની જરૂર નહોતી. જો કે ઇલેક્ટ્રિક વાહનોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને રાજ્યએ મુસાફરોના પરિવહનમાં સમાન નિયમો રહે એ માટે ઇ-રિક્ષા અને ઇ-બાઇક માટે પરમિટ ફરજિયાત બનાવવાનો નિર્ણય કર્યો છે. ૩૦ જૂન, ૨૦૧૬ના કેન્દ્રીય સૂચના અનુસાર લેવામાં આવેલા નિર્ણય મુજબ પેસેન્જર લઈ જતી ઈ-રિક્ષા અને ઈ - બાઇકમાં પીળા અક્ષરો સાથે લીલા રંગની પૃષ્ઠભૂમિવાળી નંબર પ્લેટ દર્શાવવી જરૂરી છે.

સરનાઈકે વધુમાં જણાવ્યું હતું કે આ નિર્ણયને પગલે પેસેન્જર ટ્રાન્સપોર્ટની ઓટોરિક્ષા, ટેક્સી અને ઇલેક્ટ્રિક રિક્ષા પર સરખા નિયમો લાગુ થશે. તેનો ઉદ્દેશ સિસ્ટમમાં પારદર્શિતા લાવવાનો અને ગેરરીતિ રોકવાનો છે. તમામ પેસેન્જર ટ્રાન્સપોર્ટ વાહનો માટે પરમિટ ફરજિયાત બનાવવાથી શિસ્ત જળવાશે અને નિયમોનું પાલન કરવામાં અને મુસાફરોને સલામત અને નિયમનકારી સર્વિસ આપવામાં મદદ મળશે. (પીટીઆઈ)

# માર્ચના અંત સુધી મુંબઇમાં ૨,૫૦૦ ઘર માટે મ્હાડા કાઢશે લોટરી

મુંબઈઃ સ્વપ્નનગરી મુંબઈમાં પોતાનું ઘર હોવું એ અનેક લોકોનું સપનું હોય છે. આ સપનું જોનારા સામાન્ય લોકો માટે એક ખૂબ જ આનંદના સમાચાર છે.

મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (મ્હાડા) મુંબઈ બોર્ડ દ્વારા અંદાજે ૨૫૦૦ ઘરો માટે ખાસ લોટરીની તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. આગામી માર્ચ મહિનાના અંત સુધીમાં આ લોટરીની સત્તાવાર જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવશે, જ્યારે એપ્રિલમાં આ ઘરો માટે ડ્રો યોજાશે.

મુંબઈમાં ઘરની વધતી જતી કિંમતોને ધ્યાનમાં રાખીને મ્હાડાએ સામાન્ય માણસને પરવડે તેવા દરે ઘર ઉપલબ્ધ કરાવવાનું આયોજન કર્યું છે. આ લોટરી માટેની વહીવટી તૈયારીઓ અંતિમ તબક્કામાં છે. માર્ચ મહિનાના છેલ્લા અઠવાડિયામાં જાહેરાત પ્રસિદ્ધ થયા બાદ ઈચ્છુક ઉમેદવારોને અરજી ભરવા માટે લગભગ એક મહિનાનો સમય આપવામાં આવશે. અરજીઓની ચકાસણી કર્યા પછી એપ્રિલ મહિનાના અંતમાં ઘરો માટેની કોમ્પ્યુટરાઈઝ્ડ લોટરી જાહેર થવાની શક્યતા છે. પ્રાથમિક માહિતી અનુસાર આ વખતની લોટરીમાં મુંબઈના મહત્વના વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં મુખ્યત્વે માગાઠાણે (બોરીવલી), પ્રતીક્ષા નગર (સાયન) અને વિક્રોલી જેવા વિસ્તારોનો સમાવેશ થશે.

# મુંબઈના ઈન્ફ્રા પ્રોજેક્ટ્સઃ પાલિકાની એફડીમાંથી ૧૨ હજાર કરોડની ફાળવણી

મુંબઈઃ મહારાષ્ટ્રના ઉદ્યોગ પ્રધાન ઉદય સામંતે શુક્રવારે જણાવ્યું હતું કે મુંબઈ મહાનગરપાલિકા(બીએમસી)ની એફડી - ફિક્સ્ડ ડિપોઝિટમાંથી ૧૨ હજાર કરોડ રૂપિયા માળખાગત સુવિધાઓના વિકાસ માટે ફાળવવામાં આવ્યા છે. આ નિર્ણય શહેરમાં પ્રોજેક્ટસના પારદર્શિતા અને કાર્યક્ષમ અમલીકરણ માટે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. સામંતે વિધાનસભાની માહિતી આપી હતી કે પાલિકાની એફડી માર્ચ ૨૦૧૭માં રૂ. ૬૨ હજાર ૧૯૫ કરોડ હતી જે વધીને ૨૦૨૨ માં રૂ. ૯૧ હજાર ૬૯૦ કરોડ થઈ હતી. જોકે, ૨૦૨૬માં ઘટીને રૂ. ૮૧ હજાર ૧૩૪ કરોડ થઈ હતી. કોવિડ-૧૯ મહામારી દરમિયાન જ્યારે કોઈ વિકાસ કાર્ય હાથ ધરવામાં આવ્યું ન હતું ત્યારે એફડીની રકમ ૯૦ હજાર કરોડ રૂપિયાને વટાવી ગઈ હતી.

વિપક્ષી વિધાનસભ્યો દ્વારા ઉઠાવવામાં આવેલા મુંબઈમાં વિકાસના મુદ્દા પર ચર્ચા દરમિયાન પ્રધાને જણાવ્યું હતું કે બીએમસીની એફડી માંથી રૂ. ૧૨ હજાર કરોડ માળખાગત વિકાસ માટે ફાળવવામાં આવ્યા હતા, અને રૂ. ૫ હજાર ૫૦૦ કરોડ પેન્શન જવાબદારી પૂર્ણ કરવા માટે અલગથી અનામત રાખવામાં આવ્યા હતા, જેથી કર્મચારીઓ કે પેન્શનરોને કોઈ આર્થિક મુશ્કેલી ન પડે.

ઉદય સામંતે વધુમાં જણાવ્યું હતું કે વિકાસના પ્રથમ તબક્કા હેઠળ ૭૯.૭૪ ટકા કામ પૂર્ણ થયા છે, જ્યારે બીજા તબક્કામાં ૫૬.૫૨ ટકા પ્રોજેક્ટ પૂર્ણ થયા છે, જેમાં મુંબઈમાં ૨૭૮.૮૩ કિમીના ૧,૦૪૮ રસ્તાનો સમાવેશ થાય છે.

મંત્રીએ પારદર્શિતા જાળવવા અને ભ્રષ્ટાચારને રોકવા માટે લેવામાં આવેલા પગલાં પર પણ પ્રકાશ પાડ્યો, જેમાં મીઠી નદી પ્રોજેક્ટનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટમાં ૬૫ કરોડ રૂપિયાની ગેરરીતિ બહાર આવતા જૂના ટેન્ડરો સ્થગિત કરવામાં આવ્યા હતા અને ૧૩ અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. (પીટીઆઈ)

# સાયબર ફ્રોડ કરનારાઓને ૩૦૦ સિમ કાર્ડ પૂરાં પાડ્યાંઃ પીઓએસ એજન્ટની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગ્રાહકોનાં આધાર કાર્ડનો દુરુપયોગ કરીને સાયબર ફ્રોડ કરનારાઓને ૩૦૦ સિમ કાર્ડ્સ કથિત રીતે પૂરાં પાડનારા પીઓએસ (પૉઈન્ટ ઑફ સેલ) એજન્ટની સાયબર પોલીસે ધરપકડ કરી હતી.

નૉર્થ રિજન સાયબર પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ કમલ પુખરાજ કુલદીપ (૨૫) તરીકે થઈ હતી. આરોપીએ પૂરાં પાડેલાં અમુક સિમ કાર્ડનો ઉપયોગ દેશમાં અનેક ઑનલાઈન ફ્રોડના કેસોમાં થયો હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. એક કેસમાં તો આરોપીએ કુલદીપે આપેલા સિમ કાર્ડની મદદથી સિનિયર સિટીઝન પાસેથી 'ડિજિટલ અરેસ્ટ'ને નામે ૨૯ લાખ રૂપિયા પડાવ્યા હતા.

ગોરેગામમાં રહેતા ૬૬ વર્ષના પશ્ચિમ રેલવેના એકાઉન્ટ્સ ડિપાર્ટમેન્ટના નિવૃત્ત આસિસ્ટન્ટ ઑફિસરે આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસ યુનિફૉર્મ પહેરેલા શખસે ડિસેમ્બર, ૨૦૨૫માં ફરિયાદીને વીડિયો કૉલ કર્યો હતો. કૉલ કરનારા શખસે ફરિયાદીને કહ્યું હતું કે તેમના આધાર કાર્ડની વિગતોનો ઉપયોગ કરીને સિમ કાર્ડ ખરીદવામાં આવ્યું છે. એ સિમ કાર્ડ સંબંધી ફરિયાદ લખનઊના એટીએસમાં નોંધાઈ છે.

# સરકારી જમીન પચાવી પાડવાનું કાવતરુંઃ ભૂતપૂર્વ અધિકારી સહિત પાંચ સામે ગુનો

થાણેઃ થાણે જિલ્લામાં બોગસ દસ્તાવેજોની મદદથી રાજ્ય સરકારની માલિકીની જમીન કથિત રીતે પચાવી પાડવા બદલ પોલીસે ભૂતપૂર્વ સરકારી અધિકારી સહિત પાંચ જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ આરોપીઓએ રજિસ્ટ્રાર ઑફિસને ગેરમાર્ગે દોરી હતી.

શાહપુર તાલુકામાં આવેલી બિરવાડી ગ્રામપંચાયત હેઠળનો પ્લૉટ ટ્રાન્સફર કરવા માટે જમીનના જૂના રેકોર્ડસનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કૉર્પોરેશન (એમએસઆરડીસી)ના ડેપ્યુટી કલેક્ટર અને એડમિનિસ્ટ્રેટર (ન્યૂ ટાઉન્સ)ની ફરિયાદને આધારે આ ગુનો નોંધવામાં આવ્યો હતો.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે આરોપીઓએ જમીનની કાનૂની માલિકી ન હોવા છતાં ૨૦૧૦નો જૂનો ૭/૧૨ ઉતારા જોડીને સરકારી મિલકત પચાવી પાડવાનું કાવતરું ઘડ્યું હતું. તેમણે સરકારી માલિકીની જમીન ખાનગી વ્યક્તિને નામે અનધિકૃત રીતે ટ્રાન્સફર કરવા માટે ખોટા કાનૂની આર્ટિકલ્સની પસંદગી કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

# હત્યા કેસમાં ત્રણ આરોપીની ધરપકડઃ બીજા કેસોમાં ફરાર આરોપીના સાથી પણ પકડાયા

પાલઘરઃ નાલાસોપારામાં બિયરબાર નજીક યુવાનની હત્યા કરવાના કેસમાં ક્રાઈમ બ્રાન્ચે ત્રણ આરોપીની ધરપકડ કરી હતી. હત્યા કેસની તપાસ દરમિયાન બીજા ગંભીર કેસોમાં ફરાર આરોપીઓના ત્રણ સાથી પણ પકડાયા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

મીરા-ભાયંદર વસઈ-વિરાર પોલીસની ક્રાઈમ બ્રાન્ચે ૨૦ ફેબ્રુઆરીની રાતે નાલાસોપારા પશ્ચિમમાં શુભમ ઉર્ફે બાબા પ્રેમશંકર મિશ્રાની થયેલી હત્યાની તપાસ હાથ ધરી હતી. બાર નજીક આરોપીના જૂથે શુભમ પર હુમલો કર્યો હતો, જેમાં તેનું મૃત્યુ થયું હતું.

તપાસ દરમિયાન પોલીસે ગયા સપ્તાહે હત્યામાં કથિત ભૂમિકા બદલ સુનીલ જ્ઞાનોબા માલુસરે ઉર્ફે બિગશો (૨૮)ને તાબામાં લીધો હતો. માલુસરેએ આપેલી માહિતી પરથી વધુ બે આરોપી જગન મયંદી પતકતિયાર (૨૭) અને શરણ મુરગન (૨૫)ની ધરપકડ કરવામાં આવી હતી. પકડાયેલા એક આરોપી અને મિશ્રા વચ્ચે વિવાદ હતો, જેને પગલે તેની હત્યા કરાઈ હતી, એવું યુનિટ-૩ના સિનિયર ઈન્સ્પેક્ટર શાહુરાજ રણવરેએ જણાવ્યું હતું. અધિકારીના જણાવ્યા મુજબ પોલીસની ટીમ પતકતિયારને શોધી રહી હતી ત્યારે તેના અન્ય ત્રણ સાથીની પણ માહિતી મળી હતી.

માહિતીને આધારે અજય અમોદ મિશ્રા (૨૬), પ્રિશિત ઉર્ફે દીપક શ્રીમોહન પાલ (૨૭) અને સની ઉર્ફે અભિષેક મહેન્દ્ર ટાક (૨૬)ની ધરપકડ કરાઈ હતી. આ ત્રણેય આરોપીને પોલીસ આચોલે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા હત્યાના પ્રયાસના એક ગુના સહિત અન્ય કેસોમાં શોધી રહી હતી. આરોપીઓની વધુ પૂછપરછ કરવામાં આવી રહી હોવાનું પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઈ)

## હિન્દુ મરણ

ગામ મસ્કા હાલ વિરાર સ્વ. દીપક ભગવાનદાસ મોતા (ઉં. વ. ૫૫) તા. ૧૨-૩-૨૬ના રામશરણ પામેલ છે. તે સ્વ. ભાનુબેન ભગવાનદાસ મોતાના પુત્ર. ગીતાબેનના પતિ. મીત, દેવના પિતાજી. સ્વ. શિવજી પ્રાગજી જોશી, ગુંદિયાળીના દોહિત્ર. સ્વ. મુરજી પ્રાગજી મોતાના પૌત્ર. સ્વ. વિશનજી રવજી પેથાણી ગામ ફરાદીના જમાઇ. સાદડી રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**મેઘવાળ**

ગામ ફરિયાદકા હાલ મુંબઇ મઝગાવ (ડોકયાર્ડ રોડ) સ્વ. બાબુભાઇ હિરાલાલ સોલંકી (માંડલીયા) તા. ૯-૩-૨૬ સોમવારના દિવસે દેવ થયા છે. તે હિરાલાલ અને રાણીબેનના સુપુત્ર. દિનાબેન (દીવુબેન)ના પતિ. જય, સોનલ, શિવાનીના પિતાશ્રી. શીતલ, ફિલિકસના સસરાજી. બારમાની વિધિ તા. ૧૫-૩-૨૬ રવિવારના ૯.૩૦ વાગે સૂર્યકૂંડ હોલ, ડોકયાર્ડ રોડ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. લક્ષ્મીબહેન મોહનલાલ દયારામ પલણ ગામ જડોદર કોટડાના પુત્ર અનિલભાઇના પત્ની નીમાબેન અનિલભાઇ પલણ (ઉં. વ. ૫૮) તા. ૧૨-૩-૨૬ના ગુરુવારના રામશરણ થયેલ છે. સ્વ. રેખાબેન નારાયણજી માવજી ગણાત્રા (ગામ અકરી)ના પુત્રી. દર્પિતાના મમ્મી. જમાઇ-રોનક ભરતભાઇ સોમૈયા, જેઠાણી- રસીલાબેન કિશોરભાઇ પલણ. જેઠ-કિશોરભાઇ અને સુનીલભાઇ પલણ. ભાભી-હીના વસંત ગણાત્રા, ભાઇ-વસંત નારાયણજી ગણાત્રા. બન્ને પક્ષની પ્રાર્થનાસભા : તા. ૧૪-૩-૨૬ના શનિવાર, સાંજે ૫.૩૦થી ૭. ઠે. કચ્છી લોહાણા મહાજન વાડી, ૧લો માળ, પવાણી હોલ, મુલુંડ (વેસ્ટ) લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી મોઢ વણિક**

ખસ નિવાસી હાલ બોરીવલી ગં. સ્વ. ચંદનબેન મંગળદાસ શાહ (ઉં. વ. ૮૬) તા. ૧૧-૩-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મંગળદાસ કાળીદાસ શાહના ધર્મપત્ની. સ્વ. ગીરીશ મંગળદાસ શાહના માતુશ્રી. ગં. સ્વ. ભારતી ગીરીશ શાહના સાસુ. મૈત્રી સૌરભ શાહ, બિંદલ દર્શન શાહના દાદી. તે અમરેલીવાળા હિંમતલાલ પ્રેમચંદ પરીખના દીકરી. બીપીનભાઇ, અજયભાઇ, સ્વ. દ્વારકાદાસ, સ્વ. જયેશભાઇના મોટાબહેન. પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

હાલ કાંદિવલી નિવાસી, સોહન જમનાદાસ કનાણી (ઉં. વ. ૭૦) તે સ્વ. મયુરીબેનના પતિ. સ્વ. લીલાવતી જમનાદાસ હીરજી કનાણીના પુત્ર. પુષ્પાબેન રામદાસ ચંદારાણાના જમાઈ. દેવકરણ, ઉપેન્દ્ર, સ્વ. પ્રમોદ, સ્વ. સિંધુબેન, સ્વ. શોભનાબેન, મીનાબેનના ભાઈ, કિંજલ, ફીલોની, હેમલના પિતાશ્રી. પ્રિયંકા અને રાહુલના સસરા તા. ૧૨/૩/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૧૪/૩/૨૬ના રોજ સાંજે ૫ થી ૭. કેવલબાગ ટ્રસ્ટ, કિલાચંદ દેસાઈ રોડ, જેઠવાનગર, ડેલિકેસી હોટલ પાસે, કાંદિવલી વેસ્ટ.

**હાલાઇ ભાટિયા**

ગોલકાવાસી રણજીત ભીમજી કાપડિયા (ડાહ્યાવાળા) (ઉં. વ. ૭૬) તે સ્વ. ભીમજી દ્વારકાદાસ કાપડિયા ને સ્વ. નેનીબેન કાપડિયાના પુત્ર. આશા રણજીતના પતિ. ભરત, ધર્મેશના પિતાશ્રી. મહેન્દ્ર, કિરીટ, સ્વ. હીનાના ભાઈ. સ્વ, લાલજી ભાટિયાના જમાઈ. ચારુના સસરા તા. ૧૧/૩/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**દશા સોરઠીયા વાણીયા**

મૂળ ગામ મોણપર, હાલ પનવેલ, સ્વ. મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ (શ્રીમંકર,બુધ્યાકાકા) (ઉં. વ. ૭૮) તે ઉષાબેનના પતિ. ગં.સ્વ. મધુબેન વસંતભાઈ શાહના દેર, સ્વ. વસંતભાઈ પોપટલાલ શાહ, સ્વ. મન્જુબેન ખુશાલદાસ મલકાણ, સ્વ. કુંદનબેન જયંતીલાલ માધાણીના નાનાભાઈ. ધર્મેશ અને સચિનના પિતાશ્રી. કોમલ, નેહાના સસરાજી. પ્રીતિ ધર્મેશ જુઠાણી, નીતા જીતેશ મહેતા, વિદ્યા હરેશ ધ્રુવમલકાણના કાકા. તા. ૧૨.૩.૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૪.૦૩.૨૬ શનિવારના રોજ સાંજના ૪.૦૦ થી ૫.૦૦. એડ્રેસ : બાલાજી બેન્કવેટ હોલ, બેંક ઓફ મહારાષ્ટ્રની ઉપર, ભાજી માર્કેટ, પનવેલ.

**કપોળ**

મહુવાવાળા હાલ બોરીવલી, સ્વ. કાંતાબેન નંદલાલ દ્વારકાદાસ દોશીના સુપુત્ર મહેશ નંદલાલ દોશી (ઉં. વ. ૮૦) તા. ૧૨.૦૩.૨૬, ગુરવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે મૃદુલાબેનના પતિ. નિકુંજના પિતા. અં.સૌ. ફાલ્ગુનીના સસરા. સ્વ. હરેશભાઈ તથા નલિનીબેન ભરતભાઈ મહેતાના ભાઈ, અમરેલીવાળા સ્વ. હરગોવિંદદાસ કલ્યાણદાસ મહેતાના જમાઈ. સર્વ લૌકિક વ્યવહાર પ્રથા બંધ છે.

**ઔદિચ્ય ગોહિલવાડી બ્રાહ્મણ**

મૂળ વતન જામ ખંભાળિયા, લંડન નિવાસી દુષ્યંત (ઉં. વ. ૨૨), તે હરકાંત છગનલાલ મહેતના પુત્ર. છગનલાલ જટાશંકર મહેતાના પૌત્ર. અશ્વિન અને જીતેન્દ્રના ભત્રીજા તા.૧૨ માર્ચ ૨૬ના ગુરુવારે લંડનમાં કૈલાસવાસી થયા છે.

**કપોળ**

ભાડ વાંકિયાવાળા ગં. સ્વ. રંજનબેન રસિકલાલ મોદી (ઉં. વ. ૮૦) તા. ૧૨-૩-૨૬ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. રસિકલાલ મોહનલાલ મોદીના પત્ની. સ્વ. દિવ્યેશભાઇ તથા અનીલભાઇના માતા. સ્વ. જયંતીલાલ નારણદાસ શેઠ ચિત્તળવાળાની પુત્રી. તે નીતિનભાઇ, યોગેશભાઇ, નલીનીબેન, આરતીબેન, કળાબેન, હંસાબેન તથા નયનાબેનના બહેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**બાજ ખેડાવાળ બ્રાહ્મણ**

ગામ સૌજીત્રા હાલ કાંદિવલી (પ.) ભરતભાઇ ભટ્ટ (ઉં. વ. ૭૭) સ્વ. હરિગંગાબેન અને સ્વ. સોમેશ્વર ભટ્ટના પુત્ર. તે ચંદ્રિકાબેનના પતિ. જીજ્ઞેશના પિતા. અ. સૌ. સ્મિતાના સસરા. ચિ. વિક્ષા, ચિ. હિરના દાદા. સ્વ. રમેશચંદ્ર, સ્વ. રસિકભાઇ, સ્વ. અરવિંદભાઇ, સ્વ. કપિલાબેન, સ્વ. કલાબેન, સ્વ. કુસુમબેનના ભાઇ. તથા ચેન્નાઇ નિવાસી સ્વ. હરિપ્રસાદ દવે, સ્વ. ઉર્મિલાબેન દવેના જમાઇ. ગુરુવાર, તા. ૧૨-૩-૨૬ના દેવલોક પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૫-૩-૨૬ના રવિવારે સાંજે ૪થી ૬. ઠે. સનરાઇઝ પાર્ટી હોલ, ગ્રા. ફ્લોર, આનંદીબાઇ કાળે, કોલેજની સામે, સાંઇબાબા નગર, બોરીવલી (પ.).

**હાલાઇ લોહાણા**

મૂળગામ દ્વારકા હાલ કાંદિવલી માલતીબેન (ઉં. વ. ૬૫) તે મહેશ જમનાદાસ મોદીના પત્ની. તે પુષ્પાબેન દેવેન્દ્રભાઇ મોદી (કાકુભાઇ), લત્તાબેન કૃષ્ણકાંતભાઇ મોદી, વર્ષાબેન જિતેન્દ્રભાઇ મોદીના દેરાણી. તે મધુબેન ગોરધનદાસ રાયઠઠ્ઠા, સ્વ. પ્રેમીલાબેન હરિદાસ રાયચુરા તથા મીનલબેન ભરતભાઇ માણેકના ભાભી. સ્વ. તારામતિ હરિદાસ દાવડાના દીકરી. તે જયેશભાઇ, કૌશીકભાઇ તથા સ્મીતાબેનના બેન. તા. ૧૨-૩-૨૬ના ગુરુવારે શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષ તરફથી લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિશનગરા નાગર બ્રાહ્મણ**

ગામ વિસનગર હાલ મલાડના વાસુદેવ નર્મદાશંકર મહેતા (ઉં. વ. ૮૬) તા. ૧૩ માર્ચના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. પૂર્ણિમાબેનનાં પતિ. પારેવી, આરતી, ભારતી, ગીતા, રૂપલ અને જગદીશનાં પિતાશ્રી. પ્રાર્થનાસભા (બેસણું) રવિવાર, તા. ૧૫ માર્ચ ૨૬ના સવારા ૯થી ૧૨. ઠે. બેન્કવેટ હોલ, સીંધ એસ્ટેટ, રોડ નં-૨, બસેરા સ્ટુડિયોની પાસે, સમતા નગર, ઠાકુર કોલેજ ગેટ નં.૫ની સામે, કાંદિવલી (ઇસ્ટ).

**વૈષ્ણવ**

અમદાવાદ નિવાસી હાલ મુલુંડ સ્વ. જશોદા નરસિંહ કસ્તુરીના પુત્રી. સ્વ. વિનોદચંદ્ર દેસાઇના પત્ની ગં. સ્વ. માધુરી વિનોદચંદ્ર દેસાઇ (ઉં.વ.૮૮) તા. ૧૦-૩-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે ક્રિષ્ણા મસાણી, સ્વ. જયશ્રી ધોળકિયાના મોટાબેન. ચેતન, સંજય, દિપકના માસી. રીના, ચંદ્રિકા, મીનલના માસીસાસુ. કુશાંગ, પ્રણાલી, ટ્વિંકલ, ઝીલ, કેવિન, સિમરન, જશ, સાક્ષી, પ્રણવના માસીબા શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ ભાટીયા**

ગં. સ્વ. આશાબેન (લલીતા) અજિતસિંહ કાપડીયા તે જમનાદાસ ગોપાલજીની પુત્રવધુ. તે સ્વ. ચત્રભુજ વલ્લભદાસ ગાજરીયાના બેન (જામનગરવાલા) તે સુરભી, જીજ્ઞેશના માતુશ્રી. શરદ અને રીટાના સાસુ. ઉમંગના નાની. સ્વ. ઇન્દ્રકુમારના ભાભી તા. ૧૩-૩-૨૬ના શ્રીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે. (ઘાટકોપર).

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

વંથલી નિવાસી હાલ મુંબઇ ગં. સ્વ. હસુમતીબેન હસમુખરાય ગરાચ (ઉં. વ. ૭૬) તા. ૧૨-૩-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. હસમુખરાય પરમાનંદ ગરાચનાં ધર્મપત્ની. જયોતિ કશ્યપકુમાર પડિયાના માતુશ્રી. કશ્યપ પ્રતાપરાય પડિયાનાં સાસુ. દેવાંશ અને જીનિષાનાં નાની. વિજયાબેન શાંતિલાલ દુબલનાં સુપુત્રી. પ્રાર્થનાસભા તા. ૧૫-૩-૨૬ના રવિવાર સાંજે ૪થી ૬. ઠે. સાંઇ સિદ્ધિ ટાવર, લક્ષ્મીનગર ઘાટકોપર બસ ડેપોની સામે, ઘાટકોપર (ઇસ્ટ).

# સાયબર ગુના માટે સુશિક્ષિત યુવાનોને વિદેશ મોકલનાર આરોપીના જામીન હાઇ કોર્ટે નકાર્યા

મુંબઈઃ સુશિક્ષિત યુવાનોને નોકરી અપાવવાને બહાને વિદેશ મોકલ્યા બાદ સાયબર ગુના આચરવા તેમના પર દબાણ કરવાના આરોપનો સામનો કરી રહેલા જેરી ફિલિપ્સ જેકબને હાઇ કોર્ટે જામીન આપવાનો ઇનકાર કર્યો હતો.

જસ્ટિસ એ.એસ. ગડકરી અને એસ.સી. ચાંદકની ખંડપીઠે નોંધ્યું હતું કે આરોપી જેરી જેકબ સામે પ્રથમદર્શી કેસ છે કે તેણે ભારતના સુશિક્ષિત પરંતુ બેરોજગાર યુવાનોને વિદેશી કંપનીમાં નોકરી અપાવવાને બહાને મોકલ્યા હતા. ત્યાર બાદ ગેરકાયદે લાભ માટે અન્ય દેશોના લોકોને છેતરવાના ગુના આચરવા માટે તેમના પર દબાણ કરવામાં આવતું હતું. કોર્ટે જણાવ્યું હતું કે ગુનો ગંભીર પ્રકારનો છે. જો અરજદારને જામીન પર મુક્ત કરવામા આવે તો તે ફરાર થઇ શકે અને પુરાવા સાથે ચેડાં કરી શકે એવી શક્યતા છે. આથી અમે તેને જામીન આપવા તૈયાર નથી. માર્ચ, ૨૦૨૪માં ધરપકડ કરાયેલા જેકબે પોતાની અરજીમાં દાવો કર્યો હતો કે યુવાનોને નોકરીના પ્રકાર વિશે માહિતી આપવામાં આવી હતી અને ઔપચારિક રોજગાર કરાર પૂરા પડાયા હતા. કોર્ટે પોતાના આદેશમાં નોંધ્યું હતું કે જ્યારે પીડિતોએ પૂછપરછ કરી હતી કે તેમને કયા પ્રકારના કામ માટે વિદેશ મોકલવામાં આવી રહ્યા છે,

# મરાઠી ન ભણાવતી શાળાઓની માન્યતા રદ થઇ શકે : સરકારની ચેતવણી

મુંબઈઃ મહારાષ્ટ્રના પ્રધાન દાદા ભુસેએ શુક્રવારે ચેતવણી આપી હતી કે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બોર્ડ સાથે સંકળાયેલી જે શાળાઓ ધોરણ ૧ થી ૧૦ માટે મરાઠી ફરજિયાત બનાવવાના કાયદાનું પાલન નહીં કરે એની વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે. ભુસેએ રાજ્ય વિધાનસભાને માહિતી આપી હતી કે જો શાળાઓ મરાઠી શિક્ષણ અંગેના ધોરણોનું પાલન કરવામાં નિષ્ફળ જશે તો સરકાર તપાસ શરૂ કરી શાળાઓની માન્યતા રદ કરવાની દિશામાં વિચાર કરશે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બોર્ડ સાથે સલંગ્ન શાળાઓ સહિત રાજ્યની તમામ શાળાઓમાં ધોરણ ૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓ માટે મરાઠી ફરજિયાત બનાવવામાં આવી છે.

## પારસી મરણ

ગોદરેજ અનશા પેસ્તનજી તે મરહુમ ડોલીના ધની. તે મરહુમો મની રતનશા પેસ્તનજીના દીકરા. તે ફિરંગીઝ, રુકશાના ને દીલશાદના પપા. તે નેવીલ ને રીકીના સસરા. તે રોદા, ફિરોઝ તથા મરહુમ ડોલીના ભાઇ. તે આરવન, તનાયા ને આનાયાના મમાવા. (ઉં. વ. ૮૧) રે. ઠે. ડીર/૬૪, ભરૂચા બાગ, એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૪-૩-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે સાલસેથ અગિયારીમાં છેજી.

સીલલું ફિરોઝ કુતાર તે મરહુમ એરવદ ફિરોઝના ધનયાની. તે મરહુમો ઓસ્તી બાઇમાય ઓસ્તા જાહાંગીર મીરઝાના દીકરા. તે ઓસ્તી આરમઇતી ને ઓસ્તી દોલતના માતાજી. તે મરહુમ ઓસ્તા સાઇરસના સાસુજી. તે ઓસ્તા ફિરોઝ તથા મરહુમો ઓસ્તી ગુલ, ઓસ્તી એમી, ઓસ્તી, ફ્રેની, ઓસતી, બેપસીના બહેન. તે એરવદ અરીશ ને ઓસ્તી જીનીયાના મમઇ. (ઉં. વ. ૮૬). રે. ઠે. જોલી મેકર એપાર્ટમેન્ટ નં-૧, એ ૧૫૨, ૧૫મે માળે, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૫. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૪-૩-૨૬ના દીને બપોરે ૩.૪૫ વાગે ઉપરની ઓલબલેસ બંગલીમાં છેજી.

## જૈન મરણ

**રાધનપુર તીર્થ જૈન**

રાધનપુર હાલ સાંતાક્રુઝ (વેસ્ટ) અ. સૌ. પુષ્પાબેન (ઉં. વ. ૯૨) તે હસમુખભાઇ ઉમંગીલાલ પારેખના ધર્મપત્ની. સ્વ. ધીરજલાલ ભુદરદાસ વકીલના પુત્રી. રૂપીન-અમી, સૌરીન-જીજ્ઞાના માતુશ્રી. સાહિલ, સિદ્ધિ, સૌમ્યના દાદી. આરવના પરદાદી તા. ૧૦-૩-૨૬ મંગળવારના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**વેરાવળ દશા શ્રીમાળી જૈન**

વેરાવળ નિવાસી હાલ બોરીવલી, સ્વ. ડો. નવીનચંદ્ર નાગરદાસ શાહ (ઉં. વ. ૯૦) ગુરૂવાર, તા. ૧૨/૩/૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૫/૩/૨૦૨૬ના સાંજે ૪ થી ૬. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ .ટી રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

દુર્ગાપુરના અ.સૌ. નુતન વિપિન ગડા (ઉં. વ. ૬૪) તા ૧૦-૩ના અવસાન પામ્યા છે. જવેરબેન ટોકરશી ગડાના પુત્રવધૂ. વિપિનના પત્ની. જીત, ધવલના મમ્મી. બીદડાના રતનબેન નરશી કક્કાના પુત્રી. દિલીપ, સં.પ.પૂ. સહસ્રકિરણા મ. સા., મો. આસંબીયાના ચેતના કિરીટ, નાની ખાખરના ઉષા પરેશના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. વિપિન શાહ, ૬૦૧, સીતા વિહાર, એલ.બી.એસ માર્ગ, થાણા-૬૦૨.

મુન્દ્રાના રેખાબેન વસંત શેઠીયા (ઉં. વ. ૭૩) તા. ૧૧-૩-૨૬ના અવસાન પામ્યા છે. કુંવરબાઈ રાઘવજી ધારશીના પુત્રવધુ. વસંતના ધર્મપત્ની. રીંકુ, ચાર્મી, ચેનીના માતુશ્રી. સાકરબેન રાઘવજીના પુત્રી. છસરાના ભારતી કિશોર, રામાણીયાના સાધના કાંતીલાલ, પંકજ, જીતેશના બેન. પ્રાર્થના રાખેલ નથી. (ચક્ષુદાન અને ત્વચાદાન કરેલ છે.) નિ. વસંત શેઠીયા, સ. ૪૦૩, મધુરા સોસાયટી, રામ નગર, ડોંબીવલી (ઈ.), ૪૨૧૨૦૧.

મોટી ખાખરના ચીમન પદમશી ગાલા (ઉં. વ. ૮૨) હાલે મૈસુર તા. ૯-૩-૨૬ ના અવસાન પામેલ છે. કેસરબેન પદમશીના પુત્ર. હેમાના પતિ. પારુલ, હિમાંશુ, રોહિતના પિતા. કલ્યાણજી, કપાયા કસ્તુર વેલજી, તુંબડી રતન હેમરાજ, વિઢ મંજુલા હીરજીના ભાઈ. કાંડાગરા પુરબાઇ કુંવરજી વીજપાર છેડાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે.

પુનડીના પ્રવિણાબેન ગાંગજી કાનજી છેડા (ઉં. વ. ૬૬) તા. ૧૩/૦૩/૨૬ ના રોજ અવસાન પામેલ છે. સ્વ. સાકરબેન, સ્વ. રતનબેન કાનજી ના પુત્રવધુ. વિમલના માતુશ્રી. રામાણીયાના તેજબાઈ લીલાધર દના રાંભિયા (બાબુ દના)ના સુપુત્રી. ઉર્મિલાબેન, શાંતીલાલ, કાંતિલાલ, અનીલ, મધુ ના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : અનિલ રાંભિયા, ૬૦૩ ઉપકાર સોસાયટી, કોટક મહિન્દ્રા બેંક ની સામે, શિવ મંદિર રોડ, રામનગર, ડોમ્બેવલી (ઈસ્ટ)-૪૨૧૨૦૧.

બિદડાના અમૃતબેન વસનજી મોતા (ઉં. વ. ૯૫) તા. ૯/૩/૨૬ના બપોરના ૧૨.૪૦ વાગ્યે દેવભૂમિ, બિદડા ગામે અવસાન પામ્યા છે. ભાણબાઇ કાનજી મોતાના પુત્રવધૂ. સ્વ. વસનજીના પત્ની. હેમાબેન અને વિજયના માતુશ્રી. મોટા આસંબીયાના લધીબાઇ રામજી વિજપાર છેડાના દિકરી. સ્વ. લક્ષ્મીચંદ રામજી છેડા, વારાપધરના હંસાબેન લખમશી લોડાયાના મોટા બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. વિજય મોતા, બચરાજ લેન્ડમાર્ક, ગ્લોબલ સિટી, વિરાર (વે.).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

વિસાવદર (રાવણી) નિવાસી હાલ ચેમ્બુર મુંબઇ તે સ્વ. લાભુબેન રૂગનાથ ગાઠાણીના પુત્ર કિશોર ગાઠાણી (ઉં. વ. ૭૩) ગુરુવાર, તા. ૧૨-૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ઝરણાના પતિ. ધારિણી અને રાહુલના પિતાશ્રી. અનોપ, સ્વ. મહેન્દ્ર અને નયનાના ભાઇ. સ્વ. યશવંતભાઇ મોદીના જમાઇ. પ્રાર્થનાસભા તેમ જ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સાવરકુંડલા ભંડારિયા નિવાસી હાલ માટુંગા સ્વ. પન્નાલાલ મંગળજી શાહના ધર્મપત્ની સવિતાબેન (ઉં. વ. ૯૩) તા. ૧૨-૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે જિતેન્દ્રભાઇ, સુરેશભાઇ, દીપકભાઇ, જયશ્રીબેન પ્રફુલભાઇ મહેતા, જસ્મિતાબેન ગિરીશભાઇ હરિયા, ભાવનાબેન, હરેશભાઇ મહેતાના માતુશ્રી. જયોત્સનાબેન, સ્વ. વીણાબેન, ચંદ્રલેખાબેન, સંદીપાબેનના સાસુ. શાલીન, બિજલ, એકતા, તીરથ, મિલિન્દ, નિસર્ગના દાદી. અનેરી, ધ્વજ, ન્યારી, હસ્તિ, શ્રેણિકના નાની. પિયરપક્ષે મંગરુળપીર (આકોલા) પ્રેમચંદ સુંદરજી સંઘવીના દીકરી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

માતુશ્રી ચંદનબેન ઠાકરશી વાસાના સુપુત્ર મનસુખલાલ વાસા (ઉં.વ. ૮૬) શિહોરવાળા તા. ૧૩-૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે તે લતાબેનના પતિ. તૃપ્તીબેન-જયેશકુમાર, રાજલબેન-ભરતભાઇ, ભૈરવી (રિંકુ) કુમારભાઇ, વૃંદા જયભાઇના પિતા. આન્યા, ફેરીલ, ધરા, આસ્થા, દેશના દાદા. લીલાવતીબેન કેસરીચંદ, જસુમતીબેન ચીમનલાલ, મંજુલાબેન હર્ષદરાય, મીનાક્ષીબેન ચંદ્રકાન્ત, સુભદ્રાબેન ચંપકલાલ, સુશીલાબેન મનહરલાલ, નિર્મળાબેન ધીરજલાલ, લતાબેન મહેન્દ્રકુમાર, ઉર્મિલાબેન અરવિંદના ભાઇ. શ્વસુર પક્ષે જયસિંહભાઇ લાલચંદ દોશી (વરલવાળા)ના જમાઇ. ભાવયાત્રા રવિવાર તા. ૧૫-૩-૨૬ના ૧૦થી ૧૨. ઠે. અમૃતધારા બેન્કવેટ હોલ, નવા સમાજ મંડલ માર્ગ, દિક્ષીત ક્રોસ રોડ નં.૧, વિલેપાર્લે (ઇસ્ટ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|




# ચોમાસામાં મુંબઈ જળબંબાકાર થશે

## કૉન્ટ્રેક્ટરોની આજીજી છતાં નાળા સાફ કરવા પાલિકાને કૉન્ટ્રેક્ટર મળતો નથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચોમાસું નજીક પણ હજી સુધી મુંબઈ મહાનગરપાલિકાને મુંબઈની ગટરો અને નાળા સહિત મીઠી નદીને સાફ કરવા માટે કૉન્ટ્રેક્ટર મળ્યો નથી. સામાન્ય રીતે મુંબઈમાં પાંચ માર્ચની આસપાસ નાળાઓની સફાઈનું કામ શરૂ કરી દેવામાં આવે છે પણ આ વખતે હજી પાલિકા દ્વારા કૉન્ટ્રેક્ટરોને અનેક વખત વિનંતી કર્યા બાદ પણ કોઈ કૉન્ટ્રેક્ટર કામ કરવા તૈયાર થતો ન હોવાનું જાણવા મળ્યું છે. તેથી પાલિકાએ કૉન્ટ્રેક્ટરો માટેની શરતોને હળવી કરીને બિનઅનુભવી કૉન્ટ્રેક્ટર પાસે પણ કામ કરાવવા તૈયાર થઈ ગયું હોવાનું જાણવા મળ્યું છે. તેથી આ વખતે ચોમાસામાં મુંબઈ જળબંબાકાર થવાની પૂરેપૂરી શક્યતા જણાઈ રહી છે. મુંબઈમાં સામાન્ય રીતે ૧૦ જૂનની આસપાસ ચોમાસાનું આગમન થતું હોય છે અને મુંબઈના નાળાઓની ૮૦ ટકા સફાઈ ૩૦ મે, સુધીમાં પૂરી કરી દેવામાં આવતી હોય છે પણ તે માટે નાળાની સફાઈનું કામ માર્ચના પહેલા અઠવાડિયામાં શરૂ કરી દેવામાં આવતું હોય છે પણ આ વખતે માર્ચનું પહેલું પખવાડિયું પૂરું થવાની તૈયારીમાં છે, છતાં પાલિકા નાળાઓની સાથે મીઠી નદીની સફાઈ માટે કૉન્ટ્રેક્ટર શોધી શકી નથી. મીઠી નદીના ગાળ કાઢવા માટે સામાન્ય રીતે ૯૦ દિવસનો સમય જતો હોય છે પણ આ વખતે હજી સુધી કોઈ કૉન્ટ્રેક્ટર મળ્યો નથી. તેથી પાલિકા પ્રશાસન હવે કૉન્ટ્રેક્ટરો માટે રહેલી શરતોને હળવી કરીને પ્રમાણમાં બિનઅનુભવી કૉન્ટ્રેક્ટરો પાસેથી પણ બોલીઓ મગાવવા માટે વિચાર કરી રહ્યું હોવાનું મુંબઈના મેયર રીતુ તાવડેએ શુક્રવારે જણાવ્યું હતું. ■



## સ્થાનકવાસી જૈન સમાજની ૧૨૦ વર્ષ જૂની સંસ્થા દ્વારા ‘જૈન પ્રકાશ’ના પુનઃ પ્રકાશનમાં સહયોગી બનવા અનુરોધ



મુંબઈઃ ઓલ ઈન્ડિયા શ્વેતાંબર સ્થાનકવાસી જૈન કોન્ફરન્સની સ્થાપના ઈ.સ. ૧૯૦૬માં મોરબીમાં કરવામાં આવેલ. ત્યારબાદ ઈ.સ. ૧૯૧૩થી જૈન પ્રકાશનું પ્રકાશન ચાલુ કરેલ.

હાલમાં કુલ ૯૦૦૦ સભ્યોને માસિકપત્ર મોકલવામાં આવશે. હાલની મોંઘવારીમાં સંઘો, દાતાઓ, સુખી સદ્‌ગૃહસ્થોને પંચવર્ષીય યોજનામાં સહભાગી બનવા અનુરોધ છે, તેમજ આજીવન સભ્યોને ફરીથી ૫૦૦૦/- મોકલાવી લાભ લેવા વિનંતી છે. જૈન પ્રકાશની વિમોચનવિધિ રવિવારે સવારે ૧૦ થી ૧૨ કલાકે રાજપરીયા બાગ હોલ, નવપાડા, વિલેપારલે (પૂર્વ) ખાતે પૂ.શ્રી ધીરજમુનિ મ.સા.ની નિશ્રામાં યોજાશે.

વિલેપારલામાં પૂ. ધીરગુરુદેવ પૂ. આગમમુનિ મ.સા. આદિ તથા સતીવૃંદનું મિલન થતાં સંઘમાં અનેરો ધર્મોત્સાહ છવાયો છે. નવકારશીના લાભાર્થી પીયૂષભાઈ - અલ્પનાબેન ઉદાણી તથા નગરસેવિકા સુનિતા રાજેશ મહેતાનું અભિવાદન કરાયું હતું. પૂ.શ્રી ધીરગુરુદેવ સોમવારે ઘાટકોપર પધારશે. ■




# મહારાષ્ટ્ર ધર્માંતર બિલ વિધાનસભામાં રજૂ

મુંબઈ : દેવેન્દ્ર ફડણવીસ સરકારે શુક્રવારે રાજ્ય વિધાનસભામાં મહારાષ્ટ્ર ધર્માંતર બિલ-૨૦૨૬ રજૂ કર્યું, જેમાં બળજબરી, છેતરપિંડી, પ્રલોભન અથવા લગ્ન દ્વારા કરવામાં આવતા ધર્મ પરિવર્તનને રોકવા માટે કડક જોગવાઈઓ છે. બિલ મુજબ લગ્નના બહાને ગેરકાયદેસર ધર્માંતરમાં સામેલ લોકોને સાત વર્ષની જેલની સજા અને ૧ લાખ રૂપિયાના દંડની સજા થશે.

સગીર માનસિક રીતે અસ્વસ્થ વ્યક્તિ અથવા મહિલા અથવા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના સંદર્ભમાં સાત વર્ષની જેલની સજા અને ૫ લાખ રૂપિયાના દંડની સજા થશે. સામૂહિક ધર્માંતરણ માટે સાત વર્ષની જેલ અને રૂ. ૫ લાખ દંડ થશે. ■

# મુંબઈ ફરી તપ્યુંઃ યલો અલર્ટની ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં બે દિવસ ગરમીમાં રાહત રહ્યા બાદ શુક્રવારે ફરી એક વખત તાપમાનનો પારો ૩૭ ડિગ્રી જેટલો ઊંચો નોંધાયો હતો. હવામાન વિભાગે ૧૩ અને ૧૪ માર્ચ માટે મુંબઈ અને મુંબઈ મેટ્રોપોલિટન રિજનના વિસ્તારો માટે હીટ વેવ (ગરમીનું મોજું)ની ચેતવણી આપી હતી, તે મુજબ શુક્રવારે ઊંચુ તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગે અગાઉ ૧૩ અને ૧૪ માર્ચ માટે હીટવેવની ચેતવણી આપી હતી. જોકે બાદમાં એડવાઈઝરીમાં સુધારો કરીને હીટવેવની ચેતવણી ફક્ત ૧૩ માર્ચ સુધી જ મર્યાદિત રાખી હતી જયારે શનિવાર, ૧૪ માર્ચના ફક્ત ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેવાની ચેતવણી આપવામાં આવી છે.

શુક્રવારે સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૭.૦ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૨.૮ ડિગ્રી તો કોલાબામાં મહત્તમ તાપમાન ૩૪.૨ ડિગ્રી અને લઘુતમ ૨૪.૪ ડિગ્રી નોંધાયું હતું. માર્ચ મહિનાના પહેલા ૧૩ દિવસોમાં શહેરમાં ૫, ૯ અને ૧૦ માર્ચ એમ સતત ત્રણ દિવસ ઊંચુ તાપમાન રહ્યું છે, તેમાં પણ સતત બે દિવસ સુધી તાપમાન ૩૭ ડિગ્રીની ઉપર રહ્યું હતું. ૧૦ માર્ચે મુંબઈમાં ૪૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જે સામાન્ય કરતા સરેરાશ ૭.૬ ડિગ્રી વધારે હતું. હવામાન વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ ગુજરાત અને આસપાસના વિસ્તારોમાં સતત એન્ટી સાયક્લોન સર્ક્યુલેશનને કારણે ગરમ પૂર્વીય પવનો મુંબઈ શહેર તરફ ધકેલાઈ રહ્યા છે અને દરિયા પરથી પવનો મોડેથી ફૂંકાઈ રહ્યા છે, તેને કારણે સમગ્ર શહેરના તાપમાનમાં વધારો થયો છે. ■

# સરકારી કર્મચારી સાથે ઝપાઝપીઃ આરોપી ૨૭ વર્ષે પકડાયો

મુંબઈઃ સરકારી કર્મચારી સાથે ઝપાઝપી કરવાના કેસમાં જામીન પર છૂટી ફરાર થઈ ગયેલા આરોપીને પોલીસે ૨૭ વર્ષે પકડી પાડ્યો હતો. ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ લવુ દત્તારામ ઠાકુર (૫૭) તરીકે થઈ હતી. સાકીનાકા પોલીસ સ્ટેશનમાં ૧૯૯૮માં નોંધાયેલા એક કેસમાં પોલીસ ઠાકુરની શોધ ચલાવી રહી હતી. કહેવાય છે કે સરકારી કર્મચારીઓ સાથે ઝપાઝપી સંબંધી કેસમાં ઠાકુર જામીન પર છૂટ્યા પછી સુનાવણી દરમિયાન કોર્ટમાં હાજર રહેતો નહોતો. પરિણામે કોર્ટે તેની વિરુદ્ધ વૉરન્ટ ઈશ્યૂ કર્યા હતા. ■







# છઠ્ઠા ધોરણના વિદ્યાર્થીઓ દસમાના પેપર તપાસતા હોવાનો વીડિયો વાઈરલ

પુણે : મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે (એમએસબીએસએચએસઇ) સતારાની એક શાળામાં ધોરણ છઠ્ઠાના બે વિદ્યાર્થીઓને દસમા ધોરણની મરાઠી ઉત્તરવહીઓ તપાસવામાં શિક્ષકને કથિત રીતે મદદ કરતો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ તપાસ શરૂ કરી છે.

આ ઘટના અહીંથી લગભગ ૧૦૦ કિલોમીટર દૂર ફલટણના વિદાણી ગામની ઉત્તરેશ્વર હાઇસ્કૂલમાં બની હતી, જેના પગલે (એમએસબીએસએચએસઇ) ના કોલ્હાપુર ડિવિઝનલ બોર્ડે તપાસ શરૂ કરી હતી, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

વાયરલ વીડિયોમાં, બે શાળાની વિદ્યાર્થિનીઓ એક શિક્ષક સાથે ઉત્તરવહીઓ સંભાળતી જોવા મળે છે.

અમારી પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ધોરણ છઠ્ઠાના બે વિદ્યાર્થીઓને ઉત્તરવહીઓના ખાલી પાના પર ફક્ત લાઈનો દોરવાનું કહેવામાં આવ્યું હતું. જોકે આ ઘટના ક્યારે બની તે હજુ સુધી ખબર પડી નથી. અમે વધુ તપાસ માટે ફલટનની શાળામાં એક ટીમ મોકલી છે, કોલ્હાપુર ડિવિઝનલ બોર્ડના અધ્યક્ષ રાજેશ ક્ષીરસાગરે જણાવ્યા હતું.

જોકે પરીક્ષાની ઉત્તરવહીઓ અનધિકૃત વ્યક્તિઓને સોંપવી એ પણ નિયમોનું ઉલ્લંઘન છે, એમ ક્ષીરસાગરે ભારપૂર્વક જણાવ્યું હતું.

વિભાગીય બોર્ડની ટીમ શાળાની મુલાકાત લેશે, તપાસના ભાગરૂપે સીસીટીવી ફૂટેજ મેળવશે અને જલ્દી જ પોતાનો રિપોર્ટ રજૂ કરશે, એમ તેમણે ઉમેર્યું. પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ પાસેથી કોરા પાના પર ક્રોસ લાઇનો દોરવાની અપેક્ષા રાખવામાં આવે છે જેથી પછીથી કોઈ તેના પર લખી ન શકે. સામાન્ય રીતે વિદ્યાર્થીઓ આ ક્રોસ લાઇનો દોરતા નથી અને પેપર તપાસતા શિક્ષકોએ મૂલ્યાંકન પહેલાં તેને માર્ક કરવા પડે છે. જો કે આ કિસ્સામાં પેપરો અનધિકૃત વ્યક્તિને સોંપવાની મંજૂરી નથી, એમ તેમણે કહ્યું. (પીટીઆઈ)■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”







# ટિપર ટ્રકના માલિક પાસે લાંચ લેવા બદલ બે પોલીસ વિરુદ્ધ ગુનો

જાલનાઃ જાલના જિલ્લામાં રેતીનું વહન કરનારી ટિપર ટ્રકના માલિક પાસે ૩૦ હજાર રૂપિયાની લાંચ સ્વીકારનારા બે પોલીસ કર્મચારીને એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી)ના અધિકારીઓએ પકડી પાડ્યા હતા. ઇન્સ્પેક્ટર મનોજ કુમાર રાઠોડ (૫૦) અને કોન્સ્ટેબલ રવિ જાધવ (૩૮) મંથા પોલીસ સ્ટેશનમાં કાર્યરત હતા અને તેમણે ફરિયાદી પાસે લાંચ માગી હતી. એસીબીના ઇન્સ્પેક્ટર સંતોષ તિગોટેએ જણાવ્યું હતું કે મનોજ રાઠોડ અને રવિ જાધવે ટિપર ટ્રક સામે કાર્યવાહી ટાળવા માટે ફરિયાદી પાસે પચાસ હજાર રૂપિયાની માગણી કરી હતી અને જાધવે અગાઉ ફરિયાદી પાસેથી ૧૦ હજાર રૂપિયા સ્વીકાર્યા હતા. બાકીના રૂપિયા આપવા ન માગતા ફરિયાદીએ છત્રપતિ સંભાજીનગરમાં એસીબીના યુનિટનો સંપર્ક સાધી ફરિયાદ નોંધાવી હતી. ઇન્સ્પેક્ટર મનોજ રાઠોડ પર આરોપ છે કે તેણે ફરિયાદીને લાંચ આપવા માટે પ્રેરિત કર્યો હતો અને સૂચવ્યું હતું કે જો તે ગેરકાયદે રેતીનું વહન કરવામાં સંડોવાયેલા બે વાહનને પકડવામાં પોલીસને મદદ કરશે તો તેને માસિક ચુકવણીમાં છૂટ મળશે. ■




# એસએસસી પરીક્ષા સેન્ટરમાં ઘૂસીને યુવકે વિદ્યાર્થિની પર હુમલો કર્યો

બીડઃ બીડ જિલ્લાના અષ્ટી ખાતેના એસએસસી પરીક્ષા સેન્ટરમાં ઘૂસીને યુવકે વિદ્યાર્થિની પર હુમલો કર્યો હોવાની ઘટના બની હતી. આ પ્રકરણે વાલીઓએ હંગામો મચાવી વિદ્યાર્થીઓની સુરક્ષા વિશે સેન્ટરના અધિકારીઓ પાસે ખુલાસો માગ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના દોહિથાન સેન્ટરમાં શુક્રવારની સવારે ૧૦.૧૫ વાગ્યે બની હતી. દસમા ધોરણની પરીક્ષા ચાલુ થવાની થોડી મિનિટ પહેલાં જ આરોપી સેન્ટરમાં ઘૂસ્યો હતો. વિદ્યાર્થિનીને પંચ મારી આરોપી ફરાર થઈ ગયો હતો. સેન્ટરમાં હાજર લોકોએ તેને પકડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આરોપી હાથ લાગ્યો નહોતો. ઘટનાને પગલે ઉશ્કેરાયેલા વાલીઓએ સ્કૂલ સામે સવાલ કર્યા હતા અને સુરક્ષાને મુદ્દે અધિકારીઓ સાથે ઉગ્ર દલીલ કરી હતી. ■




ઓલ ઈન્ડિયા શ્વેતાંબર સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ - મુંબઈનું માસિક મુખપત્ર
સળંગ વર્ષ ૧૧૩
જૈન પ્રકાશ JAIN PRAKASH
સંપાદક : તરલાબેન દોશી
પંચવર્ષીય જ્ઞાન ઉત્કર્ષ યોજના
51 લાખ /- જ્ઞાન અનુમોદક દાતા
31 લાખ /- કીર્તિસ્તંભ દાતા શ્રેણી
21 લાખ /- સુવર્ણસ્તંભ દાતા શ્રેણી
11 લાખ /- આધારસ્તંભ દાતા શ્રેણી
5 લાખ /- પ્લેટીનમ દાતા શ્રેણી
2.51 લાખ /- ડાયમંડ દાતા શ્રેણી
1.51 લાખ /- ગોલ્ડન દાતા શ્રેણી
1.11 લાખ /- સિલ્વર દાતા શ્રેણી
51 હજાર /- સહયોગી દાતા શ્રેણી
5 હજાર /- આજીવન લવાજમ



દરેક દાતાના નામ પાંચ વર્ષ સુધી ‘જૈન પ્રકાશ’માં પ્રકાશિત થશે. હજારો ઘર અને લાખો આંખ સુધી ‘જૈન પ્રકાશ’ વંચાશે તેનો ઘેર બેઠાં લાભ મળશે. જો જો રહી ન જશો. આપનું જ્ઞાનદાન અનેક આત્માઓ માટે જ્ઞાનવૃદ્ધિનું કારણ બનશે.
ચેક / ડ્રાફ્ટ નીચેના નામથી લખવા
A/c. ALL INDIA SWETAMBAR STHANAKWASI JAIN CONFERENCE
Bank Name : HDFC BANDK LTD. Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400077.
A/C. NO. 99901123456855 | RTGS / NEFT IFSC CODE : HDFC 0009525 | Mo. 9821185930
શ્રી સ્થાનકવાસી જૈન સમાજની જૂનામાં જૂની માતૃસંસ્થા છે. દરેક સંઘો, સુખી સદ્‌ગૃહસ્થો, મહિલા મંડળો, ટ્રસ્ટો વગેરે યોજનામાં સહભાગી થવા નમ્ર વિનંતિ છે.
માત્ર ૨૦ રૂપિયામાં વાર્ષિક અને ૩૦૦ રૂપિયામાં આજીવન સભ્ય થનારા દરેકને ‘જૈન પ્રકાશ’ મોકલવામાં આવશે. હાલમાં ૯૦૦૦ નકલ Book Postથી મોકલાશે. જૂના દરેક આજીવન સભ્યોને ફરીથી ૫૦૦૦/- મોકલીને સહભાગી થવા વિનંતિ છે.
નિવેદક : ❖ શ્રી હિરેનભાઈ એમ. શાહ ❖ શ્રી અરવિંદભાઈ પી. ગોડા ❖ શ્રી સંજયભાઈ જે. શેઠ ❖ ડૉ. સંજયભાઈ એમ. સંઘવી ❖ શ્રી મુકેશભાઈ સી. કામદાર Mo. 9821185930
જૈનપ્રકાશ કાર્યાલય : A-૫૦૩, કોહિનૂર સ્કવેર, વેસ્ટ ટાવર, A-વીંગ, શિવ સેના ભવન સામે, એન.સી. કેલકર માર્ગ, દાદર (વે.) મુંબઈ-૪૦૦૦૨૮.



# વીક એન્ડ

સ્પૉર્ટ્સમૅન
યશવંત ચાડ
feedback@bombaysamachar.com

## કેમ ભાઈ, ગુજરાતીમાં ક્રિકેટની કૉમેન્ટરી કેમ નથી?

ટી-૨૦ વર્લ્ડ કપની રવિવારની ન્યૂ ઝીલૅન્ડ સામેની ફાઇનલ અમદાવાદમાં ક્રિકેટ જગતના સૌથી મોટા શ્રી નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાઈ. આ વિશાળ સ્ટેડિયમમાં સવા લાખ પ્રેક્ષકોનો બહુ સારી સગવડતાથી સમાવેશ થયો હતો એ આપણે સર્વેએ જોયું છે અને મેં (સ્કોરર તરીકે) જાતે અનુભવ્યું છે. આ સ્ટેડિયમમાં મોટા ભાગના ગુજરાતી ભાષી લોકો હોય છે. હા, હિન્દી ભાષા પણ ખૂબ બોલાતી હોય છે અને અન્ય ભાષી લોકો પણ મૅચ માણતા હોય છે.

આ તો વાત થઈ, સ્ટેડિયમમાં પ્રત્યક્ષ ક્રિકેટ મૅચ માણતા ક્રિકેટપ્રેમીઓની, પરંતુ ટીવી તેમ જ રેડિયો અને કેટલીક જાણીતી ઍપ પરના દર્શકોની વાત કરીએ તો તેમને મૅચની ગતિવિધિનું વર્ણન કરતી કૉમેન્ટરીમાં પણ ખૂબ રસ હોય છે. ફ્લૅશબૅકમાં જઈએ તો રેડિયો પર એટલે કે આકાશવાણી પર ક્રિકેટ મૅચનો આંખે દેખ્યો અહેવાલ સાંભળવા ન મળે એ બની શકે? કદાપી નહીં.

૧૯૫૦ના દાયકાથી હું ક્રિકેટ મૅચોની કૉમેન્ટરી સાંભળતો આવ્યો છું અને શરૂઆતમાં અંગ્રેજીમાં જ રેડિયો પર રનિંગ કૉમેન્ટરી સાંભળવા મળતી હતી. ત્યાર બાદ સમય જતાં સ્થાનિક ભાષાની કૉમેન્ટરીનું આગમન થયું હતું.

૧૯૬૦ના દાયકામાં જેમ કે સૌપ્રથમ તો રાષ્ટ્રભાષા હિન્દીમાં અને ત્યાર પછી સ્થાનિક ભાષા મરાઠી હોય કે ગુજરાત કે તમિળ કે મલયાલમ વગેરે બધી જ ભાષામાં રેડિયો કૉમેન્ટરી થતી હતી જે મેં સાંભળી છે અને જાતે કૉમેન્ટરી બૉક્સમાં સ્કોરર તરીકે અનુભવ્યું છે.

જે ક્રિકેટ રસિકો અમદાવાદ ન જઈ શક્યા તેમણે ટી-૨૦ વિશ્વ કપ ફાઇનલ ટીવી પર અથવા તો મોબાઇલમાં ઍપ પર નિહાળી હશે.

હાલમાં મોટી ટૂર્નામેન્ટ વખતે સામાન્ય રીતે મૅચ શરૂ થવા પૂર્વે ટેલિવિઝન પર જાહેરાત કરવામાં આવતી હોય છે કે અંગ્રેજી ઉપરાંત બધી જ ભારતીય ભાષામાં મૅચનો આંખે દેખ્યો અહેવાલ જીવંત પ્રસારિત કરવામાં આવે છે જેમ કે અંગ્રેજી ઉપરાંત હિન્દી, ભોજપુરી, મરાઠી, તમિળ, કન્નડ, મલયાલમ, પંજાબી વગેરે ભાષાઓમાં રનિંગ કૉમેન્ટરીનો લાભ તમે માણી શકશો. જોકે ગુજરાતી ભાષામાં આઈપીએલ ઉપરાંત પણ રનિંગ કૉમેન્ટરી થશે કે કેમ એ સાંભળવા મારા કાન તત્પર હતા. જોકે ગુજરાતી કૉમેન્ટરી એવું સાંભળવા જ નથી મળ્યું.કરોડો ક્રિકેટ પ્રેમીઓ જીવંત મૅચની મોજ માણતા હોય છે. ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) આવ્યા પછી તો ક્રિકેટ મૅચો ઘેર-ઘેર જોવાય છે. અગાઉ પણ ટેસ્ટ અને વન-ડે મૅચો કરોડો ક્રિકેટપ્રેમીઓના ઘરમાં જોવાતી હતી, પરંતુ આઇપીએલ આવ્યા બાદ મહિલાઓ અને બાળકોનો પણ ક્રિકેટમાં રસ વધતો ગયો એટલે ઘરમાં લગભગ આખો પરિવાર મૅચની મજા લેતો હોય છે એવું કહીએ તો પણ ખોટું નથી.

**ભોજપૂરી, તમિળ, મલયાલમ વગેરે ભાષામાં કૉમેન્ટરી અપાતી હોય છે, પરંતુ કરોડો ગુજરાતીઓ એકેએક ક્રિકેટ મૅચ ટીવી-રેડિયો પર માણતા હોવા છતાં તેમની સાથે ઓરમાયું વર્તન શું કામ?**



*ખ્યાતનામ કૉમેન્ટેટર સુરેશ સરૈયા. રેડિયો પર કૉમેન્ટરી આપીને કરોડો ક્રિકેટપ્રેમીઓના દિલમાં વસી ગયા હતા.*



*અનંત સેતલવાડ ગુજરાતી ઉપરાંત ખાસ કરીને અંગ્રેજીની કૉમેન્ટરી માટે પણ જાણીતા હતા.*



*વિશ્વ વિખ્યાત આંકડાશાસ્ત્રી આણંદજી ડોસા. લગભગ છ દાયકા પૂર્વે તેમણે ગુજરાતીમાં મૅચની સમીક્ષારૂપી કૉમેન્ટરીની પણ ક્રિકેટરસિકોને મોજ કરાવી હતી.*

ક્રિકેટપ્રેમી પરિવારો એટલે એમાં ગુજરાતી પરિવારોની સંખ્યા બહુ મોટી હોય છે. મારે એક અતિ અગત્યનો લાખ રૂપિયાનો નહીં, પણ અબજો રૂપિયાનો સવાલ ક્રિકેટ મૅચોનું પ્રસારણ કરનારાઓને પૂછવો છે કે એકંદરે ગુજરાતી ભાષામાં કૉમેન્ટરીને કેમ અવણવામાં આવે છે? ગુજરાતી ભાષા સાથે આવો અન્યાય શા માટે?

૧૯૫૦, ૧૯૬૦ અને ૧૯૭૦ના દાયકામાં ગુજરાતમાં ગુજરાતી ભાષામાં ક્રિકેટ મૅચોની કૉમેન્ટરી થતી હતી. કૉમેન્ટેટરો સર્વશ્રી ખેમુ દિવેટીયા, દિનકર દેસાઈ, સુરેશ મશરૂવાલા, સુભાષ મશરૂવાલા તેમ જ હજી પણ ૫૦ વર્ષથી રેડિયો તથા ટેલિવિઝન પર કૉમેન્ટરી આપનાર સુધીર તલાટી, ક્રિકેટર નયન મોંગિયા, હર્ષદ જોશી, નિલેશ માંકડ ઉપરાંત ઘણા ક્રિકેટરો જેવા કે કરસન ઘાવરી, જયંતિલાલ કેનિયા, યજુર્વિન્દ્ર સિંહ અંગ્રેજી ઉપરાંત ગુજરાતીમાં કૉમેન્ટરી કરી શકે. તેમને એક તક તો આપી જુઓ. ક્રિકેટની દુનિયામાં (મેદાન પરના ખેલાડીઓ ઉપરાંત કૉમેન્ટરી બૉક્સમાંથી પણ) ગુજરાતીઓ છવાઈ જશે એ નિશ્ચિત છે.

ભારતીય કૉમેન્ટરીના ભિષ્મપિતામહ બૉબી તાલ્યારખાન, વિજય મર્ચન્ટ, અનંત સેતલવાડ, સુરેશ સરૈયા વગેરે ખ્યાતનામ નામો ગુજરાતી હતા, પણ તેમણે ઇંગ્લિશ કૉમેન્ટરીમાં પણ નામના મેળવી હતી તો શું તેમના પગલે પગલે ચાલીને હવે ગુજરાતીમાં કૉમેન્ટરી આપવા જેવી કોઈનામાં આવડત શું નથી એવું ટેલિવિઝન પર કૉમેન્ટરી પ્રસારિત કરનાર ચૅનલ માને છે? કે પછી ગુજરાતી ભાષાની અવગણના કરવામાં આવી રહી છે? દેશમાં રાજકીય ક્ષેત્ર હોય કે બિઝનેસ, ગુજરાતીઓ મોખરાના સ્થાને છે અને કરોડો ગુજરાતીઓ ક્રિકેટ મૅચોના જીવંત પ્રસારણ માણતા હોય છે. ગુજરાતીઓનો ડંકો આજે ક્યાં નથી વાગતો એ તો કહો! તો પછી તેમના માટે ગુજરાતીમાં કૉમેન્ટરી કેમ નહીં? ટીવી પર લાઇવ મૅચો પ્રસારિત કરનારી ચૅનલે આ સવાલોના જવાબ આપવા જ પડશે. ચૅનલ અત્યાર સુધી થઈ રહેલી આ ભૂલ જલદી સુધારી લેશે અને ગુજરાતીમાં પણ ક્રિકેટ મૅચોનો આંખે દેખ્યો અહેવાલ રાબેતા મુજબ આપવાની ફરી નવી શરૂઆત કરી દેશે એવી આશા રાખીએ. ■

### ક્રિકેટ મૅચ એક, કૉમેન્ટરીની ભાષા અનેક

ગુજરાતી ક્રિકેટરસિકોને પણ થોડા સમયમાં રાબેતા મુજબ ધોરણે ગુજરાતીમાં ક્રિકેટની કૉમેન્ટરી સાંભળવા મળશે એવી આશા રાખીએ, પરંતુ એ સાથે એક રસપ્રદ જાણકારી પણ મેળવી લઈએ. વર્લ્ડ કપ સહિતની અન્ય ક્રિકેટ ટૂર્નામેન્ટોમાં ભારતની વિવિધ ભાષાઓમાં મૅચની જીવંત ઘટનાઓની કૉમેન્ટરી તેમ જ સમીક્ષા જાણીતા ખેલાડીઓ અને નિષ્ણાત કૉમેન્ટેટર્સ દ્વારા આપવામાં આવતી હોય છે:

(૧) અંગ્રેજીઃ રવિ શાસ્ત્રી, સુનીલ ગાવસકર, હર્ષા ભોગલે, ઇયાન બિશપ, નાસિર હુસેન વગેરે.
(૨) હિન્દીઃ આકાશ ચોપડા, ઇરફાન પઠાણ, સુરેશ રૈના, જતીન સપ્રુ, હરભજન સિંહ વગેરે
(૩) તમિળઃ કે. શ્રીકાંત, એસ. બદરીનાથ, મુરલી વિજય, અભિનવ મુકુંદ વગેરે
(૪) ભોજપૂરીઃ રવિ કિશન, સૌરભ, શિવમ સિંહ
(૫) તેલુગુઃ એમએસકે પ્રસાદ, હનુમા વિહારી, વેણુગોપાલ રાવ
(૬) કન્નડઃ અનિલ કુંબલે, વિજય ભારદ્વાજ, વિનય કુમાર, વેન્કટેશ પ્રસાદ.

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

## નોર્વેજિયન ઓઇલ મ્યુઝિયમમાં નોર્વેની તેલથી તરબતર ફેરી ટેલ...

ગયા વર્ષે નોર્વેના સ્ટાવાન્ગરમાં નોર્વેજિયન ઓઇલ મ્યુઝિયમમાં નેચરલ ફ્યુઅલના પાઠ ભણ્યા હતા ત્યારે ક્યાં ખબર હતી કે જ્યાં સુધીમાં તેના વિષે લખવાનું આવશે ત્યાં સુધીમાં પેટ્રોલ અને ગેસનો વિષય બરાબર ટોપિકલ બની ગયો હશે. એટલું જ નહીં, દુનિયામાં ફ્લાઇટો પણ ફરી વિચિત્ર પરિસ્થિતિમાં મુકાઈ ગઈ છે. વળી પાછા દુનિયાના હવાઈ રસ્તાઓ રોકાઈ રહ્યા છે. આવતા અઠવાડિયે પોલેન્ડ જવાનું છે અને તેના પછીના મહિને ગ્વાટામાલા. બંને ટ્રિપ સાવ રિલેક્સ થઈને તો નહીં જ જઈ શકાય તે નક્કી છે, છતાંય દુનિયા તો રાબેતા મુજબ ચાલ્યા જ કરે છે. આખો ને આખો કોવિડ ટાઇમ પૂરો થઈ ગયો, છતાંય બધું હતું ત્યાં ને ત્યાં જ હોય તેવું લાગે છે. જો કોઈ એક સદી પછી કોમામાંથી બહાર આવે અને કોમ્પ્યુટર અને ઇન્ટરનેટને બાદ કરી દો તો દુનિયાના પોલિટિકલ માહોલમાં પણ ફેશનની જેમ એના એ ટ્રેન્ડ રિપીટ થતા હોય તેવું લાગ્યા કરે છે. એવામાં દુનિયા વિષે વાંચવામાં, સ્થળોને જોવામાં અને જરૂર ન હોય તો શક્ય એટલું હાર્ડ ન્યૂઝથી દૂર રહેવામાં માનસિક શાંતિ જરૂર વર્તાય છે.








માનસિક શાંતિનો ઓવરડોઝ છેલ્લે નોર્વેમાં અનુભવાયો હતો. તેમાંય સાંજે ભારતીય ભોજન જ કરવાનું હતું તે નક્કી થઈ ગયા પછી અમે સ્ટાવાન્ગરના સિટી સેન્ટર જઈને ત્યાંની સૌથી મહત્ત્વની સાઇટ, પેટ્રોલ મ્યુઝિયમ જોવા પહોંચી ગયેલાં. તેની સાથે ત્યાંની સૌથી ટ્રેન્ડી ગલીમાં કાફેમાં વરસાદમાં બહાર બેસીને કોકટેલ્સની પણ મજા લીધી. કોને ખબર હતી કે નોર્વે અંધારા કે અજવાળાની રાહ નથી જોતું તેમ નોર્વે મજા કરવા માટે વરસાદ રોકાવાની પણ રાહ નથી જોતું. જોકે અમે પહેલાં તો સીધાં મ્યુઝિયમના પાર્કિંગમાં પહોંચ્યાં અને નોર્વેનું ધન ક્યાંથી આવ્યું તેની ખરી વાર્તા જાણવામાં પડી ગયાં. મોટાભાગે જ્યારે પણ તેલની વાત આવે તો લોકોને પહેલાં મિડલ ઇસ્ટ અને અમેરિકા જ યાદ આવે. પણ નોર્વે તરફ ભાગ્યે જ કોઈનું ધ્યાન જાય. હાલમાં તો ખાસ કરીને અમેરિકા અને ગ્રીનલેન્ડના લફરામાં અને ટ્રમ્પના નોબેલ પીસ પ્રાઇઝના ઓબ્સેશનના કારણે નોર્વે પર પણ વધુ ધ્યાન રહ્યું હતું, પણ ઓઈલ અને ગેસની શોધ પછી કઈ રીતે એક સાધારણ દેશની કાયાપલટ થઈ ગઈ હતી તે ફેરી-ટેલ માટે પણ નોર્વેના તે મ્યુઝિયમની મુલાકાત લેવા જેવી છે.

૧૯૬૦ના દશકમાં ઓફ શોર ઓઈલની શોધ થઇ તે પહેલાં બાકીના સ્કેન્ડિનેવિયાની જેમ જ ખેતી અને શિપિંગ અને મત્સ્યોદ્યોગ જેવું બધું નોર્વે દેશની ગાડી ગબડાવ્યે જતું હતું, પણ એક વાર ૧૯૬૦ના દશકમાં ઓઇલની શોધ ચાલી અને ૧૯૭૦ના દશકમાં તેના ફાયદા દેખાવા લાગ્યા. તે પછી નોર્વેની ગવર્નમેન્ટે ઓઇલની કમાણીને દુનિયાનાં સૌથી મોંઘા પેન્શન ફન્ડમાં એવી રીતે રોક્યા છે કે ત્યાંની સાવ મર્યાદિત પોપ્યુલેશનમાં લોકોને હવે રિટાયરમેન્ટ અને પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરની જરાય ચિંતા નથી કરવી પડતી.

મ્યુઝિયમે નોર્વેનાં નસીબ કઈ રીતે તેલના કારણે બદલાયાં તે હકીકતને વાર્તાની જેમ મજાથી રજૂ કરી છે. ઘણી મહત્ત્વની હિસ્ટોરિકલ ઘટનાઓની તસવીરો, વીડિયો રેકોર્ડિંગ્સ અને ડાયોરામા સ્ટેચ્યૂઝ સાથે દુનિયાભરમાં ઓઈલ અને ગેસની હિસ્ટ્રી પણ વધુ મજાથી જાણવા મળી.

આખા મ્યુઝિયમનો મૂડ મિડલ ઇસ્ટની જેમ, જુઓ અમારી પાસે કેટલા પૈસા છે તેનો દેખાડો કરવાનો ન હતો. ત્યાં ખરેખર કુદરતને અને માણસોને વેલ્યૂ કરવાની વાત હતી. નોર્વે જેટલું રિચ છે એટલું જ મોંઘું પણ છે અને તેમ છતાંય ત્યાં જિંદગીની, સ્થાનિકોની અને મુલાકાતીઓની વેલ્યૂ તો અનુભવી શકાતી જ હતી.

ઓઇલ એક્સટ્રેક્શનમાં વપરાતાં ઘણાં સાધનોને ત્યાં આર્ટ ઇન્સ્ટોલેશનની જેમ ગોઠવેલાં હતાં. વળી બરાબર સ્ટાવાન્ગર યોર્ડના કિનારે તે મ્યુઝિયમે માત્ર માહિતી જ નહીં, વ્યૂ પણ પીરસીને જલસા કરાવી દીધા હતા. તેમાંય કઈ રીતે ઓફશોર ઓઇલ એક્સ્ટ્રેકશન એરિયામાં જઈને કામ કરવું પડે છે તેનું સિમ્યુલેશન કોઈ થીમ પાર્કથી કમ ન હતું.

ઓઇલ પ્રોડક્શનની આધુનિક તકનિકોથી માંડીને ક્લાઇમેટ ચેન્જ અને એનર્જી ઇન્ડસ્ટ્રીના ફ્યુચર અંગે પણ ત્યાં વિગતે વાત થઈ હતી. ખરેખર કોઈ પણ સ્કૂલના વિદ્યાર્થી માટે તો આ મ્યુઝિયમ પણ પિકનિક આવવાની પણ મજા પડે તેવું લાગતું હતું. આજના સમયમાં ઓઇલને બોરિંગ સબ્જેક્ટ કહી શકાય જ નહીં, છતાંય તે વિષય પર બે-ત્રણ કલાક વિતાવ્યા પછી પણ મજા આવે તેવું મ્યુઝિયમ બનાવવા માટે સ્કેન્ડિનેવિયન ક્રિયેટિવિટીને દાદ દેવી પડી.

ત્યાં ઓઇલ અને ગેસ એક્સ્ટ્રેક્શનનાં સાધનોનો ઉપયોગ કરીને પાર્ક બનાવવામાં આવેલો. તેમાં ક્યાંક ટ્રેમ્પોલિન તો ક્યાંક ગ્રાફિટીવાળી પાઈપોમાં બાળકોને માટે ઝિપ લાઇનર જેવું બનાવેલું. ઘણી ચીજો પર મજાની ગ્રાફિટી પણ હતી જ. આ માહોલમાં હજી વરસાદ ચાલુ જ હતો. ત્રણેક કલાક મ્યુઝિયમમાં વિતાવ્યા પછી તો વરસાદમાં ત્યાંના આઉટડોર પાર્કમાં પણ લટાર મારી જોઈ. પોર્ટ સ્ટાવાન્ગર પર આ મ્યુઝિયમનો શેપ પણ કોઈ ઓફશોર ઓઇલ એક્સ્ટ્રેક્શન પ્લેટફોર્મનો છે.

નોર્થ સીમાં વસેલા આ નાનકડા દેશમાં લોકો પાતાની જાતને અત્યંત મહત્ત્વનાં માને છે અને દુનિયાને ખાસ નજરે જુએ છે, છતાંય તેમને બહારની વાસ્તવિકતાનો ખ્યાલ નથી એ દિશામાં પણ ત્યાં લખાણ અને ચર્ચાઓ બતાવતા આર્ટિકલ મોજૂદ હતા.

ઓઇલના વિષયને આ સ્તર પર મનોરંજક અને માહિતીસભર બનાવવા સાથે ત્યાં નોર્વેને ઓળખવાનો પણ મોકો મળ્યો હતો. આ પહેલાં માત્ર જનરલ નોલેજ મારફતે ઉપરછલ્લી માહિતી હતી કે નોર્વેમાં ઓઇલ મની છે. પણ તે આખો અનુભવ ત્યાંના દરેક મુલાકાતીને કરવા મળી જાય છે તે વાત ઘણી મજાની લાગી.


બહાર સ્ટાવાન્ગર પોર્ટ પર વધુ થોડા ફોટા પાડીને અમે દિવસ આગળ વધાર્યો. અને અહીં દિવસ જ રહેવાનો હતો. નોર્વેમાં ઉનાળામાં રાત ક્યાં પડતી હોય છે. ■



# મુંબઈ સમાચાર
# માતૃભાષા ભાગવત સપ્તાહ

તા. ૨ એપ્રિલથી ૮ એપ્રિલ
સવારે ૯.૩૦થી ૧૨.૩૦

Supported by:
adani



શ્રીમદ્ ભાગવતના
દરેક હૃદયસ્થ કથાકાર

## પરમપૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી દ્વારા

સનાતન નગરીઃ સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલ, બોરીવલી [પશ્ચિમ]



SKYLINE
INFRA FORGE
**શ્રી સૌરભ મહેતા**
(મુખ્ય મનોરથી)

મહાનગરમાં વ્રજનો લય
સંપૂર્ણ મુંબઈ કૃષ્ણમય
તમામ માતૃભાષાનો જય

મુંબઈ શહેરમાં જીવતી-
જાગતી માતૃભાષાઓનું
રક્ષણ અને સંવર્ધન

૨૦૪ વર્ષની યુવાવયના એશિયાના સૌથી જૂના અખબાર
'મુંબઈ સમાચાર'ની અલૌકિક-અદ્‌ભુત પહેલ



gandhar
Group of Companies
**શ્રી રમેશભાઈ પારેખ**
(સહ મનોરથી)

**સવારેઃ ૯.૩૦થી ૧૨.૩૦ ભાગવત કથા**
**સાંજેઃ ૬.૩૦થી ૧૦.૦૦ માતૃભાષા મહોત્સવ**
**પ્રસાદઃ બપોરે ૧૨.૩૦ વાગ્યાથી ૩ વાગ્યા સુધી.**

▸ શ્રી પોથીજી ▸ ઝાંખી
▸ ઉત્સવ ▸ સેવા ▸ મનોરથ

★★★★★

દૈનિક બ્રહ્મ ભોજન
દૈનિક ફળ સેવા
દૈનિક ફૂલહાર સેવા
દૈનિક સ્ટેજ ડેકોરેશન

★★★★★

**ઉત્સવ, મનોરથ, ઝાંખી અને અન્ય સેવાઓ માટે**
સંપર્કઃ
વિપુલ પારેખ
૯૩૨૨૫૦૫૦૩૦
યોગેશ પંડ્યા
૭૭૧૦૮૧૬૩૪૦
કિશોર જાની
૯૮૧૯૯૧૦૦૩૯

માતૃભાષાના સેનાનીઓના ઋણ-સ્વીકારનો આ અવસર છે, પછી એ ગુજરાતી હોય, મરાઠી હોય, બંગાળી હોય કે પછી હોય અન્ય કોઈ માતૃભાષાનો સૈનિક. ભાષાકર્મી છે આપણી ભાષાને સમૃદ્ધ કરવાનો પાયો. ભાષા અને સંસ્કૃતિના એ પાયા સાથે આપણે ઊભા છીએ એ દાખવવાનો આ પ્રયત્ન છે. સૌના સહકારની અપેક્ષા સાથે.

માતૃભાષાનો આ મહાયજ્ઞ માતૃભાષાના એ સૈનિકો માટે છે જેમણે સમગ્ર જીવન દરમિયાન ભારતની વિવિધ માતૃભાષાની સેવા કરી છે અને હવે આપણી જવાબદારી છે કે એ સૈનિકોની પાછલી જિંદગીની તકેદારી આપણે રાખીએ - સથવારો પૂરો પાડીએ. આ સમગ્ર મહાકુંભનું જે ઉપાર્જન થશે એ ભારતની માતૃભાષાઓના વીર સાહિત્યકારો માનભેર જીવન જીવી શકે એ માટે વપરાશે.

**આયોજક**

## મુંબઈ સમાચાર
પ્રેરિત
## માતૃભાષા પ્રતિષ્ઠાન
★ શ્રી નીલેશ દવે

★ શ્રી પરાગ શાહ
★ શ્રી અરવિંદ શાહ
★ શ્રી જગદીશ ઓઝા
★ શ્રી શોભિત દેસાઈ
★ શ્રી સંતોષ સિંહ
★ શ્રી જિજ્ઞેશ ભુતા
★ શ્રી ભાર્ગવ પટેલ
★ શ્રી મિલન ત્રિવેદી (રાજકોટ)
★ શ્રી મુકેશ પટેલ
★ શ્રી જસ્મીન શાહ
★ શ્રી નિરવ મહેતા
★ શ્રી દુષ્યંત સોની (દુબઈ)
★ શ્રી રાજુ સાવલા
★ શ્રી જિતેન્દ્ર મહેતા
★ શ્રી જિજ્ઞેશ હિરાણી

સ્ટોલ ઉપરાંત આ મહોત્સવમાં કોઈપણ પ્રકારની વોલિન્ટરી સેવા આપવા તેમજ અન્ય માહિતી માટે સંપર્કઃ ૮૬૯૩૮૦૩૮૩૮, ૯૮૨૧૧૧૮૭૨૩

વિશેષ આભારઃ ★ શ્રી સંજય ઉપાધ્યાય ★ શ્રી અસીતકુમાર મોદી ★ શ્રી જે. ડી. મજેઠિયા ★ શ્રી સંજય છેલ ★ શ્રી મુકેશ મહેતા ★ શ્રી ભૂપેન્દ્ર મહેતા ★ શ્રી વિપુલ પારેખ

AJMERA BUILT ON TRUST
MICL LIVE BETTER
NATUREPURE Wellness Pvt. Ltd.
WellPure | Keshasvi
hitech events & exhibition
ARVINDBHAI KHATRI SONS
BRIGHT OUTDOOR MEDIA LIMITED
Neela Film Productions
Showglitz Events & Entertainment Private Limited
APAR ADVERTISERS PRIVATE LIMITED
NEELKANTH Building Trust Since 1938 Formerly known as: Velji Harkha Patel & Sons.
SURBHI GROUP Redefining Urban Lifestyle Contact - +91 98218 85998/
SILVER BUILDING LANDMARKS SINCE 1986

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક નજર ઈધર ભી...
કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

# વિશ્વયુદ્ધની વિશિષ્ટ વીરાંગનાઓ

## લંડનના ઈમ્પિરિયલ મ્યુઝિયમમાં સામાન્ય માનવીની અસામાન્ય ઝલક

*લંડન શહેર અનેક બાબતો માટે ખ્યાતનામ છે. ખ્યાતિની આ યાદીમાં એક બાબત છે મ્યુઝિયમ. વૈવિધ્યપૂર્ણ - વિશાળ અને અનેક ઠેકાણે વિનામૂલ્ય પ્રવેશ આપતા આ મ્યુઝિયમમાં નાયાબ કલાત્મક તેમજ ઐતિહાસિક ખજાનો લોકો માટે હાજર છે. બ્રિટિશ મ્યુઝિયમ, નેચરલ હિસ્ટ્રી મ્યુઝિયમ, નેશનલ મેરિટાઇમ મ્યુઝિયમ, સાયન્સ મ્યુઝિયમ, પોસ્ટલ મ્યુઝિયમ, સિનેમા મ્યુઝિયમ, રોયલ એર ફોર્સ મ્યુઝિયમ... યાદી ઘણી લાંબી છે. યુકેના લાંબા રોકાણને કારણે કેટલાક મ્યુઝિયમની પ્રત્યક્ષ મુલાકાત લેવાનો મોકો મળ્યો. આજે ઈમ્પિરિયલ વોર મ્યુઝિયમની એક ઝલક માણીએ જ્યાં સામાન્ય માનવીની અનેક અસામાન્ય કથા ધરબાયેલી છે. ટ્રેનમાં વોટરલૂ સ્ટેશન (અન્ય સ્ટેશનો પરથી પણ જવાય છે) ઊતરી પંદરેક મિનિટ ચાલી મ્યુઝિયમ પહોંચ્યા ત્યારે વિચાર આવ્યો કે કેવો સંયોગ છે કે 'વોટરલૂ' નામના સ્ટેશનથી યુદ્ધ અંગેના મ્યુઝિયમમાં જવાનું બન્યું. ૧૮૧૫માં નેપોલિયન બોનાપાર્ટ અંતિમ લડાઈ હાલ બેલ્જિયમના વોટરલૂમાં હાર્યો હતો.*

### યુદ્ધમોરચે સારવાર


વિષમ પરિસ્થિતિમાં જખ્મીઓની દેખરેખ

એલિઝાબેથ નોકર અને મારી ચિઝમ નામની બે સન્નારીની કહાણી વંદનીય છે. હેમ્પશાયર નામની કાઉન્ટીમાં મોટરબાઈક ચલાવતી વખતે ૧૮ વર્ષની મારીનો પરિચય ૩૦ વર્ષની એલિઝાબેથ સાથે થયો અને બહુ જલદી બંને ખાસમખાસ બહેનપણી થઈ ગઈ. પહેલું વિશ્વયુદ્ધ શરૂ થયું ત્યારે એલિઝાબેથે મારીને પત્ર પાઠવી યુદ્ધના સમયમાં મદદરૂપ થવાની ઈચ્છા વ્યક્ત કરી. એ સમયે ઝખ્મી બેલ્જિયન સૈનિકોની સારવાર માટે 'ફલાઈંગ એમ્બ્યુલન્સ કોર્પ્સ' વ્યવસ્થા અમલમાં હતી. એના વડા મારીની મોટરસાઈકલ ચલાવવાની આવડતથી પ્રભાવિત થયા અને એને જોડાવા માટે ઓફર કરી. મારીએ તરત હા પાડી અને એલ્સીને પણ બોલાવવા માટે વિનંતી કરી. એલ્સી એક કુશળ બાઈકર હોવા ઉપરાંત એક નર્સ હતી અને ફ્રેન્ચ તેમજ જર્મન ભાષા જાણતી હતી. મારી સાથે એલ્સી પણ યુનિટમાં જોડાઈ ગઈ. એલિઝાબેથ અને મારી યુદ્ધની છાવણીઓમાંથી ઘાયલ સૈનિકોને બાઈક પર હોસ્પિટલ પહોંચાડવાનું કામ કરવા લાગી. જોકે, એમાંના ઘણા સૈનિકો હોસ્પિટલ પહોંચે એ પહેલા જ મૃત્યુ પામતા હતા. બંનેને એ વાત સમજાઈ ગઈ કે યુદ્ધની છાવણી નજીક જ જો ઘાયલોને સારવાર મળે તો અનેક સૈનિકોના જીવ બચી જાય. ત્રણેક મહિના 'ફલાઈંગ એમ્બ્યુલન્સ કોર્પ્સ' માટે કામ કર્યા પછી બંનેએ એને આવજો કરી સૈનિકોની છાવણીથી માત્ર ૩૦૦ ફૂટના અંતરે એક ખાલી કોઠડીમાં 'બ્રિટિશ ફર્સ્ટ એઈડ પોસ્ટ' - પ્રાથમિક સારવાર કેન્દ્ર શરૂ કર્યું. એ દિવસથી સળંગ સાડા ત્રણ વર્ષ સુધી તેમણે ઘાયલોની સારવાર પર ધ્યાન કેન્દ્રિત કર્યું. એલિઝાબેથ નર્સ હતી એટલે ઈજાગ્રસ્તોની તબીબી સારવાર પર લક્ષ્ય આપતી હતી જ્યારે મારી પ્રાથમિક ઉપચાર પછી ઘાયલોને ૧૫ માઈલ દૂર આવેલી હોસ્પિટલમાં પહોંચાડવાનું કામ કરતી હતી. બાઈક વિપરીત સંજોગોમાં અને અનેક વાર ગોળીબાર - બોમ્બવર્ષા ચાલુ હોય એ દરમિયાન જવું પડતું હતું. આ સેવા અંગત ધોરણે થતી હોવાથી 'ફર્સ્ટ એઈડ પોસ્ટ' માટે નાણાંની વ્યવસ્થા પણ તેમણે જાતે કરવી પડતી હતી. આ બેમિસાલ સેવાકાર્ય બદલ વિવિધ એવોર્ડથી તેમનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

### યુદ્ધમાં મહિલા મોટરસાઈકલિસ્ટ

કાળી ડિબાંગ રાત. ના, અમાસની રાત નહીં, પણ જર્મન એરક્રાફ્ટની બોમ્બ વર્ષાને કારણે બ્લેકઆઉટ જાહેર કરવામાં આવ્યો હોવાથી જ્યાં જુઓ ત્યાં ઘનઘોર અંધારું. એવામાં એક અરજન્ટ મેસેજ પહોંચાડવો જ પડે એમ છે. વાત ૧૯૪૩ની છે. ત્યારે ટેક્નોલોજી એટલી વિકસી નહોતી. એક ડિસ્પેચ મેસેન્જર પ્રતિ કલાક ૭૦ માઈલની મહત્તમ સ્પીડ પર ભાગી શકે એવી મોટરબાઈક પર બાઈકર સવાર થાય છે. અજાણ્યા અને સાંકડા અને અમુક જગ્યાએ ઊબડખાબડ હોય એવા માર્ગ પર ફૂલ કોન્ફિડન્સ સાથે બાઈક ભાગે છે. ક્યારેક અકળાવનારી પણ એકંદરે દિલધડક મુસાફરી ૧૦ કલાકમાં પૂરી કરી દૂર આવેલા સ્થળે મેસેજ પહોંચી જાય છે. બીજા વિશ્વયુદ્ધના એ કાળજું કંપાવી દેનારા સમયમાં આવા અનેક ડિસ્પેચ મોટરસાઈકલ પર એક સ્થળેથી બીજા સ્થળે હેમખેમ પહોંચી જાય છે. આ મુશ્કેલ અને પડકારભર્યું કામ કરનારી છે બ્રિટિશ સન્નારીઓ.

આ મહિલાઓ શરૂઆતમાં રસોઈ અને ટાઈપિંગ જેવા સામાન્ય કામ કરતી હતી. જોકે, યુદ્ધ વકરતું ગયું એમ વધું ને વધુ પુરુષોને યુદ્ધભૂમિ પર મોકલવામાં આવ્યા. પરિણામે ઘરઆંગણે એ લોકો જે જવાબદારી નિભાવતા હતા એ તેમની પત્ની, ગર્લફ્રેન્ડ, દીકરી કે બહેનના શિરે આવી ગયું. આ બધામાં સૌથી નોંધપાત્ર અને જોખમી જવાબદારી હતી મોટરસાઈકલ પર સવાર થઈ કોઈ પણ સમયે લાંબા અંતરે પાર્સલ પહોંચાડવાની. યુદ્ધમાં આ બાઈકર્સની ભૂમિકા મહત્ત્વની હતી. આ સન્નારીઓ તાકીદના આદેશ અને સંદેશા પહોંચાડતી હતી જેમાં પુરવઠાની જાણકારી, ગુપ્ત બાતમી તેમજ સેનાપતિ, રાજદૂતાલય તેમજ નૌકાદળના વહીવટ વગેરેના સંદેશાનો પણ સમાવેશ હતો. ટૂંકમાં આ મહિલાઓના ટુ વ્હિલર્સના સંતુલન પર વિશ્વનું ભવિષ્ય આધાર રાખતું હતું એમ કહી શકાય.


બીજા વિશ્વયુદ્ધ વખતનાં મોટર સાઇકલ મેસેન્જર

શરૂઆતમાં મોટર બાઈક રેસમાં સહભાગી થતી સન્નારીઓની જ આ કામ માટે પસંદગી કરવામાં આવતી હતી. શરૂઆતમાં જવાબદારી કપરી હતી. બાઈક ચલાવવામાં કાબેલિયત ઉપરાંત ટાયરમાં હવા બરોબર છે કે નહીં, જરૂર પડે ટાયર બદલવાનું અને ખરાબ થયેલી ચેનનું સમારકામ કરવાનું અથવા એ બદલી નાખવાની વગેરે કામ જાતે કરવા પડતા હતા. તેમના કૌશલ - બહાદુરીના અનેક કિસ્સા નોંધાયા છે. ટૂંકમાં 'હમારી છોરિયાં છોરોં સે કમ હૈ કે' જેવો માહોલ હતો.

### એલિઝાબેથ આર્મીમાં


પ્રિન્સેસ એલિઝાબેથ બ્રિટિશ આર્મીમાં

યુકેનાં રાણી ક્વીન એલિઝાબેથએ થોડા સમય માટે આર્મીમાં કામ કર્યું હતું. એપ્રિલ ૧૯૪૪માં પ્રિન્સેસ એલિઝાબેથ ૧૮ વર્ષની થઈ. બીજા વિશ્વયુદ્ધના ઓછાયામાં કિશોરાવસ્થાનાં મુગ્ધ વર્ષો પસાર કરનારી રાજકુમારીએ યુદ્ધમાં કશીક સેવા તો આપવી જ છે એવી ગાંઠ વાળી હતી. એટલે ઓક્ઝિલરી ટેરિટરી સર્વિસ (એટીએસ) તરીકે ઓળખાતા એર ફોર્સના યુનિટમાં ટ્રક મિકેનિક તરીકે જોડાઈ ગઈ. રોયલ એર ફોર્સના લોકો યુદ્ધમાં મદદરૂપ થઈ શકે એ હેતુથી એટીએસની સ્થાપના કરવામાં આવી હતી. આ યુનિટ હવામાનનો અહેવાલ, વિમાનની જાળવણી, હવાઈપટ્ટી પર મદદરૂપ થવું અને ઈન્ટેલિજન્સના કામમાં સહકાર્ય કરતું હતું. સશસ્ત્ર દળમાં પૂર્ણ વેળ કામ કરનારી એલિઝાબેથ રાજવી પરિવારની પ્રથમ સભ્ય હતી. યુનિટમાં દાખલ થયા પછી પોતે રાજકુમારી છે એ વાત બાજુએ રાખી અન્ય સામાન્ય મહિલા સભ્યોની જેમ એલિઝાબેથએ ટ્રકના ટાયર કેવી રીતે બદલાય, વાહનનું એન્જિન છૂટું પાડી ફરી કેવી રીતે બધા પાર્ટ્સ ગોઠવી દેવા તેમજ અન્ય વાહનો સાથે એમ્બ્યુલન્સ કેવી રીતે ચલાવવી એ પણ શીખી લીધું. એટલું જ નહીં અન્ય મહિલાઓ સાથે ટેલિફોન ઓપરેટર, ભોજનાલયમાં ખાવાનું પીરસવું, પોસ્ટલ સર્વિસનું કામ કરવું, દારૂગોળાની ચકાસણી કરવી, સર્ચલાઈટ ઓપરેટર તરીકે ફરજ બજાવવી તેમજ મિલિટરી પોલીસની ડ્યૂટી કરવી જેવી વિવિધ જવાબદારી નિષ્ઠાપૂર્વક બજાવી. આ યુનિટને યુદ્ધના મેદાનમાં જવાની પરવાનગી નહોતી. હેરત થાય એવી વાત એ છે કે એટીએસના કાર્યકાળમાં એલિઝાબેથએ ક્વોલિફાઈડ ટ્રક ડ્રાઈવરનું સર્ટિફિકેટ પણ મેળવ્યું હતું. એટીએસના કાર્યકાળમાં ડ્રાઈવિંગ અને એન્જિન રિપેરનો થયેલો મહાવરો રાણી (ક્વીન એલિઝાબેથ સેકન્ડ) બન્યાં પછી પણ તેમણે જાળવી રાખ્યો. એટલું જ નહીં એટીએસમાં સતત સામાન્ય જનતાના સહવાસને કારણે રાણી બન્યાં પછી પણ પ્રજાના સંપર્કમાં રહી શક્યાં. જનતા સાથેના આ જોડાણને કારણે જ છેવટ સુધી લોકપ્રિય રહ્યાં. ■

મસ્તરામની મસ્તી
મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# T-૨૦ પરીક્ષા લોને, યાર...

## જો પરીક્ષા T-૨૦ હોત તો શિક્ષકો 'રિટાયર્ડ હર્ટ' થઈ જાત!




દિલાની ટણક ટોળકી ભેગી થઈ અને શાળાની બહાર આવેલી ચાની ટપરી પર ગંભીર ચર્ચા કરી રહી હતી. જગત આખું ટેસ્ટ મેચ ભૂલી અને ટી ટ્વેન્ટી પાછળ દીવાનું છે. પરીક્ષામાં ટી ટ્વેન્ટી ફોર્મેટ કેમ નહીં?

સાહેબ, દુનિયા બદલાઈ રહી છે. પહેલાં લોકો પાંચ-પાંચ દિવસ સુધી ધોતિયાં પહેરીને ટેસ્ટ મેચ જોતા, હવે ત્રણ કલાકમાં તો આખી ટુર્નામેન્ટ પતાવી દેવી છે. આ 'ફાસ્ટ ફોરવર્ડ' જમાનામાં જો બધું જ બદલાતું હોય, તો આપણા બિચારા વિદ્યાર્થીઓએ શું પાપ કર્યું છે કે ત્રણ-ત્રણ કલાકના લાંબા 'ટેસ્ટ ફોર્મેટ'માં પેન ઘસવી પડે?

ફૂડમાં હવે ફાસ્ટ ફૂડ થઈ ગયું છે, ફટાફટ બ્રેકઅપ પણ થાય છે, લગ્નની લાઇફ પણ લાંબી ચાલતી નથી તો પરીક્ષામાં ટી- ટ્વેન્ટી ફોર્મેટ કેમ નહીં આપણને અન્યાય થાય છે.

ઓફિસમાં દિલા એ જ્યારે 'T-20 એક્ઝામ'નો પ્રસ્તાવ મૂક્યો, ત્યારે સાહેબના ચહેરા પર એવા હાવભાવ હતા જાણે પહેલી જ ઓવરમાં પહેલા દડે કોઈએ સિક્સર ફટકારી દીધી હોય!

દિલાએ પ્રિન્સિપાલનું કામ આસાન કરવા પરીક્ષા ફોર્મેટ પણ આપી દીધું.

**પાવર-પ્લેઃ જ્યારે 'ફીલ્ડિંગ' ન હોય!**

દિલાનો પહેલો જ સિક્સર જેવો આઈડિયા હતો પાવર-પ્લે! ભાઈ, ક્રિકેટમાં પાવર-પ્લેમાં ફીલ્ડર ઓછા હોય, પણ પરીક્ષામાં પાવર-પ્લે એટલે સુપરવાઈઝર વર્ગખંડમાંથી ગાયબ!

કલ્પના કરો, પરીક્ષા શરૂ થાય અને પહેલી ૩૦ મિનિટમાં ક્લાસમાં કોઈ શિક્ષક ન હોય. આને કહેવાય અસલી સ્વતંત્રતા. ક્લાસમાં ત્યારે જે 'ચર્ચાઓ' થાય, તેને 'ગ્રુપ ડિસ્કશન' કહેવું કે 'માસ કોપી' એ નક્કી કરવું અઘરું પડી જાય. સાહેબ બહાર ઊભા-ઊભા પરસેવો લૂછતા હોય અને અંદર દિલો બૂમ પાડીને પૂછતો હોય, 'એલા, ગાંધીજીના પિતાનું નામ શું હતું? કોઈને ખબર છે?' અને પાછળથી અવાજ આવે, 'એ બધું છોડ, પાવર-પ્લે પતે એ પહેલાં ગણિતના દાખલા ઉતારી લે!'

**સ્ટ્રેટેજિક ટાઈમ-આઉટઃ જ્યારે 'કોન્ફરન્સ' થાય!**

ક્રિકેટમાં સચિન તેંડુલકર પણ ટાઈમ-આઉટમાં પાણી પીવા જાય છે, તો આપણા દિલાને તરસ ન લાગે? દર ૨૦ મિનિટે બે મિનિટનો બ્રેક! આ બ્રેકમાં કોઈ પાણી નથી પીવાનું, પણ બાજુવાળાના પેપરમાંથી 'જ્ઞાન' પીવાનું છે. બે મિનિટમાં જે રણનીતિ ઘડાય 'જો ભાઈ, હું તને પર્યાવરણના પ્રશ્નો કહીશ, તું મને અંગ્રેજીના સ્પેલિંગ કહેજે' આવી ગોઠવણ જો મેદાન પર ધોની કરે તો એ 'કેપ્ટન કૂલ' કહેવાય, પણ જો દિલો કરે તો એ 'તોફાની' કહેવાય? આ તો અન્યાય છે ને?

**ફ્રી-હિટઃ માર્ક્સનો વરસાદ!**

સૌથી જોરદાર વાત તો પેલી 'ફ્રી હિટ'ની છે. પ્રશ્નપત્રમાં એક એવો પ્રશ્ન હોવો જોઈએ કે જેમાં તમે 'ગપ્પાં' મારો તો પણ પૂરા માર્ક્સ મળે! માનો કે પ્રશ્ન પુછાયો હોયઃ 'મોગલ સામ્રાજ્યના પતન વિશે લખો' અને ભુરો લખે, 'સાહેબ, મને નથી ખબર કારણ કે હું ત્યારે હાજર નહોતો.' તો પણ માર્ક્સ તો પૂરા જ મળવા જોઈએ! ફ્રી હિટ એટલે ગમે તેવો શોટ મારો, આઉટ થવાની બીક જ નહીં. વિદ્યાર્થી ત્યારે પેન ફેરવતા-ફેરવતા લખે, 'મારું નામ દિલો છે અને મને જલેબી ભાવે છે.' બસ, પાંચ માર્ક્સ રોકડા!

**ચિયર ગર્લ્સ ને વિજય ઉત્સવ**

પેલી દિલાની વાત તો સોનામાં સુગંધ ભળે એવી હતી. પેપર પતે એટલે સીધો ડાન્સ! હવે વિચારો, જેવું દિલાએ છેલ્લી લીટી લખી કે તરત જ ક્લાસમાં ડીજે વાગવા માંડે કે નહીં? અને બે છોકરીઓ આવીને ડાન્સ કરવા માંડે. આ જોઈને સાહેબને એટેક ન આવે તો બીજું શું થાય? સાહેબ જે આજીવન 'શાંતિ જાળવો'ના પાટિયા નીચે બેઠા હોય એમને માટે આ 'T-20 એન્ટરટેઈનમેન્ટ' સહન કરવું અઘરું છે.

જો ખરેખર આવું ફોર્મેટ આવે તો ભારતનો સાક્ષરતા દર ૧૦૦% થી પણ ઉપર નીકળી જાય (કારણ કે ઘણા તો ડાન્સ જોવા માટે ફરી પરીક્ષા આપે!). ભુરો આજે વર્ગનો 'મેન ઓફ ધ મેચ' હતો. સાહેબ બિચારા 'ક્લિન બોલ્ડ' થઈને કાયમ માટે મેદાન છોડી ગયા. ■

**વિચારવાયુ**

*જો પરીક્ષામાં ટી- ૨૦ આવે તો નોકરીમાં પણ આવે જ ને?*

*દિવસમાં બે બે વાર અલગ અલગ કંપનીએ કાઢી મુકેલાના દાખલા જોવા મળશે.*

ભાત ભાત કે લોગ
જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# વિશ્વના સૌથી મિલિટરાઈઝ્ડ માઈક્રો-સ્ટેટ 'જિબૂટી' વિશે કશું જાણો છો ખરા?

**મધ્ય-પૂર્વનું** કોકડું બરાબર ગૂંચવાયું છે. એ સાથે જ આખી દુનિયા એ કોકડામાં ગૂંચવાઈને રૂંધાઈ રહી છે.

અમેરિકા-ઇઝરાયલ અને ઈરાન વચ્ચેનું યુદ્ધ લંબાતું જાય છે તેમ તેમ વૈશ્વિક ઊર્જા સંકટ ઘેરું બની રહ્યું છે. એનું કારણ છે ઈરાને બંધ કરી દીધેલો સ્ટ્રેટ ઓફ હોર્મુઝનો જળમાર્ગ. પર્શિયન ગલ્ફમાંથી નીકળતા તેલના ૮૦%થી વધુ ચીન, ભારત, જાપાન, કોરિયા જેવા એશિયન દેશો તરફ જાય છે. હાલ આ માર્ગ બંધ છે. યુરોપને પણ પોતાની તકલીફો છે જ, પણ હમણાં તકલીફોની વાત બાજુએ મૂકીને ઉપાય વિષે વિચારીએ.

યુદ્ધ મુખ્યત્વે બે મુદ્દાને આધારે લડાતું હોય છે. એક તો ધાર્મિક મુદ્દો અને બીજો મુદ્દો તે વ્યાપારી હિત. સામાન્ય પ્રજા ધાર્મિક મુદ્દાને મહત્ત્વનો માને છે,પણ હકીકતે શાસકોના મનમાં વ્યાપારી ગણતરીઓ ચાલતી હોય છે. આ સત્ય સમજવા માટે મધ્ય-પૂર્વમાં ચાલી આવેલા સંઘર્ષોની લાંબી કથા જાણવી જોઈએ. વિશ્વના તમામ મહત્ત્વના શાસકો મધ્ય-પૂર્વના વ્યાપારિક મહત્ત્વને બરાબર સમજે છે. અને કદાચ એટલે જ આ વિસ્તાર મોટે ભાગે તણાવગ્રસ્ત રહે છે. અત્યારે સામાન્ય જનતાને લાગે છે કે ઈરાન હોર્મુઝની ખાડી બંધ કરી દેશે તો બાકીની દુનિયા ખાસ કરીને યુરોપ અને એશિયાના દેશો ઊર્જાસંકટમાં ફસાઈ જશે. આ વાત ઘણે અંશે સાચી છે, પણ સંપૂર્ણ સાચી નથી, કારણકે દાયકાઓથી ચાલી આવતા તણાવને પગલે વિશ્વની મહાસત્તાઓએ બીજા વિકલ્પ ગોતી રાખ્યા છે. જીઓપોલિટિક્સને લગતા કોઈ પણ મામલાને સમજવા માટે દુનિયાનો નકશો આંખ સામે રાખવો જોઈએ..

ઈરાક, ઈરાન, સાઉદી અરેબિયા અને દુબઈ જેવા દેશો વચ્ચે હોર્મુઝની ખાડી આવેલી છે. આ આખો વિસ્તાર એટલે પર્શિયન અખાત. મધ્ય-પૂર્વના દેશોમાં ઉત્પાદિત થતા ઓઇલનો મહત્તમ જથ્થો આ માર્ગે થઈને અરબ સાગર પહોંચે છે અને અહીંથી એશિયન દેશો તરફ રવાના થાય છે. યુરોપ તરફ જવા માટે એક અન્ય માર્ગ પણ છે માનવનિર્મિત સુએઝ કેનાલનો માર્ગ. મધ્ય-પૂર્વ સાથેના વેપારમાં સુગમતા રહે એ ખાતર ઠેઠ ઓગણીસમી સદીમાં યુરોપીયન દેશોએ ઈજિપ્ત નજીક એશિયા અને આફ્રિકા ખંડોને છૂટા પાડતી સુએઝ કેનાલ બનાવી લીધી.




નકશો જોતા સમજાશે કે સાઉદીની ઉત્તરે - ઈરાન અને સાઉદી અરેબિયા વચ્ચે હોર્મુઝની ખાડી છે, જે ગલ્ફ ઓફ ઓમાન થઈને અરબ સાગર સુધી પહોંચે છે. એવી જ રીતે સાઉદીની દક્ષિણે - સાઉદી અરેબિયા અને આફ્રિકન દેશોની વચ્ચે રેડ સી આવેલો છે. સુએઝની નહેર આ રેડ સીને યુરોપને સ્પર્શતા ભૂમધ્ય સમુદ્ર એટલે કે મેડીટેરેનિયન સી સાથે જોડી દે છે. હવે વિચાર કરો કે ઠેઠ ઓગણીસમી સદીમાં યુરોપને આ વ્યાપારિક માર્ગનું મહત્ત્વ સમજાઈ ગયેલું. બીજી તરફ રેડ સીમાં દક્ષિણ-પૂર્વીય દિશામાં આગળ વધો તો ગલ્ફ ઓફ એડન પહોંચો, જ્યાંથી અરબ સાગરમાં પ્રવેશી શકાય.

હવે ફરી એશિયન દેશોના વેપાર માર્ગની વાત કરીએ. એશિયા માટે પણ રેડ સીનો માર્ગ ઉપયોગી સાબિત થાય એમ છે. અહીં આપેલા નકશામાં તમને સાઉદી અરેબિયા વચ્ચેથી પસાર થતી લાલ લાઈન દેખાશે. આ લાઈન એટલે ઈસ્ટ વેસ્ટ પાઈપ લાઈન. યુએઈમાંથી પસાર થતી આ પાઈપ લાઈન તેલને રેડ સીમાં આવેલ યામ્બુ બંદર સુધી લઇ જાય છે.

અહીંથી પુરવઠો બાબ-અલ-મંદબ નામના પોર્ટ તરફનો માર્ગ પકડે છે અને યમન પાસે થઇને ઓફ એડન સુધી પહોંચે છે. અહીંથી અરબ સાગર તરફ રવાના થાય છે.

યુરોપિયન દેશોએ દાયકાઓ અગાઉ સુએઝ કેનાલ બનાવીને મધ્ય-પૂર્વ અને એશિયન દેશો સાથેનો ટૂંકો જળમાર્ગ વિકસાવી લીધેલો. જેથી અખાતી દેશોમાં કંઈક ગરબડ થાય તો પણ મિડલ-ઈસ્ટ અને આફ્રિકા વચ્ચેથી પસાર થતો સુરક્ષિત વ્યાપારી માર્ગ મળી રહે. સુએઝ કેનાલની સાથે મળીને આ રૂટ યુરોપ અને એશિયા વચ્ચેનો સૌથી ટૂંકો માર્ગ છે.

બીજી તરફ ઈરાને એનો તોડ કાઢતા હોય એ રીતે યમન નજીક હૂથી બળવાખોરોને પોષી રાખ્યા છે, જેથી ગલ્ફ ઓફ ઓમાનની સાથે જ ગલ્ફ ઓફ એડનમાં પણ એનો દબદબો કાયમ રહે. આ બધા વચ્ચે એક ટચૂકડા આફ્રિકન દેશનું મહત્ત્વ પણ સમજવા જેવું છે. આ દેશ એટલે હમણાં જેનો ઉલ્લેખ કર્યો એ બાબ-અલ-મંદબ નામક બંદરનો દેશ જિબુટી.

આ જિબુટીમાં આખી દુનિયાને રસ છે, કારણ કે જે રીતે હોર્મુઝ સ્ટ્રેટમાં દુબઈ મોકાને સ્થાને આવેલું છે, એમ ગલ્ફ એડનથી રેડ સી જવાના રસ્તે જિબુટી દેશ મોકાના સ્થાને આવેલો છે. જો કે દુબઈની માફક વૈશ્વિક વેપાર કેન્દ્ર બનવાનું એના નસીબમાં નથી. કારણકે જિબુટીનું મહત્ત્વ સમજી ગયેલા ફ્રાન્સે ઠેઠ દાયકાઓ પહેલા અહીં લશ્કરી થાણું નાખેલું. એ પછી અમેરિકા, ચીન, જાપાન, ઇટાલી, જર્મની, સ્પેન અને સાઉદી અરેબિયા જેવા દેશોએ પણ અહીં પોતાના લશ્કરી થાણા સ્થાપી દીધા. માત્ર ૨૩,૨૦૦ ચોરસ કિલોમીટરનો વિસ્તાર અને દસેક લાખની વસ્તી ધરાવતા આ ટચૂકડા દેશમાં આઠ જેટલા દેશોએ પોતાના લશ્કરી થાણા સ્થાપ્યા છે. વિશ્વના બીજા કોઈ દેશમાં આટલા બધા દેશોને મિલીટરી ઇન્ટરેસ્ટ નથી પડ્યો. ખૂબીની વાત એ છે કે જિબુટી પાસે આટઆટલા દેશોના થાણા માટે પૂરતી જગ્યા જ નથી. તેમ છતાં બધા દેશોએ મળી-સમજીને એકબીજાથી નજીક નજીક પોતાના હેડક્વાર્ટર્સ બનાવ્યા છે. અમુક થાણાઓ વચ્ચે તો થોડાક જ કિલોમીટરનુ અંતર છે! આ વિચિત્ર પરિસ્થિતિએ જિબુટીને વિશ્વનું સૌથી મિલિટરાઇઝ્ડ માઇક્રો-સ્ટેટ બનાવી દીધું છે.

જો કે જિબુટીની સરકારે આ પરિસ્થિતિમાંથી ય ધંધો શોધી લીધો! ચીન અને અમેરિકા જેવા કટ્ટર દુશ્મન ગણાતા દેશોને જિબુટીએ જગ્યા ભાડે આપી છે. જિબુટી બધા દેશોના લશ્કરી અડ્ડાઓ પાસેથી લીઝ પેટે દર વર્ષે ૭૦ થી ૧૦૦ મિલિયન ડૉલર્સ જેટલી તગડી રકમ મેળવે છે. ■

# રહસ્ય



## ઈન્સ્પેક્ટર કરણ બક્ષીઃ કેસ ફાઈલ્સ

ટીના દોશી

'બોલ રિયા, પછી તેં શું ફેંસલો કર્યો ?'

'રાજ, હું મારો ફેંસલો તને પહેલાં જ સંભળાવી ચૂકી છું.'

'તો શું આ તારો અંતિમ નિર્ણય છે ?'

'હા, રાજ.'

'અને મારા વિશેનો તારો નિર્ણય પણ આખરી જ છે ને ?'

'અરે ગૌતમ, તું અત્યારે ક્યાંથી ?'

'રિયા, હું તો માત્ર પાકું કરવા આવેલો. તેં તારો નિર્ણય બદલ્યો તો નથી ને ?'

'હોતું હશે કાંઈ... મારો નિર્ણય અફર છે.'

'નિર્ણય તો મેં પણ કર્યો છે, રિયા..'

'અરે, ગુંજન... તું પણ અત્યારે જ અહીં?'

'હા, અત્યારે. તેં મારી કારકિર્દી ખતમ કરી નાખી એ તો મેં સહન કરી લીધું. પણ હવે તેં મારો પ્રેમ છીનવી લીધો છે. એ હું કોઈ પણ ભોગે સહન નહીં કરું.'

અવાજના આરોહ અવરોહ સાથે સંવાદ થોડો લંબાયો. રિયા, રાજ, ગૌતમ અને ગુંજન વચ્ચેની ચર્ચાએ ઉગ્ર બોલાચાલીનું સ્વરૂપ ધારણ કર્યું. થોડી વાર પછી...

એક ધડાકો અને એક ચીસ...

એ સાથે રંગમંચ પર પરદો પડ્યો. રહસ્ય અને રોમાંચથી ભરપૂર ત્રિઅંકી નાટક 'કાતિલ કોણ'નો ત્રીજો અંક પૂરો થયો. નાટકના પ્રથમ બે અંકે દર્શકોને મંત્રમુગ્ધ બનાવી દીધેલાં. 'રહસ્ય' નાટકની ગૂંથણીએ જમાવટ કરેલી. મજબૂત કથા ને મજબૂત પટકથા. એમાં ચોટદાર સંવાદની સુગંધ ભળી. રિયા અને રાજ તથા ગૌતમ અને ગુંજનની પ્રેમકહાણીથી શરૂ થયેલા નાટકે ધીમે ધીમે એવો ખતરનાક વળાંક લીધો કે ખૂની ખેલથી એનો અંત આવ્યો.

ત્રીજો અંક સમાપ્ત થતાં જ દર્શકોમાં એક પ્રકારની સ્તબ્ધતા છવાઈ ગઈ. એકાદ મિનિટની શાંતિ પછી તાળીઓના ગડગડાટથી નાટ્યભવન ગુંજી ઊઠ્યું. નાટકમાં કાતિલનું રહસ્ય છતું થતાં જ લોકો આફરીન પોકારી ઊઠેલા. નાટકને વખાણી વખાણી ને દર્શકો વિખરાઈ રહેલા. એવામાં નાટ્યભવનને આરપાર ચીરતી એક ચીસ ગુંજી ઊઠી : ખૂઉઉ...ન..ખૂન!

સહુના પગ થંભી ગયાં. ઉતાવળે ચીસની દિશામાં વળ્યાં. ચીસનું પગેરું રંગમંચ ભણી દોરી ગયું. નાટકના કલાકારો ગોળ કુંડાળું વળીને ચીસો પાડી રહેલાં. ચીસાચીસ સાંભળીને નાટકના દિગ્દર્શક ભાવેશ ભોજાણી પણ રંગમંચ પર પહોંચી ગયેલા. એમણે ઝડપથી કલાકારોને ખસેડ્યા. જે દ્રશ્ય જોયું તે જોઈને એમની આંખોના ડોળા બહાર ધસી આવ્યા. રંગમંચની ફર્શ પર રિયા એવી રીતે ઢળી પડેલી જાણે હમણાં જ ઊભી થઈને વાતો કરવા લાગશે... પણ રિયાના લમણા પરના ગોળીના નિશાન અને એમાંથી વછૂટેલી લોહીની ધાર જોઈને રંગમંચ પર ઉપસ્થિત સહુ કોઈ જાણી ગયેલું કે હવે રિયા ક્યારેય ઊભી નહીં થાય અને ક્યારેય વાતો નહીં કરે.. રિયા મૃત્યુ પામી... ના, એનું ખૂન થયેલું!

રંગમંચ પર કરુણ અને કરપીણ દ્રશ્ય જોઈને દિગ્દર્શક ભાવેશ ભોજાણી મનોમન તો ભાંગી પડ્યા, પણ સ્વસ્થતા ધારણ કરીને સૌ પ્રથમ તો એમણે પોલીસ સ્ટેશને ફોન કરીને ખૂન થયાના સમાચાર આપ્યા. પછી રંગમંચ પર હાજર રહેલાઓને કોઈ પણ ચીજવસ્તુને ન અડકવાની સૂચના આપી. વળી ટોળે વળેલાંઓને એક બાજુ ખસી જવા કહ્યું.

ગણતરીની ક્ષણોમાં સાયરન વગાડતી પોલીસજીપ આવી પહોંચી. ઈન્સ્પેક્ટર કરણ બક્ષી અને જુનિયર દેવકી દીક્ષિત કૂદકો મારતાં હોય એવી ચુસ્તીસ્ફૂર્તિથી પોલીસજીપમાંથી ઊતર્યાં. નાટ્ય દિગ્દર્શક ભાવેશ ભોજાણી ઉતાવળે સામે પગલે દોડ્યા. ઈન્સ્પેક્ટર બક્ષીના ખભા સુધી માંડ પહોંચતા ભાવેશ કરણ અને દેવકીને રંગમંચ તરફ દોરી ગયાં. પાંચ પગથિયાં ચડીને સહુ રંગમંચ પર ચડ્યાં. કરણ અને દેવકીની અનુભવી આંખોએ ઝડપથી ઝીણવટભરી નજરે રંગમંચ પર ચારેકોર નિરીક્ષણ કર્યું.

રંગમંચ પર સન્નાટો પ્રસરી ગયેલો. રોશનીથી ઝળહળતા મંચ પર દીવાનખંડનું દ્રશ્ય ઊભું કરાયેલું. બે જણા બેસી શકે એવા બે સોફા, બે ચેર અને વચ્ચે નકશી કરેલી લાકડાની ટિપોઈ. એક બાજુ રસોડા ભણી ઉઘડતું બારણું. બીજી બાજુ બહાર જવાનો રસ્તો. બારણાનો અને બહાર જવાનો રસ્તો ઈંગિત કરતા લાલ કપડાથી આવરી લીધેલા લાકડાનાં પાર્ટીશન. રંગમંચના નેપથ્યમાં બ્લુ રંગનો પરદો તથા લાઈટિંગની સાજસજ્જા. પરદા પાછળથી જરૂર મુજબનું સંગીત રેલાયા કરે એવી વ્યવસ્થા.

મંચની વચ્ચોવચ ચેરની બાજુમાં રિયાનો મૃતદેહ ઢળી પડેલો. પોલીસ ઈન્સ્પેક્ટરોએ જોયું કે જમણા લમણામાં બરાબર વચ્ચે નહીં, પણ લમણાથી થોડેક ઉપરના ભાગે મસ્તકની લગોલગ ગોળીનું નિશાન અને એના ફરતે લોહીનું ધાબું ફેલાયેલું. એના બંને લમણાને વીંધીને ગોળી આરપાર નીકળી ગયેલી. જમણે લમણે ગોળીનું નિશાન ઊંચે ભાગે હતું ને ડાબે લમણે થોડી નીચેની બાજુએ. લોહીની ધાર લમણેથી વહીને ચહેરા પર થઈને આસમાની રંગની સાડીને ખરડી રહેલી. સાડીનો આગળનો થોડોક ભાગ લોહીથી રંગાયેલો. પાંચ ફૂટ સાડા ત્રણ ઇંચ જેટલી ઊંચાઈ ધરાવતી ખૂબસૂરત રિયાનું મસ્તક ઢળી પડેલું ત્યાં ફર્શ પર લોહીનું નાનું કુંડાળું બની ગયેલું. રિયાનો ડાબો હાથ એના ડાબા પડખા નીચે દબાઈ ગયેલો. જમણા હાથે બાજુમાં પડેલી ખુરસીના પાયાને પકડી રાખ્યો હોય ને પછી અચાનક પકડ ઢીલી પડી જતાં ફંગોળાયો હોય એ પ્રકારની હાથની મુદ્રા હતી. રિયાના કપાળે આસમાની બિંદી શોભી રહેલી. કાનમાં ઝીણી બુટ્ટી. હાથમાં કાચની આસમાની રંગની ચૂડીઓ. ફર્શ પર ટકરાઈને જમણા હાથની કેટલીક ચૂડીઓ તૂટી ગયેલી. કાચ આજુબાજુ વિખરાયેલા. નમણા મુખડા પર પીડા અને આઘાતના ભાવ સ્પષ્ટપણે અંકાયેલા.

રિયાના મૃતદેહનું બારીકાઈથી અવલોકન કર્યા પછી કરણ બક્ષી દિગ્દર્શક ભાવેશ ભોજાણી તરફ ફર્યો. દેવકી નોંધ ટપકાવવા ડાયરી અને પેન સાથે તૈયાર થઈ ગઈ. ઈન્સ્પેક્ટર બક્ષી સીધો જ મુદ્દા પર આવી ગયો : 'ડાયરેક્ટર સાહેબ, નાટકમાં ખૂનનું દ્રશ્ય હોય એ તો જાણે સમજ્યા, પણ ખરેખર ખૂન કઈ રીતે થઈ ગયું? 'કાતિલ કોણ' નાટકની કથા અનુસાર કાતિલ કોણ છે? એ જ ખૂની હશે!'

'સાહેબ, આ બધું કેવી રીતે થઈ ગયું એ જ સમજાતું નથી...' ભાવેશને કળ જ વળતી નહોતી : 'હજુ તો નાટકના બે જ શો થયા છે. બંને સુપરડુપર હીટ... મને તો હતું કે આ શો મને બમ્પર કમાણી કરાવશે, પણ આ તો પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવું થયું...'

ભાવેશ ભોજાણી સડક પર પૂરપાટ વેગે દોડતા વાહનની જેમ એકધારું બોલવા મથી રહેલા, પણ સ્પીડબ્રેકર બનીને કરણે એમને અવરોધ્યા : 'મિસ્ટર ભોજાણી, રંગમંચ પર એક અભિનેત્રીનું ખૂન થઈ ગયું છે. એટલે પહેલાં તો એ જણાવો કે નાટકમાં કાતિલ કોણ છે ? વળી નાટકમાં તમે સાચુકલા હથિયાર વાપરો છો ? એની પરવાનગી છે તમારી પાસે?'

'અરે,હા... એ તો હું સાવ ભૂલી જ ગયો...' ભાવેશ કહી રહ્યા : 'આવડી મોટી વાત જ મારા મગજમાંથી નીકળી ગઈ. અમે નાટકમાં ક્યારેય સાચાં હથિયારોનો ઉપયોગ કરતા નથી. ન જ કરાય ને? નાટકનું નામ કાતિલ કોણ હતું એટલે સ્વાભાવિક રીતે અમે પિસ્તોલ લઈ આવેલા. પણ એ તો નકલી. ફટાકડા ફોડવાની બંદૂકડી હતી. એનાથી તો કોઈ કેવી રીતે મરે?'

'ભાવેશભાઈ...' કરણ બક્ષી એક એક શબ્દ પર ભાર આપીને ધારદાર અવાજે બોલ્યો : 'મેં એમ પૂછ્યું કે નાટકની કથા અનુસાર કાતિલ કોણ છે એનું નામ જણાવો.' ભાવેશે જાણે તંદ્રામાં હોય એમ લાગ્યું. દરમિયાન કરણ બક્ષીનો નજરનો ઈશારો પારખીને દેવકીએ રંગમંચ પર કુતૂહલવશ એકઠાં થયેલા લોકો તરફ જોઈને પૂછ્યું : 'તમે લોકોએ તો જોયું જ હશે ને કે રિયા પર ગોળી કોણે ચલાવેલી?'

'ના, અમે કાંઈ જ જોયું નથી..' ટોળામાંથી એક દર્શક આગળ આવીને બોલ્યો : 'ઈન્સ્પેક્ટર સાહેબ, અમે નાટક જરૂર જોયું, પણ ગોળી કોણે ચલાવેલી એ ખબર ન પડી. કારણ કે નાટકનું છેલ્લું દ્રશ્ય તદ્દન અંધારામાં જ હતું. માત્ર સંવાદ સંભળાય, પણ દેખાય કાંઈ નહીં. એટલે ગોળીનો અવાજ સંભળાયો ત્યારે ગોળી ચલાવનાર કોણ છે એ ખબર ન પડી, પણ હા... રંગમંચ પર ઉજાસ પથરાયા બાદ ગૌતમના હાથમાં પિસ્તોલ જોઈને અમને ખબર પડી કે એ જ કાતિલ છે.'

સહુ દર્શકોએ પણ આ વાતમાં હામી ભણી, ત્યારે એકાએક તંદ્રામાંથી જાગ્યો હોય એમ ભાવેશ બોલી ઊઠ્યો : 'ગૌતમ ? ના હોય... આજે તો રાજે ગોળી ચલાવવાની હતી. તો રાજને બદલે ગૌતમના હાથમાં પિસ્તોલ ક્યાંથી આવી ?'

'દિગ્દર્શક સાહેબ, આજે રાજે ગોળી ચલાવવાની હતી એટલે શું ?' દેવકી નવાઈથી પૂછી રહી : 'શું રોજ તમારા નાટકમાં કાતિલ બદલાયા કરે છે?'

'ઈન્સ્પેક્ટર સાહેબ, એવું છે કે અમે આ વખતે નાટકમાં નવો પ્રયોગ કર્યો છે...સામાન્યપણે અમે રહસ્યથી ભરપૂર નાટક જ બનાવીએ છીએ. નાટક વખણાય પણ ખરા, પરંતુ અમારો અનુભવ એવો રહ્યો છે કે નાટક ગમે તેટલું રસપ્રદ હોય પણ ત્રીસ-પાંત્રીસ શો થયા પછી ઉત્તમ કથાપટકથા, ઉત્તમ સંવાદો, ઉત્તમ કલાકારો અને ઉત્તમ અભિનય હોવા છતાં નાટકમાંથી લોકોનો રસ ઊડવા માંડે. કારણ એટલું જ કે નાટક જોનારાઓ જાણીજોઈને અથવા અતિ ઉત્સાહમાં આવીને સસ્પેન્સ ખુલ્લું પાડી દેતા. એથી ઘણી વાર અન્ય દર્શકોનો નાટક જોવાનો રોમાંચ વરાળ બનીને ઊડી જતો. પાંત્રીસેક શો પછી તો બધાંને નાટકનું સસ્પેન્સ ખબર પડી જતી. એથી જોનારાઓની સંખ્યા ઘટતી જતી.' ભાવેશે પૂર્વભૂમિકા બાંધી. પછી પોતાના અખતરા વિશે ગર્વભેર કહેવા માંડ્યો :

'અમારા અનુભવને ધ્યાને લઈને આ વખતે અમે એવું નક્કી કર્યું કે નાટકના દરેક શોમાં કાતિલ બદલતા રહેવું. એક દિવસ ગુંજન કાતિલ હોય તો બીજે દિવસે ગૌતમ, ત્રીજે દિવસે રાજ ને ચોથે દિવસે રિયા. એ જ રીતે એક દિવસ ગૌતમનું ખૂન થાય, બીજે દિવસે રાજનું ખૂન થાય, ત્રીજે દિવસે રિયાનું ખૂન થાય ને ચોથા દિવસે ગુંજનનું. અમે કથાની ગૂંથણી જ એ રીતે કરેલી કે નાટકનાં ચારેય પાત્રો પાસે કતલ કરવાનું કારણ હોય અને ચારેય પાત્રો પાસે એકમેકની કતલ કરવાનું કારણ પણ હોય.'

'ઈન્ટરેસ્ટિંગ...' કરણ બક્ષીના મુખેથી પ્રશંસાના ઉદગાર નીકળી પડ્યા : 'તમારો અખતરો ખરેખર ઉત્તમ છે. પણ એવી તે કેવી કથા લખાવી છે તમે...જરા જણાવો તો ખરા.'

'સાહેબ...' ભાવેશ ભોજાણી વખાણ સાંભળીને તાનમાં આવી ગયા : 'મારા નાટકની કથા પ્રણય ચતુષ્કોણ છે. ચાર મુખ્ય પાત્રો છે. રિયા, ગુંજન, રાજ અને ગૌતમ. એ જ એમનાં સાચા નામ પણ છે. ચારેયની જોડીએ છેલ્લા બે-ત્રણ નાટકમાં કમાલ કરીને બતાડી છે. એનું કારણ એ કે રિયલ લાઈફમાં પણ ચારેય પ્રેમીઓ જ છે. રિયા અને રાજ. ગુંજન અને ગૌતમ. કથામાં પણ આ જ જોડીઓ યથાવત રાખી. ચારેયની પ્રેમકહાણીથી નાટક શરૂ થાય. પ્રણયમાં ઉતારચડાવ આવે. પછી અણધાર્યો વળાંક આવે. રિયા ગૌતમ ભણી આકર્ષાય અને રાજ ગુંજન ભણી. પ્રણય ચતુષ્કોણ રચાય. અન્ય નાટકીય તત્ત્વો ઉમેરાય. પ્રેમીઓનો પ્રેમ દુશ્મનીમાં બદલાઈ જાય. પરિણામે ચારેય પરસ્પરને પામવા એકમેકનું ખૂન કરવા તૈયાર થઈ જાય... ષડ્યંત્ર રચાય. જાળ બિછાવાય. નાટકનું છેલ્લું દ્રશ્ય અંધારામાં ભજવાય. ખૂન થાય. અંતે રહસ્ય પરથી પરદો ઊઠે અને કાતિલ કોણ છે એ છતું થાય !'

'ભાવેશભાઈ, તમારી કથા જમાવટ કરે એવી છે, પણ નાટકમાં નકલી ખૂનને બદલે અસલી ખૂન કેવી રીતે થયું ?' કરણ બક્ષીએ અણિયાળો પ્રશ્ન પૂછ્યો.

'એનો તો મને ખુદને પણ આઘાત લાગ્યો છે...' ભાવેશ ભોજાણી આજુબાજુ જોઈ લઈને દબાયેલા સૂરે કહી રહ્યા : 'હું અત્યંત પ્રોફેશનલ માણસ છું. નાટકને અંતિમ ઓપ આપી દઉં, કલાકારોની પસંદગી કરી લઉં અને કલાકારોને પાત્રાલેખન સમજાવી દઉં એ પછી ઝાઝી ડબડબ કરતો નથી. કલાકારો રિહર્સલ કરે ત્યારે હાજરી આપું છું. દ્રશ્ય સમજાવવાની જરૂર હોય તો સમજાવું છું. એથી વિશેષ કશું નહીં. એમની અંગત બાબતોમાં હું ચંચુપાત કરતો નથી.છતાં ખૂન જેવો ગંભીર બનાવ બન્યો છે એટલે જણાવવાની મારી ફરજ છે એમ સમજીને હું કહું છું કે રિહર્સલ દરમિયાન મને એવું લાગ્યા કરતું કે ચારેયના સંબંધો પહેલાં જેવા સામાન્ય રહ્યા નહોતા.'

'એટલે...?' કરણ બક્ષીને રસ પડ્યો. હવે સુરાગ મળશે!

'એટલે એમ કે ચારેયની જોડી ખંડિત થઈ રહેલી...' ભાવેશની ભાષા સાહિત્યિક જણાઈ : 'મારે તો કામ સાથે કામ. હું કાંઈ એમની અંગત બાબતો અંગે પડપૂછ કરું નહીં. પણ મને એવું લાગ્યા કરતુ કે રાજ ગુંજન ભણી અને ગૌતમ રિયા ભણી ઢળી રહેલો. ક્યારેક ચારેયની બોલાચાલી પણ થઈ જતી. પણ મને એમ કે મારે શું... કોઈ સલાહ માંગે તો આપવાની. બાકી તો જેમ ચાલતું હોય એમ ચાલવા દેવાનું. પણ મામલો ખૂન સુધી પહોંચી જશે એ તો ધાર્યું જ નહોતું. ચારેયની ચડભડ થઈ હશે ને મોકો જોઈને ગૌતમે ખૂન કરી નાખ્યું હશે. મારી જાણબહાર એ લોકોએ નાટકનો અંત બદલી નાખ્યો. બાકી મેં કહ્યું એમ આજે તો રાજે ખૂન કરવાનું હતું, ગૌતમે નહીં !'

ગૌતમ, ગુંજન અને રાજ રંગમંચ પર એક બાજુ ઊભેલાં. ઈન્સ્પેક્ટર કરણ બક્ષીએ ત્રણેયને પાસે બોલાવ્યાં. એમનું નિરીક્ષણ કર્યું. પોણા છ ફૂટ જેટલી ઊંચાઈ ધરાવતા રાજનું વ્યક્તિત્વ સોહામણું હતું. ગોરો વર્ણ, બદામી આંખો અને વાંકડિયા વાળ. ગુંજન રિયાની સરખામણીમાં નીચી, ઓછી દેખાવડી ને ઓછી રૂપાળી. પણ સુંદર તો ખરી જ. ગૌતમ રાજની તુલનામાં નીચો કહી શકાય. સાડા પાંચ ફૂટ કરતાં ઓછી ઊંચાઈ હશે. વ્યક્તિત્વ અનાકર્ષક નહીં, પરંતુ આકર્ષક પણ નહીં.

'તો ગૌતમ...' કરણે સીધો જ વાર કર્યો : 'તમે અંધારાનો લાભ લઈને રિયાનું ખૂન કરી નાખ્યું, કેમ?'

'ના, સાહેબ...' ગૌતમના અવાજમાં થોડો ડર હતો, થોડો કંપ : 'હું તો રિયાને પ્રેમ કરવા માંડેલો. ગુંજન સાથે છેડો ફાડીને રિયા સાથે જોડવાનો નિર્ણય મેં કરેલો. રિયા પણ તૈયાર હતી. એ પણ મને પ્રેમ કરવા લાગેલી. તો હું શું કામ એનું ખૂન કરું ?'

'તો પિસ્તોલ તમારા હાથમાં ક્યાંથી આવી?' દેવકીએ મુદ્દાનો સવાલ કર્યો. એણે ઝીણી નજરે જોયું કે રાજ અને ગુંજનના ચહેરા ગુસ્સાથી તમતમી ગયેલાં.

'પિસ્તોલ મારા હાથમાં ક્યાંથી આવી એ તો હું પણ જાણતો નથી..' ગૌતમના સ્વરમાં મૂંઝવણ ઊપસી આવી : 'નાટકના છેલ્લા દ્રશ્યમાં રંગમંચ પર અંધારું કરવામાં આવ્યું. અંધારું થયું ત્યારે રિયા મારી બરાબર સામે ઊભેલી. મારી ડાબી બાજુએ ગુંજન અને જમણી બાજુએ રાજ ઊભેલો. કથા અનુસાર રાજે રિયાને ગોળીએ દેવાની હતી. ગોળીબારનો અવાજ સંભળાયો પણ ખરો. એવામાં મને એવું લાગ્યું કે કોઈ મારી પાસેથી સરકી ગયું હોય. હું કાંઈ સમજી શકું એ પહેલાં તો એણે મારા હાથમાં પિસ્તોલ પકડાવી દીધી. એટલામાં તો રંગમંચ પર ઉજાસ થઈ ગયો.'

'રાજ, આજે તમારે રિયાનું ખૂન કરવાનું હતું....' કરણ બક્ષીએ રાજની આંખમાં આંખ પરોવીને વેધક સવાલ કર્યો : 'તમારે બદલે ગૌતમના હાથમાં પિસ્તોલ ક્યાંથી આવી... નાટકમાં ફેરફાર કોણે કર્યો ?'

'હું શું જાણું ?' રાજે બેફિકરાઈથી ખભા ઉલાળ્યા. રિયાના મૃત્યુનો એને જરાય અફસોસ નહોતો : 'મને લાગે છે કે તમારી તપાસની દિશા જ ખોટી છે. હું માનું છું કે રિયાએ આપઘાત કર્યો હશે. એને મોડે મોડે સમજાયું હશે કે એણે મારો પ્રેમ ઠુકરાવીને ભૂલ કરેલી. ભૂલ કરે એ ભોગવે.'

'એમ તો રાજ, તમે પણ રિયા સાથે દગો કરેલો ને?' દેવકી તિરસ્કારથી બોલી : 'તમે ગુંજનના પ્રેમમાં નહોતા પડેલા ?'

'એ તો રિયાને પાઠ ભણાવવા..' રાજના અવાજમાં નિશ્ચિંતતા હતી.

'અને ગુંજન, તમારે શું કહેવું છે ?' દેવકી પૂછી રહી.

'મને તો કશી સમજ પડતી નથી...' ગુંજન કહી રહી : 'હું માત્ર એટલું જાણું છું કે મેં ખૂન કર્યું નથી !'

'ભાવેશભાઈ, તમારો કાતિલ પકડાઈ ગયો છે...' કરણે રહસ્ય છતું કર્યું : 'એ છે રાજ !'

'ઈન્સ્પેક્ટર...' રાજે ફૂંફાડો માર્યો : 'એમ ગપ્પાં ન મારો. મેં કોઈ ખૂન કર્યું નથી!'

'રાજ, ખૂન તમે જ કર્યું છે...' કરણ બક્ષી કડકાઈથી કહી રહ્યો : 'તમને જોયા ત્યારે જ મને ખબર પડી ગયેલી કે કાતિલ તમે જ છો. કારણ કે રિયાના લમણામાં ઉપરના ભાગે ગોળી વાગી છે. જમણે લમણે ગોળીનું નિશાન ઊંચે ભાગે છે ને ડાબે લમણે થોડી નીચેની બાજુએ. એટલે કે ગોળી ઉપરથી નીચેના ભાગ તરફ ગઈ છે. રિયાની ઊંચાઈ પાંચ ફૂટ સાડા ત્રણ ઇંચ જેટલી છે. ને રાજ, તમારી ઊંચાઈ લગભગ પોણા છ ફૂટ જેટલી. તમે જ લમણા કરતાં ઉપરના ભાગે સરળતાથી ગોળી છોડી શકો. એ પહેલું કારણ. ગૌતમની ઊંચાઈ તો સાડા પાંચ ફૂટની પણ નથી. એ રિયાના લમણા પર ગોળી છોડી શકે, ઉપરના ભાગે નહીં. વળી ગોળી ઉપરથી નીચે તરફ ગઈ છે. ગૌતમે ગોળી છોડી હોત તો ગોળી લમણાને આરપાર વીંધી ગઈ હોત. ઉપરથી નીચે ન ગઈ હોત. એ બીજું કારણ. વળી ગુંજન તો રિયાથી નીચી છે. એણે ગોળી ચલાવવી હોય તો રિયાની છાતીમાં ચલાવવી પડે. લમણામાં ગોળી ચલાવવાનું એના માટે શક્ય નહોતું. એ ત્રીજું કારણ. અને રાજ, રિયાનું ખૂન થયું છે એ પ્રથમ દ્રષ્ટિએ જ દેખાય છે, પણ તમે આપઘાતની થિયરી ઉપજાવી કાઢી. જો રિયાએ આપઘાત કર્યો હોત તો પિસ્તોલ એના હાથમાં હોત. ગૌતમના હાથમાં નહીં. એ ચોથું કારણ... રાજ, આજે તમારે ખૂન કરવાનું હતું. એટલે નાટકની નકલી પિસ્તોલને બદલે તમે તમારી અસલી પિસ્તોલ લઈ આવ્યા. ભાવેશભાઈ, નકલી પિસ્તોલ એના સ્થાને જ પડેલી હશે. તપાસ કરાવી જોજો. અને રાજ, રિયા સાથે બદલો લેવા એનું ખૂન કરીને ગૌતમના હાથમાં તમારી અસલી પિસ્તોલ પકડાવી દીધી. બોલો, ખરું કે ખોટું ?'

રાજ નીચું જોઈ ગયો. જેના પર એ મુસ્તાક હતો, એ ઊંચાઈએ જ એને દગો દઈ દીધેલો! ■

**આવતા અઠવાડિયે નવી કથા**

---


## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા feedback@bombaysamachar.com

# ચુઝી - તમિળનાડુનું સર્પાકાર આવાસ







સમાજથી દૂર, સન ૨૦૨૨માં સ્થપતિ 'વોલમેકર્સ' દ્વારા નિર્મિત, તામિલનાડુના સુલગીરી વિસ્તારનું આ ચુઝી નામનું બે બેડરૂમની સગવડતાવાળું એક માળનું અંગત આવાસ એક નવાં જ પ્રકારની અનુભૂતિ કરાવે છે. મલયાલમ ભાષામાં ચુઝીનો અર્થ 'વમળ' થાય છે. વાસ્તવમાં આ આવાસ સર્પાકાર વમળ જેવાં ભાગોને એકત્રિત કરીને બનાવાયું હોય તેમ પ્રતીત થાય છે. પહેલેથી જ બનાવાયેલ - પ્રિકાસ્ટ સર્પાકારમાં વળેલાં બીમને એકબીજા સાથે, એકબીજા ઉપર, એકબીજાને અડીને ગોઠવી, આ સમગ્ર રચના એવી રીતે નિર્ધારિત કરાઈ છે કે એમ જણાય કે ધીમે ધીમે તે જમીનની નીચે તરફ જઈ રહી છે. આવી અનુભૂતિ લાવવાં માટે આજુબાજુની ખડકાળ પરિસ્થિતિનો અસરકારક ઉપયોગ થયો છે.

આશરે ૨૦૦ ચોમીનો વિસ્તાર, જીવનશૈલી તથા મૂલ્યોને અનુરૂપ ડિઝાઇન, છજ્ઞાવરણ શૈલીના સ્થાપત્ય પ્રત્યેની પ્રતિબદ્ધતા, સ્થાન પર હયાત વૃક્ષને જાળવી રાખી તેની સાથે સ્થાપિત કરાયેલ રસપ્રદ સંવાદ, નજીકમાં આવેલ વૃક્ષની ડાળીઓ સાથે સાંકળી દેવાયેલી ઉપયોગિતા, જુદાં જુદાં કુદરતી માહોલ સાથે ઊભી થતી રમ્ય સંવાદિતતા, ખડકાળ પરિસ્થિતિ સાથે સ્થપાયેલ તાલમેળ, કુદરત સાથેનાં નવાં જ પ્રકારનાં સમીકરણથી સ્થપાતી વિશેષ પરિસ્થિતિને કારણે ઉદભવતી તણાવમુક્ત સ્થિતિ, છતની સાથે કેટલાંક ભાગમાં વણાયેલી પારદર્શિતાને કારણે નજરમાં આવતાં વૃક્ષ તેમજ આકાશ અને પંખીઓ - જેનાથી વૃક્ષ નીચે રહેવાનો મળતો અહેસાસ, રચનામાં માટી, પથ્થર તથા કાટમાળનો સર્જનાત્મક ઉપયોગ, સમગ્ર બાંધકામમાં વ્યક્ત થતી દ્રઢતા, આવાસના અંગ નિર્ધારણમાં રખાયેલી નિયમબદ્ધતા સાથે સાથે તેની ગોઠવણમાં વ્યક્ત થતી મુક્તતા, પ્રકૃતિમાંથી જાતે જ ઊગી નીકળ્યું હોય તે પ્રમાણેની આવાસની અનુભૂતિ, બહારની ચોક્કસ પરિસ્થિતિ સાથે દ્રઢ સંબંધ સ્થાપિત થઈ શકે તે માટે વ્યૂહાત્મક રીતે પ્રયોજાયેલ વરંડા, અને આ બધાં સાથે આધુનિક જીવન માટે જરૂરી બધી જ સવલતોનો સમાવેશ; આ બાબતો આ આવાસને ઉલ્લેખનીય બનાવે છે.

આ પ્રકારની કુદરતી પરિસ્થિતિ માટે એમ કહી શકાય કે સામાન્ય રીતે વ્યક્તિ પોતાના આવાસમાંથી બહારનાં કુદરતી સુંદર દ્રશ્યો જોવાની ચાહ રાખે, પણ અહીં આ સુંદર દ્રશ્ય સાથે ઇમારત કેવી દેખાય છે તેનો પણ ખ્યાલ રખાયો છે. આ પ્રકારના આયોજનથી આવાસ જાણે આજુબાજુની પરિસ્થિતિ સાથે એવી રીતે ગોઠવાઈ જાય છે કે તે ક્યાંથી શરૂ થાય છે અને ક્યાં અટકે છે તેનો સહજતાથી ખ્યાલ મેળવવો મુશ્કેલ બની રહે. એમ જણાય છે કે કોઈ ચોક્કસ સ્થળે આવાસ બનાવાયું નથી પણ તે ચોક્કસ કુદરતી સ્થળ પર આવાસ વ્યવસ્થિત જગ્યા ગોતીને બેસી ગયું છે. આ સમગ્ર રચનામાં કુદરતી ઢોળાવનો પણ રચનાત્મક ઉપયોગ થયો છે. અહીંની સમગ્ર રંગ વ્યવસ્થા પણ કુદરતના માહોલ સાથે તાલમેલ સ્થપાય તે રીતની છે. આ બધાથી એમ જણાય છે કે કુદરતી પરિસ્થિતિ પર આ આવાસ ન્યૂનતમ અસર છોડે છે.

આ આવાસની રચના નિર્ધારિત કરતી વખતે કુદરતી ખડક અને પ્રિકાસ્ટ બીમ વડે નિર્ધારિત કરાયેલ સર્પાકારનો હેતુલક્ષી, અસરકારક અને સ્વીકૃત ઉપયોગ કરાયો છે. અહીં રાચરચીલાની ગોઠવણમાં પણ આ બાબતો સકારાત્મક ભાગ ભજવે છે. એક મંતવ્ય પ્રમાણે આ આવાસ જે સ્થાને બનાવાયું છે તે સ્થાન રહેવા માટે, આ પ્રકારનાં આવાસ માટે અયોગ્ય છે. આવાસની રચનાના પ્રકાર થકી આ અયોગ્યતાને પસંદગીમાં રૂપાંતરિત કરી દેવાઈ છે. સ્થપતિની આ સિદ્ધિ કહેવાય.

આમ તો આ આવાસનો પ્લાન જોવામાં સરળ જણાય તેવો છે. બે સમાંતર બંધિયાર દીવાલોની વચ્ચે પરિસ્થિતિ પ્રમાણે, ખૂણાઓ સ્વીકારતાં સ્વીકારતાં, અન્ય બે બાજુને શક્ય હોય એટલી ખુલ્લી રાખીને, પ્લાન નિર્ધારિત કરાયો છે. તેનાં આડા છેદમાં - સેક્શનમાં પણ, એમ જણાય છે કે છતની ઊંચાઈમાં એટલી અને એવી ભિન્નતા નથી. આ રચનાની મજા તેની ત્રિપરિમાણીયતામાં છે. અહીં નાટકીયતા પ્રવેશે છે. અહીં પ્રકાશ-છાયાનો ખેલ શરૂ થાય છે. અહીં કાચની પારદર્શિતા અને ખડક તેમજ પ્રિકાસ્ટની દ્રઢતાનો સુસંગત વિરોધાભાસ સ્થાપિત થાય છે. અહીં કુદરત અને માનવ નિર્મિત વચ્ચે સુસંવાદિતતા પ્રતીત થાય છે. વાસ્તવમાં આ આવાસ તેની ત્રિપરિમાણીયતામાં જ ખીલી ઊઠે છે.

છતના સ્તરેથી આવાસ તે સ્તરના ખડક સાથે જોડાઈ જાય છે અને નીચેના લેવલે પણ તેમ જ થાય છે. એકવાર તો છતના સ્તરે નીચે આવાસ હોવાની જાણ પણ ન થાય તે પ્રમાણેની સર્પાકાર અંગોની ગોઠવણ છે. અહીંથી મકાન જાણે નીચે જમીનમાં ઊતરે છે. અહીં છતમાં એટલી પારદર્શિતા છે કે એકવાર છત હોવાં વિશે પણ શંકા થાય. આ બધાં સાથે આ આવાસની બીજી અગત્યની વાત એ છે કે સમગ્ર રચનાનું પ્રમાણમાપ માનવ તેમજ કુદરતી પરિસ્થિતિ વચ્ચેના તાલમેલ સમાન છે. અહીં જાણે માનવીય સંવેદનાઓ સાથે કુદરતની લાગણીનું પણ ધ્યાન રખાયું છે.

અહીં એ નક્કી કરવું મુશ્કેલ છે કે માનવીએ કુદરતમાં પ્રવેશ કર્યો છે કે કુદરતે માનવી સામે હાથ લંબાવી તેને આવકાર આપ્યો છે. અહીં એ નિર્ધારિત કરવું અઘરું છે કે સ્વયં પથ્થરે જાતે કેટલાંક ભૌમિતિક આકાર ધારણ કરેલાં છે કે આ બધાં ભૌમિતિક આકાર ક્રમશઃ કુદરત સાથે ભળી જાય છે. અહીં એ સમજવું કઠિન છે કે માનવીએ કુદરત સાથે સ્વર મેળવ્યો છે કે કુદરતે માનવીને અનુકૂળ સ્વરનું ઉચ્ચારણ કર્યું છે. એકંદરે એમ કહી શકાય કે આ આવાસ કુદરત સાથે એક નવા જ પ્રકારનું સંગીત સ્થાપિત કરે છે. ■

## ૭. ખુશખબર

**સીનીયર સીટીઝન**
રોજના ૮૦૦ ટિફિન જાય છે સંપૂર્ણ મુંબઈમાં. ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિ:શુલ્ક બપોરનું ટિફિન પહોંચાડશું. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી ૯૮૧૯૦૦૬૪૦૪ ફક્ત વૉટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૩૧૪૫)

## ૯. લગ્ન સંબંધી

**જુહુસ્કીમ સ્થિત**
વેલસેટલ્ડ વેલબીઝનેસમેન જૈન યુવક MS COMPUTER (અમેરિકા) 1997ને યોગ્ય વેલસેટલ્ડ પરિવારની કન્યા ''મહેતા મેરેજ''- 7021734618. (દહેજ નહીં). (૮૮૦/એ)

■ 1985 ડોક્ટર કન્યાને મુંબઈનાં / પરદેશનાં આવકાર્ય રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨ ૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૭૨૨૮)

**લગ્નસંબંધી**
USA based હેન્ડસમ વૈષ્ણવ યુવક 1995, 5' 9", H1B વિઝા ધારક, MS in Construction Management કરેલ, મુંબઈસ્થિત વેલસેટલ્ડ પરિવારના યુવક માટે H1B/ F1 વિઝા ધારક કન્યા આવકાર્ય. જ્ઞાતિબાધ નથી. (દહેજ નહીં)
**9619418477**
(૮૮૪-એ)

**જૈન યુવક**
1972, મુંબઈ સ્થિત, ITI વેલ સેટલ્ડ માટે જૈન/ વૈષ્ણવ/ બ્રાહ્મણ/ પટેલ કન્યા આવકાર્ય. 75061 68566. (દહેજ નહીં). (૯૦૧/બી)

**લગ્ન સંબંધી**
યુવક જોઈએ છે
ડિસેમ્બર 1986 /5'4"/65kg Interior designer યુવતી ને Bramin/ vaishnv પરિવાર થી યુવકના બાયોડેટા મોકલાવો
**9869781781**
(દહેજ નહીં.) (બી-૧૭૨૬૬)

■ પ્રભાદેવીની અમેરીકાથી આવેલી ડોક્ટર 1983 કન્યાને મુંબઈનાં/ પરદેશનાં આવકાર્ય રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૭૨૬૧)

■ મુંબઈના અમેરીકન સીટીઝન 1983 યુવકને મુંબઈની/ પરદેશની આવકાર્ય ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૭૨૬૨)

## ૯. લગ્ન સંબંધી

■ બાંદ્રાના ધનાઢ્ય ડિવોર્સી યુવક- 1987 રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૭૨૬૩)

■ પાર્લામાં 1978 બી.ઈ./એલ.એલ.બી. કપોળને દેખાવડી શિક્ષિત કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૯૧૦/સી)

■ ચોપાટીમાં 1980 બી.ઈ./ એમ.બી.એ. બિઝનેસ ધરાવતા જૈનને કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૯૧૦/સી)

■ તારદેવમાં 1982 હેન્ડસમ બેન્કમાં ઉચ્ચી પોસ્ટ બ્યુટીફુલ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૯૧૦/સી)

■ 2003 બી.કોમ., 5'8" બ્યુટીફૂલ બ્યુટિશિયનને એજ્યુકેટેડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૯૧૦/સી)

■ માસ્ટર કોરિયોગ્રાફર 1994 બ્યુટીફૂલ એક્ટિવને એજ્યુકેટેડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૯૧૦/સી)

■ વૈષ્ણવ ગવર્મેન્ટ વાર્ષિક પંદર લાખ યુવકો 1995, 1986, 1977, 1970, 1963 લગનથી/ ફેમિલી પ્રોબ્લેમથી 1955 - 9638171600 (દહેજ નહીં). (બી-૧૭૨૫૭)

**CHARTERED ACCOUNTANT**
**Beautiful, Fair, Kayastha Girl, 26 yrs. Seeks - Qualified Groom, Well Settled, Progressive, Upper Caste Family. brahmaguj@gmail.com (No Dowry). (B-17235)**

**SAPTPADI**
**Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry). (908/A)**

## ૧૦. મહિલાઓ માટે

**મહેમાનોનો ઉતારો**
લગ્ન પ્રસંગના બોરીવલી/ કાંદિવલીમાં AC ફુલ્લી ફર્નિશ્ડ- બાપલી બંગલો. 9821112796. (૮૭૭-એફ)

**કાનનાં મોટા કાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૭૨૨૫)

## ૧૨. યાત્રા સહેલગાહ

**તુષાર નેગાંધી**
ચારધામ યાત્રા, નેપાળ મુક્તિનાથ, ૩ સ્ટાર, મહારાજા ટીટી, દેવીબેન પ્રવાસ (૪૨ વર્ષથી): 9833730639. (૮૭૭/એ)

**લોનાવાલામાં**
**ફેમેલી, સીનીયર સીટીઝનને DAILY, WEEKLY, MONTHLY રૂમ ભાડેથી મળશે. (શુધ્ધ શાકાહારી જમવાનું). પ્રેમ નિવાસ 7977986364, 8169392216. (૮૭૨/એ)**

## ૧૨. યાત્રા સહેલગાહ

**ચીરાગ / શ્રીનાથજી**
જતીપુરા, ગોકુલ, ચારધામ, ગંગાસાગર, જગન્નાથપુરી, અયોધ્યા, વારાણસી 9833009445. (૮૮૮-સી)

મુંબઈ શ્રીનગર મુંબઈ એપ્રિલ-મે એર ટિકિટ 25,000/- 19,999/- ફક્ત આજે
5,000/- PP થી 10,000/- PPનું જબરદસ્ત ડિસ્કાઉન્ટ ટુંક સમય માટેજ
એશિયાનો સૌથી મોટો તુલીપ ગાર્ડન 16 માર્ચથી ખુલે છે
કાશ્મીરની બધીજ ટુરોમાં ફેન્ટાસ્ટીક ફુડ કારનીવલ
સર્વ શ્રેષ્ઠ 100% સંપૂર્ણ
**કાશ્મીર લેહ લડાખ**
ચેલેંજીંગ ભાવે પરફેક્ટ પેકેજ
એક માત્ર સુપર સ્પેશ્યાલીસ્ટ સાથે જ.
સ્વતંત્ર ગુજરાતી / જૈન રસોડે બેડ ટી થી મસાલા દૂધ સુધીની જાન જેવી બાદશાહી સરભરા. ચટપટા નાસ્તા, ડ્રાયફ્રુટ, બિસ્લેરી
બ્રાન્ડેડ 3-4* ફિક્સ લક્ઝરી હોટેલમાં બાદશાહી નિવાસ
ફેબ્રુ.થી જૂન દર અઠવાડિયે 2 પ્રસ્થાન
સૌથી વધુ બધાજ સાઈટ સીઈંગ, ગેમ્સ, ગરબા, ડાન્સ, ડીજે, કેમ્પફાયર બધા જ ખર્ચા સામિલ બધી જ હાઈફાઈ સુવિધાઓ
કોઈ પણ ટૂર બુક કરતા પહેલા અમારું પ્રેઝન્ટેશન જરૂર જુવો.
કેરાલા, હિમાચલ, ઉતરાંચલ, રાજસ્થાન, વિયેટનામ, જ્યોર્જિયા, દુબઈ, બાલી, સિંગાપોર, ઓસ્ટ્રેલિયા, માલદિવ્સ, નોર્થ ઈસ્ટ કસ્ટમાઈઝ પેકેજ મળશે
27 વર્ષથી કાશ્મીર/લેહ લદાખની ટુરો આપનાર એકમાત્ર સુપર સ્પેશ્યાલિસ્ટ
સતીશભાઈ શાહ **પૂજા ટુર્સ** 9869066942 9869056942 9869010141
ઘાટકોપર (મલાડ) www.poojaholidays.com
(બી-૧૭૨૭૦)

■ Private Tours Private Car Himachal Kashmir Ladakh Uttaranchal Rajasthan Kerala Goa Vietnam Dubai Thailand Singapore Cruise રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટ સ્ટેશન Pickup Drop All Over India ડિઝાયર ઇનોવા ક્રિસ્ટા ટેમ્પો ટ્રાવેલર સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હોટેલ Travel Insurance ARRHAM HOLIDAY 9769977466 / 9892534488 / 9326373672. (બી-૧૭૧૮૩)

**EXCELLENCY HOLIDAY**
દુબઈ, ન્યુઝીલેન્ડ, સિંગાપોર, કાશ્મીર, હિમાચલ, ગોવા, વેજીટેરીઅન ટુર. 9820002810. (૮૯૯-ડી)

## ૧૪. નોકરી ખાલી છે

■ ફાઈનાન્શિયલ એડવાઈઝરી પ્રેક્ટિસ શરૂ કરો- ફ્રી કરિયર સેશન: 9320132162/ 7400369767. (૮૬૯/ડી)

**ગોકુળ મથુરામાં**
**ગૌશાળામાં મહેતાજી જોઈએ. COMPUTER જ્ઞાન આવશ્યક. ગૌશાળાના ઓફિસના કામ માટે (ઉંમર 30-45) રહેવાની-જમવાની સુવિધા. સંપર્ક: શ્રીમદ્ વલ્લભ ગૌશાળા, ગોકુળ 02228334910, 02228995592, 9819810215. (૮૯૨-એફ)**

## ૧૪. નોકરી ખાલી છે

**કંકોત્રી મેન્યુફેક્ચરિંગ**
**કંપનીને ભારતમાં કંકોત્રીની ઓફિસમાં તેમની પ્રોડક્ટ દેખાડી ડિસ્ટ્રીબ્યુટર્સ બનાવવા માર્કેટિંગ મેનેજરની જરૂર છે. (પગાર 40,000/- - 45000/-) (ઉંમર: 35-45) સ્ટેશન પાસે, બોરીવલી (વેસ્ટ). સંપર્ક: ધીરજભાઈ 7710967771. (૮૯૨-જી)**

**મારવાડી રસોઈયો**
**ઘાટકોપર ઈસ્ટમાં સવાર-સાંજ રસોઈ બનાવવા માટે મહારાજ જોઈએ છે. પગાર ૨૦,૦૦૦/- શનિવાર તથા રવિવારે, સવારના ૧૧ થી ૩. મળો:- ડી વિંગ, કુકરેજા પેલેસ, વલ્લભબાગ લેન એક્સટેન્સન, પોલીસ ચોકી ગ્રાઉન્ડ નજીક, ઘાટકોપર ઈસ્ટ. (એસડીબી-૩૧૫૦)**

REQUIRED GRADUATE FEmale Office Assistant with Computer Knowledge Attractive Salary for Interview Contact: 9987310819. (885-B)

**FEMALE REQUIRE**
For Advance Excel / Data Entry / Accounting / Jobing (Share Bazar) / Bachelor of Science in Mathematics - Timings : 9 - 5 - Salary 15,000 - 40,000 - Saturday-Sunday Holiday - 9076427078. (886-A)

PART TIME JOB KNOWING Computer Knowledge Required at Tardeo ph 9223472294. (B-17272)

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/ વેચાણથી લેવા/ વેચવા રમેશ નિમાવત 9320571016 - 9082933313. (૮૮૩ - એ)

■ **સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૭૦૧-એ)**



(B-17154)

**REDEVELOPMENT ગયેલા બિલ્ડિંગોમાં ફ્લેટ, શોપ અમારા ઈન્વેસ્ટર્સ માટે જોઈએ છે. (પેમેન્ટ રેડી છે). 7666644727. (૮૬૫-સી)**

**''બાંદ્રાથી બોરીવલીમાં''**
તૈયારમાં - બંધાતામાં: ફ્લેટો - દુકાનો- ઓફિસો - ગોડાઉન પ્રિલીઝડ લેવા/ વેંચવા/ ભાડેથી - 9869463304, 7738151065. (બી-૧૭૨૪૩)

## ૧૭. જગ્યા આપવી છે

**પાર્લા (ઈસ્ટ/વેસ્ટ)**
**૨-૩-૪ બેડરૂમ-હોલ-કિચન તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૮૮૫-સી)**

**જુહુ, પાર્લા**
સાંતાક્રુઝ વેસ્ટ/ઈસ્ટ ફ્લેટ ૧ થી ૪ બેડ વેચાણ/ભાડેથી નવી કે જૂની બિલ્ડિંગમાં લેવા/ વેચવા અમિત 7045622403. (બી-૧૭૨૩૧)

**જુહુ સ્કીમ ગુલમહોર રોડ**
**૨-૩-૪ બેડરૂમ-હોલ-કિચનના ફ્લેટો તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૮૮૫-ડી)**

**માટુંગા (સે.રે.)**
3 BHK ઓલ માસ્ટર બેડ, સ્પેશીયશ, બેસ્ટ લોકેશન - જામે જમશેદ રોડ, ટાવરમાં વેચાણથી અથવા શોર્ટ ટાઈમ માટે ભાડેથી. રેડી પઝેશનમાં લેવા કોન્ટેક્ટ ''હસમુખભાઈ'' 93222 15082. (૮૮૫-એ)

## ૧૭. જગ્યા આપવી છે



(બી-૧૭૨૬૪)

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર**
**ફ્લેટ/ ઓફિસ/ દુકાન/ ગોડાઉન, રેડી પઝેશન/ અંડર કન્સ્ટ્રક્શન, લેવા-વેચવા-ભાડેથી ૧૦૦% સોદાની ગેરંટી. HOMEALONE PROPERTY ભૂપેશ શાહ/ જુગ્નું શાહ - 9833352224. (૮૬૧/બી)**

**ઘાટકોપર ઈસ્ટ વેસ્ટ**
**નીલકંઠવેલી, ૬૦', ૯૦', રાજાવાડી, પંતનગર ૧ થી ૫ બેડરૂમના ફ્લેટ્સ તૈયાર, બંધાતામાં લેવા વેચવા ભાડેથી હિતેશભાઈ 9920927958, 9820008003. (૮૬૭/એ)**

**ગોરેગામથી - બોરીવલીમાં**
**રેસીડેન્શીયલમાં - કોમર્શિયલમાં @ 18001/= ''ઈન્વેસ્ટર માટે સુવર્ણ તક''. ''શ્રીજી '' 9820045571. (જેપી-૪૫૫૦-એ)**

**અંધેરી વેસ્ટ**
2 બેડરૂમ, 3 બેડરૂમ 900 થી 1100' કાર્પેટ, ભાડેથી. અને 2 બેડરૂમ 650' થી 830' કાર્પેટ, ફુલ્લી ફર્નિશ્ડ, વેચાણથી. એજન્ટ:- 8850666935. (બી-૧૭૨૩૦)

**ચોપાટી**
ન્યુ ટાવર, ૨ BHK.
રેરા કાર્પેટ ૮૦૦ સ્કે ફીટ
૧ રિઝર્વ પાર્કિંગ
જૈન મંદિર પાસે
૬ CR વેચવાનું છે.
**8080753577**
(બી-૧૭૨૦૮)

**વિલેપાર્લા - ઈસ્ટ, વેસ્ટ**
2 બેડરૂમ, 700' થી 800' કાર્પેટ ભાડેથી, 3 બેડરૂમ, 1140' કાર્પેટ, નવા બિલ્ડિંગમાં, વેચાણથી. એજન્ટ:- 8850666935. (બી-૧૭૨૨૯)

**વિલેપાર્લે (વેસ્ટમાં)**
પહેલે માળે, ફર્નિશ્ડ 2 બેડરૂમ - 870' કાર્પેટ, 3 બાથરૂમ-2 ટોઈલેટ, 3 એસી, પાર્કિંગ, લીફ્ટ ટૂંકા સમયગાળા માટે ભાડેથી આપવાનો:- 9819445558. (૮૮૮-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**હમણા નહિ તો ક્યારેય નહિ. 3 બેડરૂમ, હોલ, કિચન- 1011' કારપેટ, 2.11 CR, 3 બેડરૂમ, હોલ, કિચન- 1050' યુઝેબલ, 3.15 CR, 2.5 બેડરૂમ, હોલ, કિચન- 810' કારપેટ- 2.45 CR, 2 બેડરૂમ, હોલ, કિચન- 900' યુઝેબલ- 1.70 CR, 1.5 બેડરૂમ, હોલ, કિચન- 511' કારપેટ, 1.15 Cr, ૧ બેડરૂમ, હોલ, કિચન- 470' કારપેટ - 1.35 CR. "Home Alone Property" જુગ્નું શાહ - 9833352224. (૮૬૧/એ)**

(જુઓ પાનું ૧૨) ▶▶

---

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પરિચય | નતીજો |
| પરિતાપ | છોડવું |
| પરિત્યાગ | સુવાસ |
| પરિણામ | ઓળખાણ |
| પરિમલ | સંતાપ |

## જાણવા જેવું

ગુજરાતના સુપ્રસિદ્ધ નટ, દિગ્દર્શક, નાટ્યકાર જશવંત ઠાકર પંદરમા વર્ષથી જ સ્વાતંત્ર્યલડતમાં જોડાયા હતા. ખાદીની ટોપી પહેરવા બદલ જામનગરમાં તેમણે સાત ફટકાની સજા વહોરી લીધેલી. ભણવામાં તેજસ્વી હોવાથી મેડીકલમાં પ્રવેશ મળ્યો, પરંતુ દેશદાઝથી પ્રેરાઈને તેમણે અભ્યાસને ગૌણ ગણી રાષ્ટ્રીય લડતમાં ઝુકાવ્યું.

## ગુજરાત મોરી મોરી રે

આચાર્ય અત્રેના ખૂબ લોકપ્રિય મરાઠી નાટક 'તો મી નવ્હેચ' પર આધારિત ઉપેન્દ્ર ત્રિવેદીના ગુજરાતી નાટકનું નામ કહી શકશો?

અ) ચકડોળ
બ) અભિનય સમ્રાટ
ક) બાણશૈયા
ડ) એમાં મારે શું?

## નોંધી રાખો

પગમાં વાગેલી ઠોકર સાવધાનીથી ચાલતા શીખવાડે છે અને મનમાં લાગેલી ઠોકર સમજદારીથી ચાલતા શીખવાડે છે.

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | | ૪ | ૫ | ૬ | ૭ |
| ૮ | | | | ૯ | | | ૧૦ | | |
| | | ૧૧ | ૧૨ | | | | | | |
| | ૧૩ | | | | ૧૪ | | | ૧૫ | |
| ૧૬ | | ૧૭ | | | | | ૧૮ | | ૧૯ |
| ૨૦ | | | | ૨૧ | | | ૨૨ | | |
| | | | ૨૩ | | | ૨૪ | | | |
| ૨૫ | | ૨૬ | | | ૨૭ | | ૨૮ | | ૨૯ |
| ૩૦ | ૩૧ | | | ૩૨ | | | ૩૩ | ૩૪ | |
| ૩૫ | | | | | | ૩૬ | | | |

### આડી ચાવી

૧ પરોપકાર (૪)
૪ બગીચો, બાગ (૪)
૮ રજોગુણને લગતું (૩)
૯ તાંબુ (૨)
૧૦ કંકણ, કડું (૩)
૧૧ જીવતું (૩)
૧૪ બુદ્ધિ (૨)
૧૬ કવિતા (૩)
૧૮ દીકરો (૩)
૨૦ કિંમત, મહત્ત્વ (૩)
૨૨ ટીલડી (૩)
૨૩ પર્વત (૨)
૨૭ ગુંજાશ, તાકાત (૩)
૩૦ ખાડા ખડીયા વગરનું, સીધું, (૩)
૩૨ કૂમળો ---- વાળીએ તેમ વળે (૨)
૩૩ રજોગુણવાળું (૩)
૩૫ યુક્તિ (૪)
૩૬ ---- લેવું=પક્ષ લેવો, તરફદારી કરવી (૪)

### ઊભી ચાવી

૧ છાશની ઉપરનું પાણી (૩)
૨ ઝીણી ધૂળ (૨)
૩ માસીસાસુ (૩)
૫ હવા (૩)
૬ ઝાકળ (૨)
૭ ચક્ષુ, આંખ (૩)
૯ પિતા (૨)
૧૨ કુળ, કુટુંબ કબીલો (૨)
૧૩ મૃત્યુ (૪)
૧૪ પૃથ્વી (૨)
૧૫ અદ્વિતીય, સર્વોત્તમ (૪)
૧૬ કાવ્ય રચે તે (૨)
૧૭ નમેલું (૨)
૧૮ કાંઠો, કિનારો (૨)
૧૯ જીદ્દી, હઠીલું (૨)
૨૧ ---- અને શત્રુને ઊગતા જ ડામવા (૨)
૨૪ વહેમ, શક (૨)
૨૫ એક ધાતુ (૩)
૨૬ કસાઇ (૩)
૨૭ ગરદન, બોચી (૨)
૨૮ છલંગૂ (૩)
૨૯ ---- લેવું=રિસાવું (૩)
૩૧ અંત, છેડો (૨)
૩૪ ઘડપણ (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઘી | ર | ૨ ગં | ૩ ભી | ર | | ૪ જ | ૫ લ | નિ | ૬ ધિ |
| મું | | ૭ ગા | મ | | ૮ વિ | રા | ટ | | ક્કા |
| | ૯ ક | | સે | | | | ૧૦ કો | ૧૧ શી | ર |
| | ૧૨ સ | ૧૩ મા | ન | | ૧૪ વિ | શ્વ | | ત | |
| | | ર | | ૧૫ ધ | રા | | ૧૬ અ | લ | ગ |
| ૧૭ ભુ | ૧૭અ જં | ગ | | ૧૮ મ | જ | | ક | | |
| | ગ | | ૧૯ મા | ની | | ૨૦ જ | વા | ૨૧ ની | |
| ૨૨ ઈ | લ | ૨૩ મ | | | | લ | | રો | |
| લા | | ૨૪ ર | ૨૫ જ | ની | | ૨૬ યા | ૨૭ ત્રા | | ૨૮ ભ્રા |
| ૨૯ જ | વાં | મ | દ | | ૩૦ ક | ન | ડ | ગ | ત |

## ઓળખાણ પડી?

આ વર્ષની ટી - ૨૦ વર્લ્ડ કપ સ્પર્ધામાં બેટિંગ - બોલિંગ એમ બંને વિભાગમાં પ્રથમ ક્રમે ઊતરનારા ખેલાડીની ઓળખાણ પડી?

અ) ઈરસમાસ
બ) મિચેલ
ક) બ્રુક
ડ) માર્કરમ




## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

દેખાવમાં લિચી જેવા લાગતા અને મલેશિયા, ઈન્ડોનેશિયા અને આપણા કેરળ રાજ્યમાં જોવા મળતા ફળનું નામ જણાવો.

અ) Jack Fruit બ) Mangosteen ક) Rambutan ડ) Durian

## માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓ: 24, 36, 54, 78, 108 .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખી ગણતરી કરીને કહો કે ૧૦૮ પછી કઈ સંખ્યા આવે?

અ) 138 બ) 144 ક) 148 ડ) 156

## સુડોકુ-૯૨૪૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | | | | | ૩ | | ૧ |
| | | | | ૩ | | ૫ | | |
| ૪ | | | ૭ | ૫ | | | | |
| ૧ | ૩ | ૨ | | | ૫ | | | |
| ૮ | | | | | | | | ૫ |
| | | | ૧ | | | ૪ | ૩ | ૬ |
| | | | | ૪ | ૮ | | | ૯ |
| | | ૬ | | ૧ | | | | |
| ૯ | | ૫ | | | | | | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૪૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૧ | ૭ | ૪ | ૮ | ૩ | ૫ | ૯ | ૨ |
| ૫ | ૯ | ૩ | ૧ | ૭ | ૨ | ૮ | ૪ | ૬ |
| ૨ | ૪ | ૮ | ૬ | ૫ | ૯ | ૧ | ૩ | ૭ |
| ૭ | ૬ | ૪ | ૫ | ૧ | ૮ | ૯ | ૨ | ૩ |
| ૯ | ૫ | ૧ | ૨ | ૩ | ૪ | ૬ | ૭ | ૮ |
| ૮ | ૩ | ૨ | ૭ | ૯ | ૬ | ૪ | ૧ | ૫ |
| ૩ | ૨ | ૬ | ૮ | ૪ | ૧ | ૭ | ૫ | ૯ |
| ૪ | ૮ | ૫ | ૯ | ૨ | ૭ | ૩ | ૬ | ૧ |
| ૧ | ૭ | ૯ | ૩ | ૬ | ૫ | ૨ | ૮ | ૪ |

## ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પરાકાષ્ઠા | હદ |
| પરાક્રમ | બહાદુરી |
| પરાણે | બળજબરી |
| પરાધીન | પરવશ |
| પરિગ્રહ | સ્વીકાર |

ગુજરાત મોરી મોરી રે:
પદ્મા રાણી

ઓળખાણ પડી?
સિકંદર રઝા

માઈન્ડ ગેમ :
૧૭૪

ચતુર આપો જવાબ માથું ખંજવાળો :
મહુઆ


### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) વિપીન શાહ (૬) નૂતન વિપીન શાહ (૭) નીતા દેસાઈ (૮) તાહેર ઔરંગાબાદવાલા (૯) શીરીન ઔરંગાબાદવાલા (૧૦) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) પુષ્પા પટેલ (૧૩) ભારતી બુચ (૧૪) હર્ષા મહેતા (૧૫) શ્રદ્ધા આશર (૧૬) લજિતા ખોના (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) મીનળ કાપડિયા (૧૯) કિરીટ છેડા (૨૦) ચેતના છેડા (૨૧) પ્રવીણ વોરા (૨૨) નિખિલ બંગાળી (૨૩) અમીશી બંગાળી (૨૪) મહેશ સંઘવી (૨૫) ભરત કજરિયા (૨૬) મનીષા શેઠ (૨૭) ફાલ્ગુની શેઠ (૨૮) અંજુ ટોલિયા (૨૯) અરવિંદ કામદાર (૩૦) ભાવના કર્વે (૩૧) વિણા સંપટ (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) અલકા વાણી (૩૪) ડાયના સંતોકે (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) પુષ્પા ખોના (૩૮) નયના ગિરીશ મિસ્ત્રી (૩૯) જ્યોત્સના ગાંધી (૪૦) ઈનાક્ષી દલાલ (૪૧) હિના દલાલ (૪૨) રમેશ દલાલ (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) મહેશ દોશી (૪૫) પ્રતિમા પમાણી (૪૬) ધીરેન્દ્ર મુલરાજ

# પાકિસ્તાની ક્રિકેટર અબ્રારના નામે મોટી બબાલ

## વેટોરીના કારણ પરથી સ્પષ્ટ થાય છે કે સનરાઈઝર્સને પાકિસ્તાની મૂળનો સ્પિનર ન મળ્યો એટલે પાકિસ્તાનીને ૨.૩૪ કરોડ રૂપિયામાં ખરીદી લીધો





લંડનઃ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ના ફ્રૅન્ચાઇઝીઓની માલિકી ધરાવનારાઓ સાઉથ આફ્રિકા અને યુએઇની લીગ ટૂર્નામેન્ટની ટીમો ઉપરાંત ઇંગ્લૅન્ડની ‘ધ હન્ડ્રેડ’ ટૂર્નામેન્ટની ટીમોની પણ માલિકી ધરાવે છે અને એમાંની એક ટીમ સનરાઇઝર્સ લીડ્સે બુધવારે પાકિસ્તાનના સ્પિનર અબ્રાર અહમદને ખરીદ્યો એ સામે સોશ્યલ મીડિયામાં ભારત-તરફી ક્રિકેટપ્રેમીઓમાં જાગેલા વિરોધના દાવાનળ વચ્ચે આ ટીમના હેડ-કોચ ડેનિયલ વેટોરીએ અબ્રારને ખરીદવા સંબંધમાં સ્પષ્ટપણે ક્રિકેટલક્ષી હેતુ સહિત કેટલાંક કારણો આપ્યાં છે.

પહેલી વાત એ છે કે ‘ધ હન્ડ્રેડ’ની ટીમોના ભારતીય માલિકો એક પણ પાકિસ્તાની ખેલાડીને નહીં ખરીદે એવી સંભાવનાની ખૂબ ચર્ચા હતી. જોકે વેટોરીએ કહ્યું છે કે ‘ધ હન્ડ્રેડ માટેના પ્લેયર્સ ઑક્શનમાં પાકિસ્તાની ખેલાડીઓને નહીં ખરીદવાના એવી અમારા ફ્રૅન્ચાઇઝીમાં કોઈ જ આંતરિક ચર્ચા નહોતી થઈ. અમે તો ઑક્શનમાં જે ખેલાડીઓના નામ હતા એમાંથી અમારી પસંદગીના શ્રેષ્ઠ પ્લેયરને ખરીદવાના હતા.’ સન ટીવી નેટવર્ક આઇપીએલની સનરાઇઝર્સ હૈદરાબાદ તેમ જ ‘ધ હન્ડ્રેડ’ની સનરાઇઝર્સ લીડ્સ ટીમની માલિકી ધરાવે છે. કાવ્યા મારન આ ફ્રૅન્ચાઇઝીની સીઇઓ છે. આ ફ્રૅન્ચાઇઝીએ અબ્રારને ૨.૩૪ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે. ભારતીય માલિકીના ગ્રૂપે પાકિસ્તાની પ્લેયરને ખરીદ્યો હોવાની આ પહેલી જ ઘટના છે. સધર્ન બ્રેવ નામના ફ્રૅન્ચાઇઝીએ પાકિસ્તાની મૂળના બ્રિટિશ સ્પિનર આદિલ રાશીદને ખરીદી લીધો એટલે વેટોરીવાળા ફ્રૅન્ચાઇઝીએ વ્યૂહરચના બદલી હતી.’

અબ્રારને ભારતના સનરાઇઝર્સ ફ્રૅન્ચાઇઝીએ પોતાના સ્ક્વૉડમાં સામેલ કર્યો એને પગલે સોશ્યલ મીડિયામાં વિવાદ વકર્યો છે. સનરાઇઝર્સ હૈદરાબાદના ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર ફૉલોઅર્સની સંખ્યામાં મોટો ઘટાડો થયો છે. સનરાઇઝર્સ લીડ્સના સત્તાવાર અકાઉન્ટ સસ્પેન્ડ થઈ ગયા હોવાની ચર્ચા વચ્ચે જાણવા મળ્યું હતું કે અકાઉન્ટ ફરી ઍક્ટિવ થઈ ગયું છે. ■

## કાવ્યા મારને પાકિસ્તાનના અબ્રારને હરાજીમાં ખરીદ્યો, પણ તેણે હંમેશાં ભારત વિરુદ્ધ ઝેર ઓક્યું છે

નવી દિલ્હીઃ પાકિસ્તાનના સ્પિનર અબ્રાર અહમદને હરાજી મારફત ઇંગ્લૅન્ડની આગામી ‘ધ હન્ડ્રેડ’ ટૂર્નામેન્ટ માટેની સનરાઇઝર્સ લીડ્સ ટીમમાં સામેલ કરાવનાર આ ટીમની માલિક કાવ્યા મારન તેમ જ સમગ્ર સનરાઇઝર્સ ફ્રૅન્ચાઇઝી ટીકાકારોના રડારમાં આવી ગયાં છે ત્યારે અગાઉના વીડિયો અને ફોટો વાઇરલ થઈ રહ્યા છે જેના પરથી જણાય છે કે અબ્રાર અહમદ એક નંબરનો ભારત-વિરોધી ખેલાડી છે. સન ગ્રૂપની માલિકીના સનરાઇઝર્સ લીડ્સ ફ્રૅન્ચાઇઝીએ જુલાઈમાં રમાનારી ૧૦૦-૧૦૦ બૉલ મૅચવાળી ‘ધ હન્ડ્રેડ’ ટૂર્નામેન્ટ માટે લંડનમાં ગુરુવાર, ૧૨મી માર્ચે થયેલી હરાજીમાં અબ્રાર અહમદને ૧.૯૦ લાખ પાઉન્ડ (લગભગ ૨.૩૪ કરોડ રૂપિયા)માં ખરીદ્યો હતો. સન ગ્રૂપ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની ટીમ સનરાઇઝર્સ હૈદરાબાદની પણ માલિકી ધરાવે છે. સનરાઇઝર્સના ફૅન્સ ‘ઑરેન્જ આર્મી’એ આ નિર્ણય પર જોરદાર વિરોધ નોંધાવ્યો છે. તેમણે સનરાઇઝર્સ ફ્રૅન્ચાઇઝીની ચીફ એક્ઝિક્યૂટિવ ઑફિસર (સીઇઓ) કાવ્યા મારન પર પણ ટીકાનાં તીર છોડ્યાં છે. સનરાઇઝર્સના ગુસ્સે થયેલા ચાહકોનો સવાલ એ છે કે અબ્રાર અહમદ અગાઉ ભારત-વિરોધી નિવેદનો આપી ચૂક્યો છે અને તે સોશ્યલ મીડિયામાં પણ ભારતીય ક્રિકેટપ્રેમીઓના રડારમાં રહી ચૂક્યો છે.

અબ્રારની એક જૂની પોસ્ટ વાઇરલ થઈ છે જેમાં ૨૦૧૯માં પુલવામાની આતંકી ઘટના બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે હવાઈ ક્ષેત્રે ચકમક થઈ હતી ત્યારે અબ્રારે ‘ફૅન્ટાસ્ટિક ટી’ની પોસ્ટ સાથે ભારતની મજાક ઉડાવી હતી. ૨૦૨૫માં ભારત-પાકિસ્તાનના સંરક્ષણ વિભાગ વચ્ચે જે તંગદિલી હતી ત્યારે પણ અબ્રાર અહમદની અમુક પોસ્ટ બાબતમાં ભારતીય યુઝર્સે તીખી પ્રતિક્રિયા આપી હતી.

અબ્રારને ત્યારે એક પાકિસ્તાની યુટ્યૂબ ચૅનલ પરના ઇન્ટરવ્યૂમાં પૂછવામાં આવ્યું કે ‘તમે કયા ઇન્ટરનૅશનલ ક્રિકેટર સાથે બૉક્સિંગ રિંગમાં ઉતરવાનું પસંદ કરશો?’ અબ્રારે જવાબમાં ભૂતપૂર્વ આક્રમક ઓપનિંગ બૅટ્સમૅન શિખર ધવનનું નામ આપ્યું હતું. બીજી રીતે કહીએ તો અબ્રારે ત્યારે શિખરને પડકાર્યો હતો. કેટલાકે એ વાતને મજાક ગણાવી હતી, પરંતુ અનેક ભારતીય ફૅન્સે એને બિનજરૂરી ટિપ્પણી તરીકે ઓળખાવી હતી. ■

# કુલદીપના આજના લગ્નમાં ચહલ મનમૂકીને નાચશે

મસૂરીઃ ભારતીય ક્રિકેટ ટીમની એક સમયની સ્પિન-જોડીના મેમ્બર કુલદીપ યાદવના આજે લગ્ન છે અને એમાં તેનો ભૂતપૂર્વ સ્પિન જોડીદાર યુઝવેન્દ્ર ચહલ મનમૂકીને નાચવાનો છે. ૨૦૨૬ના ટી-૨૦ વર્લ્ડ કપની ચૅમ્પિયન ટીમનો ખેલાડી કુલદીપ યાદવ આજે મસૂરીમાં ફિયૉન્સી વંશિકા સાથે લગ્નગ્રંથિથી જોડાવાનો છે અને આ પ્રસંગે ચહલ ઉપરાંત બીજા કેટલાક જાણીતા ખેલાડીઓ પણ હાજરી આપશે.

ઉત્તરાખંડમાં વેલ્કમહૉટેલ ધ સેવૉય મસૂરીમાં કુલદીપના લગ્નની વિધિઓ તેમ જ સેલિબ્રેશન થશે અને એ માટે દહેરાદૂન પહોંચ્યા બાદ ચહલે એએનઆઇને કહ્યું હતું કે તે તેના ખાસ મિત્ર કુલદીપના લગ્નમાં ખૂબ નાચશે.



ચહલે મુલાકાત લેનાર પત્રકારને કહ્યું, ‘હું મારા ભાઈના લગ્નમાં હાજરી આપવા આવ્યો છું અને ખૂબ રોમાંચિત છું. હું ખૂબ નાચીશ અને માહોલ એન્જૉય કરીશ.’

કુલદીપના લગ્નનો પ્રસંગ આમ તો પ્રાઇવેટ જેવો જ છે, પણ એમાં ઘણા ખેલાડીઓ આવશે એવી પાકી સંભાવના છે. કુલદીપ તથા વંશિકાના પરિવાર અને મહેમાનો માટે સેવૉય હૉટેલ ઘણા દિવસથી બુક કરી રાખવામાં આવી છે. કેટલાક અહેવાલો મુજબ સુનીલ ગાવસકર, વિરાટ કોહલી, રોહિત શર્મા, જસપ્રીત બુમરાહ, રિન્કુ સિંહ, સૂર્યકુમાર યાદવ અને તિલક વર્મા સહિત ઘણા જાણીતા ખેલાડીઓ આ લગ્નમાં હાજરી આપશે.

ગયા વર્ષે જૂનમાં કુલદીપ-વંશિકાએ લખનઊમાં સગાઈ કરી હતી. એ પ્રસંગમાં બન્નેના ખૂબ નજીકના સંબંધીઓની જ હાજરી હતી. ■

## કુલદીપ-વંશિકાની હલ્દી તથા મહેંદીના પ્રસંગ પહેલાં જ આવી પહોંચ્યા ક્રિકેટરો

દેહરાદૂનઃ ઉત્તરાખંડના હિલ સ્ટેશન મસૂરીની એક પંચતારક હૉટેલમાં શનિવારે ભારતના સ્ટાર-ક્રિકેટર કુલદીપ યાદવ અને ફિયૉન્સી વંશિકા ચઢ્ઢાના થનારાં લગ્ન માટે શુક્રવારે યુઝવેન્દ્ર ચહલ સહિત ઘણા જાણીતા ખેલાડીઓ મસૂરી પહોંચી ગયા હતા અને ખાસ કરીને હલ્દી તથા મહેંદી સેરેમનીમાં ભારતીય ખેલાડીઓનો જાણે મેળો જામ્યો હતો.





કુલદીપ-વંશિકા શનિવારે સાત ફેરા ફરશે અને એ પ્રસંગે અનેક ખેલાડીઓ ઉપસ્થિત હશે. જોકે અહેવાલ મળ્યા હતા કે ચહલ ઉપરાંત રિન્કુ સિંહ પણ મસૂરીની હૉટેલમાં પહોંચી ગયો છે. રિન્કુ સિંહ મંગેતર પ્રિયા સરોજ સાથે પહોંચી હતી. તેમના ઉપરાંત ભુવનેશ્વર કુમાર પણ પરિવાર સાથે કુલદીપના લગ્નમાં આવી ગયો હોવાનું જાણવા મળ્યું હતું.

હલ્દી-મહેંદી સેરેમની પ્રસંગે ટીમ ઇન્ડિયાના ફીલ્ડિંગ-કોચ ટી. દિલીપ પણ ખેલાડીઓ સાથે લગ્નના સ્થળે આવી પહોંચ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

કુલદીપ-વંશિકાએ ગયા વર્ષે ચોથી જૂને સગાઈ કરી હતી. ત્યારે કુલદીપે નક્કી કર્યું હતું કે તે આંતરરાષ્ટ્રીય મૅચો રમવામાં વ્યસ્ત હશે એને લીધે ૨૦૨૬ની સાલમાં જ લગ્ન કરવા વિશે વિચારશે. ૧૭મી માર્ચે લખનઊમાં કુલદીપ-વંશિકાનું રિસેપ્શન યોજાશે અને જે ખેલાડીઓ લગ્નમાં નહીં આવી શકે તેઓ કદાચ રિસેપ્શનમાં આવશે. ■

## સૅમસન સહિત આઠ જાણીતા બૅટ્સમેનની વિકેટ લેનાર બોલર કેકેઆરમાં

કોલકાતાઃ ઝિમ્બાબ્વેનો ૨૯ વર્ષીય રાઇટ-આર્મ પેસ બોલર બ્લેસિંગ મુઝરબાની આવતા મહિને શરૂ થનારી પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)માં રમવાનો હતો, પરંતુ તેણે એ ટૂર્નામેન્ટ છોડીને ભારતની ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં રમવાનું નક્કી કર્યું જેને પગલે આઇપીએલના ત્રણ ટાઇટલ જીતનાર કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)એ તેને મેળવી લીધો છે. મુઝરબાનીએ તાજેતરમાં ટી-૨૦ વર્લ્ડ કપમાં કેટલાક જાણીતા બૅટ્સમેનોની વિકેટ લીધી હતી જેમાં મૅન ઑફ ધ ટૂર્નામેન્ટનો પુરસ્કાર જીતનાર સંજુ સૅમસન (૨૪ રન)નો પણ સમાવેશ હતો.

મુઝરબાનીએ વર્લ્ડ કપમાં કુલ ૧૩ વિકેટ લીધી હતી જેમાં ઑસ્ટ્રેલિયાના ટિમ ડેવિડ, મૅથ્યૂ રૅન્શો, શ્રીલંકાના કુસાલ પરેરા અને દાશુન શનાકા, વેસ્ટ ઇન્ડિઝના રૉવમૅન પોવેલ અને જેસન હોલ્ડર તેમ જ સાઉથ આફ્રિકાના ડેવિડ મિલરનો પણ સમાવેશ હતો. ■

## હાર્દિક વિરુદ્ધ ઉત્તર પ્રદેશમાં પણ ફરિયાદ





લખનઊઃ ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યા રવિવારે અમદાવાદમાં ન્યૂ ઝીલૅન્ડ સામે ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલની જીત બાદ સેલિબ્રેશન દરમ્યાન ખભા પર રાષ્ટ્રધ્વજ ઓઢીને ગર્લફ્રેન્ડ માહિકા શર્મા સાથે રૉમેન્ટિક મૂડમાં જોવા મળ્યો એ વર્તનની બદલ હાર્દિક વિરુદ્ધ મહારાષ્ટ્ર બાદ હવે ઉત્તર પ્રદેશમાં પણ પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પુણેમાં શિવાજી નગર પોલીસ સ્ટેશનમાં વકીલ વજીદ ખાને હાર્દિક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી ત્યાર પછી હવે ઉત્તર પ્રદેશના હાથરસ જિલ્લામાં હાથરસ ગેટ પોલીસ સ્ટેશનમાં નગલા નંદુ ગામમાં રહેતા વિશ્વપ્રતાપ સિંહ રાણાએ હાર્દિક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. એટલું જ નહીં, તેમણે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને પણ હાર્દિકના આ વર્તન સામે પોતાનો વિરોધ વ્યક્ત કરતો પત્ર મોકલ્યો છે. વિશ્વપ્રતાપ સિંહે હાર્દિક વિરુદ્ધ કડક પગલાં ભરવાની માગણી કરી છે. તેમણે જણાવ્યું છે કે ભારતીય ટીમના વિજય પછીના સેલિબ્રેશનને લઈને જે વીડિયો બહાર આવ્યા છે એમાંના એક વીડિયોમાં હાર્દિક પંડ્યા તેની ગર્લફ્રેન્ડ સાથે જીતનું જશન માણી રહ્યો હતો ત્યારે હાર્દિકે રાષ્ટ્રધ્વજની ગરિમાને નુકસાન પહોંચાડનારું વર્તન કર્યું હતું.

ફરિયાદીએ જણાવ્યું હતું કે ‘તિરંગો દેશની શાન છે તેમ જ સન્માનનું પ્રતીક છે. તિરંગો સાથે રાખીને આવું વર્તન કરવું કરોડો ભારતીયોની ભાવનાને હાનિ પહોંચાડવા સમાન કહેવાય. આ સમગ્ર કિસ્સામાં હાર્દિક સામે કાનૂની કાર્યવાહી થવી જોઈએ.’ ■

# ફૂટબોલ વર્લ્ડ કપ રમવા ઈરાનની ટીમને અમેરિકામાં એન્ટ્રી મળશેઃ ટ્રમ્પ

મિયામીઃ વર્લ્ડ ફૂટબોલની સર્વોચ્ચ સંસ્થા ફિફાએ કહ્યું હતું કે તેમને આશા છે કે હાલમાં બંને દેશો વચ્ચે યુદ્ધ ચાલુ હોવા છતાં ઈરાનની રાષ્ટ્રીય ટીમને અમેરિકા આવવા અને લગભગ ત્રણ મહિનામાં શરૂ થનારા ફિફા વર્લ્ડકપમાં રમવા માટે મંજૂરી આપવામાં આવશે.

ઈરાનની ટીમ વર્લ્ડકપના ગ્રુપ તબક્કામાં પોતાની બધી મેચ અમેરિકામાં રમશે. તેઓ ૧૫ જૂને કેલિફોર્નિયાના ઇગલેવૂડમાં ન્યૂઝીલેન્ડ અને ૨૧ જૂને બેલ્જિયમ સામે રમશે. ત્યારબાદ તેઓ ૨૬ જૂને સિએટલમાં ઇજિપ્ત સામે તેમની અંતિમ ગ્રૂપ સ્ટેજ મેચ રમશે. વર્લ્ડ કપ ૧૧ જૂનથી ૧૯ જુલાઈ સુધી અમેરિકા, કેનેડા અને મેક્સિકોમાં રમાશે. ઈરાની ફૂટબોલ ફેડરેશનના અધિકારીઓએ તાજેતરમાં સંકેત આપ્યો હતો કે યુદ્ધને કારણે તેમના દેશની વર્લ્ડ કપમાં ભાગીદારી શંકામાં છે. ■

## ગુજરાત

# ગુજરાત વિધાનસભામાં ખાલી બાટલા અને લાકડાં સાથે કૉંગ્રેસના ધારાસભ્યોનો હલ્લાબોલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સહિત સમગ્ર દેશમાં ગેસ સિલિન્ડરની અછત અને વધતી કટોકટીના મુદ્દે ગુજરાત વિધાનસભા સંકુલમાં ભારે હોબાળો જોવા મળ્યો હતો. કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરી, પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી સહિત અંદાજે ૧૨ જેટલા ધારાસભ્યોએ માથે લાકડા અને ખાલી ગેસના બાટલા સાથે સરકાર વિરુદ્ધ ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા.

આ વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ અને ધારાસભ્યો વચ્ચે ભારે અફરાતફરી સર્જાઈ હતી, જેમાં ધારાસભ્ય અમૃતજી ઠાકોર વિધાનસભાના પગથિયા પર પડી જતાં પોલીસ અને સભ્યો વચ્ચે તીખી નોકઝોક અને શાબ્દિક સંઘર્ષના દ્રશ્યો સર્જાયા હતા. કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે એલપીજી અને નેચરલ ગેસની અછતને કારણે સામાન્ય જનતા પીસાઈ રહી છે અને સરકાર આ મુદ્દે નિષ્ફળ ગઈ છે.

કૉંગ્રેસના ધારાસભ્ય અને પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ સરકાર પર આક્ષેપ કર્યો હતો કે આજે લોકો ગેસના સિલિન્ડર માટે લાંબી લાઇનમાં ઊભા રહેવા મજબૂર બન્યા છે. ગૃહિણીઓને ગેસ મેળવવા માટે દરદર ભટકવું પડે છે, જે સરકારની નીતિની નિષ્ફળતા દર્શાવે છે. આગળ તેમણે જણાવ્યું હતું કે દેશના વડા પ્રધાન અમેરિકા સામે સરેન્ડર થયા હોવાના કારણે પેટ્રોલિયમ અને ગેસ સપ્લાયના મુદ્દે દેશના હિતોને નુકસાન થયું છે. સરકારે તાત્કાલિક ગેસ અને પેટ્રોલિયમ ઉત્પાદનોની પૂરતી સપ્લાય સુનિશ્ચિત કરવી જોઈએ, જેથી જનતાને રાહત મળે તેમ જણાવ્યું હતું.

## અમદાવાદ ગ્રામ્ય કોર્ટને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરની અદાલતોને બૉમ્બની ધમકી મળ્યાનો સિલસિલો શુક્રવારે પણ યથાવત્ રહ્યો હતો. અમદાવાદ ગ્રામ્ય કોર્ટને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. ઉલ્લેખનીય છે કે ગત સોમવારના રોજ અમદાવાદ ગ્રામીણ કોર્ટ અને ગુજરાત હાઇ કોર્ટને પણ બૉમ્બની ધમકી મળી હતી જ્યારે ગુરુવારે અમદાવાદ મેટ્રો કોર્ટને બૉમ્બની ધમકી મળી હતી. અમદાવાદ ગ્રામ્ય કોર્ટને બૉમ્બની ધમકી મળતા સ્થાનિક પોલીસ, બૉમ્બ ડિટેક્ટ એન્ડ ડિસ્પોઝેબલ સ્ક્વોડ, ડોગ સ્ક્વોડ, ફાયર ફાઇટર્સ વગેરેએ ગ્રામ્ય કોર્ટ ઇન્કમટેક્સ ખાતે પહોંચીને કોર્ટમાં અને પરિસરમાં સઘન તપાસ હાથ ધરી હતી. જો કે અત્યાર સુધીની ધમકીઓમાં કોઈ શંકાસ્પદ વસ્તુ કોર્ટ પરિસરમાંથી પોલીસે મળી આવી ન હતી, તપાસ બાદ તમામ સુરક્ષા એજન્સીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

# ગુજરાતમાં આકરી ગરમી વચ્ચે અનેક જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં માર્ચ મહિનામાં જ આકરી ગરમીની શરૂઆતથી આગામી ઉનાળાના દિવસોમાં પણ આવી જ ગરમી રહેશે તેવી ચિંતા લોકોમાં જાગી હતી. માર્ચ મહિનામાં રાજ્યના અનેક શહેરોનું તાપમાન ૪૦ ડિગ્રીને પાર કરી ગયું છે. આ દરમિયાન આગામી દિવસોમાં ગુજરાતના ઘણા જિલ્લાઓમાં વરસાદ પડવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર, આગામી ત્રણ દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં ૨ થી ૪ ડિગ્રી સેલ્સિયસનો ક્રમશઃ ઘટાડો થવાની શક્યતા છે, ત્યારબાદ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા મળશે નહીં. ૧૪ થી ૧૭ માર્ચ સુધી સમગ્ર રાજ્યમાં હવામાન સૂકું રહેશે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજકોટ ૪૦.૬ ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર નોંધાયું હતું. રાજ્યના અન્ય શહેરોમાં પણ ગરમીનો પારો ઊંચો રહ્યો હતો, જેમાં ભુજમાં ૩૯.૬ ડિગ્રી, અમરેલીમાં ૩૯.૫ ડિગ્રી અને સુરતમાં ૩૯.૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. સૌરાષ્ટ્રના રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લાના છૂટાછવાયા વિસ્તારોમાં હિટવેવની સ્થિતિ જોવા મળી હતી. બીજી તરફ, નલિયા ૧૬.૪ ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું સૌથી ઠંડું શહેર રહ્યું હતું.

આગામી અઠવાડિયાના અંતમાં હવામાનમાં પલટો આવવાની શક્યતા છે, જેમાં ૧૮ માર્ચના રોજ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ અને કચ્છ જિલ્લામાં હળવા વરસાદ અથવા ગાજવીજ સાથે ઝાપટાં પડી શકે છે. ત્યારબાદ ૧૯ માર્ચના રોજ વરસાદનો વ્યાપ વધી શકે છે, જેમાં ઉત્તર ગુજરાત ઉપરાંત વડોદરા, સુરત, ભરૂચ સહિત દક્ષિણ ગુજરાતના ભાગો અને રાજકોટ, અમરેલી, ભાવનગર જેવા સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં પણ છૂટાછવાયા સ્થળોએ હળવો વરસાદ થવાની સંભાવના છે.

## પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાનો બાવીસમો હપ્તો રિલીઝ, ગુજરાતના ૪૯.૫૯ લાખ ધરતીપુત્રોને ₹ ૧,૦૨૮ કરોડની સહાય મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આસામના ગુવાહાટી ખાતેથી પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાનો ૨૨મો હપ્તો રિલીઝ કરીને દેશના દેશના ૯.૩૨ કરોડ ખેડૂતોના બેંક ખાતામાં કુલ રૂ. ૧૮,૬૪૦ કરોડથી વધુની સહાય જમા કરી હતી. જે અંતર્ગત ગુજરાતના ૪૯.૫૯ લાખ ધરતીપુત્રોને પણ રૂ. ૧,૦૨૮ કરોડથી વધુની સહાય પીએમ કિસાન સમ્માન નિધિ યોજનાના ૨૨માં હપ્તા હેઠળ મળી હતી.

ગાંધીનગર ખાતે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને રાજ્ય કક્ષાનો પી.એમ. કિસાન ઉત્સવ દિવસ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં રાજ્યના કૃષિ પ્રધાન જીતુ વાઘાણી અને રાજ્ય પ્રધાન રમેશ કટારા ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહમાં મુખ્ય પ્રધાનના વરદ હસ્તે ખેડૂત લાભાર્થીઓને કૃષિ, બાગાયતની વિવિધ ખેતીલક્ષી યોજનાઓની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મહાનુભાવો સહિત રાજ્યના હજારો ખેડૂતોએ વડા પ્રધાનના સંબોધનનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

# ગુજરાત સરકારે સરદાર સરોવરનાં પાણીથી બે વર્ષમાં ₹૧૬૨૦ કરોડથી વધુ આવક રળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના જીવાદોરી સમાન ગણાતા સરદાર સરોવર ડેમનું પાણી રાજ્ય સરકાર માટે મોટી આવકનું સ્રોત પણ બન્યું છે. નર્મદા યોજનાના પાણીના વિતરણ અને તેમાંથી થતી આવક અંગેના મહત્ત્વના આંકડા વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યા હતા.આંકલાવના ધારાસભ્ય અમિત ચાવડા દ્વારા પૂછવામાં આવેલા એક પ્રશ્નના જવાબમાં જળસંપત્તિ અને પાણી પુરવઠા પ્રધાન દ્વારા સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડની છેલ્લા બે વર્ષની કામગીરી અને આર્થિક સ્થિતિનો ચિતાર આપવામાં આવ્યો હતો. જે મુજબ સરદાર સરોવરથી ઉદ્યોગો, ખેતી અને પીવાના પાણી માટે આપવામાં આવતા પાણીમાંથી છેલ્લા ૨ વર્ષમાં સરકારને ₹૧૬૨૦.૬૫ કરોડથી વધુની આવક થઈ છે.

આ મુદ્દે જળસંપત્તિ અને પાણીપુરવઠા પ્રધાન ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે, ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉદ્યોગો, કૃષિ અને પીવાના પાણી માટે પૂરા પાડવામાં આવેલા પાણીના જથ્થાની વિગતો જાહેર કરાઈ છે. જેમાં ૦૧.૦૪.૨૪ થી ૩૧.૦૩.૨૦૨૫ સમયગાળા દરમિયાન ઉદ્યોગોને ૧૦૮.૪૯ એમસીએક્સ પાણી આપવામાં આવ્યું છે. જ્યારે ખેડૂતોને કૃષિને ૬૯૦૯.૯૩ એમસીએક્સ પાણી પૂરું પાડ્યું છે. જ્યારે રાજ્યના નાગરિકોને પીવા માટે ૧૯૩૩.૨૬ એમસીએક્સ પાણી વ્યવસ્થા કરવામાં આવી છે. અને ૧.૦૪.૨૫ થી ૩૧.૦૧.૨૦૨૬ સમયમાં ઉદ્યોગોને ૯૩.૮૦ એમસીએક્સ પાણી પૂરું પાડ્યું છે.

વધુમાં પાણીપુરવઠા પ્રધાને જણાવ્યું હતું કે, કૃષિને ૩૫૨૭.૬૫ એમસીએક્સ પાણી આપ્યું છે. તેવી જ રીતે પીવા માટે ૧૫૨૫.૫૭ એમસીએક્સ પાણી આપ્યું છે. આમ આ વર્ષે કુલ ૫૧૪૭.૦૨ એમસીએક્સ પાણીના જથ્થો પૂરો પાડવામાં આવ્યો છે. જેમાં સિંચાઈ તેમજ કૃષિ માટે ઉદ્યોગોમાં અને રાજ્યના નાગરિકોને પીવા માટે સરદાર સરોવર ડેમ મારફત કુલ ૮૭૫૧.૬૮ એમસીએક્સ પાણીનો જથ્થો આપવામાં આવ્યો હતો. જો કે સરદાર સરોવર ડેમમાં પહોંચાડેલા પાણી મારફત સરકારને આવકમાં ઉદ્યોગોનો ફાળવેલા પાણી થકી સિંહફાળો મળ્યો છે. જે અંગે નિગમની આવકના આંકડાઓનું વિશ્લેષણ કરતા જણાય છે કે ઉદ્યોગો પાસેથી થતી આવકમાં સતત અને નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે.

## કેન્દ્ર સરકાર તરફથી ગુજરાતને ૧૪૫૨ કિલોલિટર કેરોસીનની ફાળવણી

અમદાવાદઃ વિશ્વસ્તરે પ્રવર્તમાન ભૌગોલિક-રાજકીય પરિસ્થિતિને કારણે ઊર્જા પુરવઠા પર ઊભા થયેલા જોખમોને ધ્યાને રાખી ભારત સરકાર દ્વારા ગુજરાત રાજ્યને વર્ષ ૨૦૨૫-૨૬ માટે ૧૪૫૨ કિલો લિટર કેરોસીનનો એડહોક જથ્થો ફાળવવામાં આવ્યો હતો. અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના જણાવ્યા અનુસાર, આ જથ્થાનો મુખ્ય ઉપયોગ રાંધવા અને પ્રકાશ માટે કરવાનો રહેશે. આ અંતર્ગત રાજ્યના આદિજાતિ જિલ્લાઓના ગ્રામીણ વિસ્તારોમાં વસતા અંત્યોદય અને પીએચએચ પરિવારોને પ્રાથમિકતા આપી કેરોસીન ફાળવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

નવી કાર્યપદ્ધતિ મુજબ, દરેક જિલ્લા કલેક્ટરને ૩૬ હજાર લીટર કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવશે, જેમાંથી તેઓ પરિવાર દીઠ પાંચ લિટર અને સંસ્થાઓ માટે ૨૫ લિટર સુધીની ફાળવણી કરી શકશે. આ વિતરણ વ્યવસ્થામાં ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારના લાભાર્થીઓ, શાળાની હૉસ્ટેલો, મધ્યાહ્ન ભોજન કેન્દ્રો, વૃદ્ધાશ્રમો અને મજૂર વર્ગને અગ્રિમતા આપવામાં આવશે. કલેક્ટર અને જિલ્લા પુરવઠા અધિકારીઓને આ સમગ્ર પ્રક્રિયા પર સીધી દેખરેખ રાખવા આદેશ આપવામાં આવ્યો છે.

કેરોસીન વિતરણ અંગેની કોઈપણ ફરિયાદ માટે સરકાર દ્વારા હેલ્પલાઈન નંબર ૦૭૯-૦૨૩૨-૫૨૬૮૦ પણ જાહેર કરવામાં આવ્યો છે.

બીજી તરફ, રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજીનો પૂરતો જથ્થો હોવા છતાં, પુરવઠાનું સંતુલન જાળવવા માટે સરકારે મહત્ત્વના સૂચનો જારી કર્યા હતા. હવેથી એક જ ગ્રાહક દ્વારા બે સિલિન્ડરના બુકિંગ વચ્ચે શહેરી વિસ્તારમાં ૨૫ દિવસ અને ગ્રામીણ વિસ્તારમાં ૪૫ દિવસનું અંતર રાખવું ફરજિયાત રહેશે.

## ૧૭. જગ્યા આપવી છે

**વિલેપારલે (વેસ્ટ)**
2 BHK, 650 સ્કવેર ફીટ, રેરા કાર્પેટ, ફુલ્લી ફર્નિશ્ડ, ફૂલ ઈલેક્ટ્રોનિક્સ સાથે, નવું બિલ્ડિંગ, OC, Lift, Parking, બજાજ રોડ. Owner: 9821094720. (એસડીબી-૩૧૪૨)

**બોરીવલી વેસ્ટ**
**TPS રોડમાં 1 બેડરૂમના 400' અંડર કન્સ્ટ્રક્શન 1.20 કરોડમાં તરત વેચવાનો છે. કેતનભાઈ: 91378 69496. (૮૯૦-એ)**

**પાર્લા**
**2/3 બેડરૂમના રેડીમાં / બંધાતામાં ફ્લેટ લેવા / વેચવા. સંપર્ક - 9004900290. (૮૩૧-ડી)**



(B-17250)

**અંધેરી ઈસ્ટ**
નાગરદાસ રોડ દુકાન ભાડેથી, પાર્લા વેસ્ટ દુકાન ૬૫૦, ૯૦૦ ભાડેથી, ૩ બેડરૂમ ભાડેથી, ફ્લેટ (1700 Ft) વેચવાનો, ૨૦૦૦ મીટર રીઝર્વેશન પ્લોટ પવઈ નજીક - 9820613128. (એસડીબી-૩૧૨૨)

**કાંદિવલી (વેસ્ટ)**
સુંદરબાગ, 1, 2, 3 BHK ભાડે તેમજ ખરીદવા. 9867932447. (૫૨૯-બી)

**લોનાવાલા - ખંડાલા**
ફ્લેટો - રોહાઉસ- બંગલાઓ- નાના- મોટા- પ્લોટ લેવા-વેચવા. શ્રીજી ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૭૦૭૫)

**શ્રી નિકેતન** | **M/S Dipti Enterprises**
**લીંક રોડ કાંદીવલી (વેસ્ટ)**
- રેડી પજેસન નો GST,
- O.C. Received
- 1-2-3 BHK ના ફ્લેટો
- Rate Rs 25000/- psf onwards

**9819603333**
**9920177007**
**9920390666**
(બી-૧૭૨૬૯)

**ઉદવાડા - વાપી**
ઉદવાડા સ્ટેશનથી ફક્ત 1.5km નેચર લવર માટે Big ઓપન સ્પેસ, ઝીરો પોલ્યુશન, શિવ શક્તિ ટાઉનશીપમાં, જૈન દેરાસર નજીક 1 બેડરૂમ/ 2 બેડરૂમ/ 3 બેડરૂમ ફ્લેટ્સ તથા રો હાઉસ (3 & 4 BHK) રેડી પઝેશન તથા અંડર-કન્સ્ટ્રકશનમાં, વેચાણથી લેવા ડાયરેક્ટ પાર્ટી સંપર્ક પરેશ પટેલ - 9223577250 / 9323177251. (જેપી/૪૫૪૬-સી)

**બોરીવલી વેસ્ટ**
અભિલાષા 2, પોશ, 3 બેડરૂમ, 1150 ફૂટ, સ્ટેશન, માર્કેટ, સ્કૂલ, હોટેલ્સ નજીકમાં, પાર્કિંગ સાથે, રેડી પઝેશન. - 9920445444. (બી-૧૭૧૫૬)

**શુભમ**
**V.P. રોડ, NEAR PRATHNA SAMAJ. 2.5+3 BHK - વેચાણ/ભાડેથી - નવું બિલ્ડિંગ - FULL SEA VIEW. "જયેશ લબ્ધિ": 9323088090. (૮૬૮/એ)**

**ઘાટકોપર (વેસ્ટ)**
વેચાણથી. માણેકલાલ એસ્ટેટ, 2 બેડરૂમ, હોલ, કિચન- 775' કારપેટ, 4th Floor, લીફ્ટ, પાર્કિંગ, 2.1 Cr. નેગોશીએબલ. ઓનર - 8850719612. (૮૭૯/એ)

**સાંતાક્રુઝ-ખાર-જુહુ**
**નાનામોટા 2/3/4 બેડરૂમના ફ્લેટ 700' થી 3000' SQFT લેવા/ વેચવા. RAJNIKANT- 8657131155. (બી-૧૭૨૫૫)**



(B-17252)

## ૧૭. જગ્યા આપવી છે

**દાદર (સે. રે.)**
સ્વામીનારાયણ મંદિર નજીક ૩ બેડરૂમ ફ્લેટ ૧૦૦૦' (૪.૩૦ કરોડ), ૨૧૦૦' - ૫ બેડરૂમ (૧૦ કરોડ), ૩ બેડ (૫ કરોડ), ઓફીસ ૧૦૦૦', તથા ૧૧૫' ભાડેથી ૩૫૦૦૦/-, વેચાણથી ૮૦ લાખ. માટુંગા (સેન્ટ્રલ) ૩૦૦' ઓફિસ (૩ કરોડ), કાંદિવલી દહાણુકર વાડી ૨-૩ બેડરૂમ લીવલાયસંસથી / ઓનરશીપથી. "બી. નરેન્દ્ર જોષી" 98202 94922, વેદાન્ત 84337 22209. (૮૯૮-એ)

**વર્સોવા**
લોઢા અમૃત તારા 2 બેડ હાયરફ્લોર સીવ્યુ, 90,000 ભાડે મળશે 9819569698. (૯૦૯/બી)

**બોરીવલી (વેસ્ટ)**
**3 બેડ શીંપોલી, રીલાયન્સ મોલની બાજુમાં ૧૦૮૪' કારપેટ, ૨ પાર્કિંગ સાથે અનટચ ફ્લેટ, રેડી પઝેશન, OC સાથે વેંચાણથી લેવા. ભાનુ પ્રોપર્ટીઝ - 9930219031. (૮૯૬-એ)**

**જુહુસ્કીમમાં/ પાર્લામાં/ અંધેરીમાં**
લીવલાઈસન્સથી/ વેચાતામાં સ્ટુડન્ટો/ ફેમિલી માટે, 1 થી 4 બેડરૂમના ફ્લેટો લેવા. રાજેશભાઈ 9820772390. (એસડીબી-૩૧૪૪)

**અંધેરી (વેસ્ટ)માં**
વેચાતામાં સ્ટેશન પાસે, ફર્નિશ્ડ, બે બેડરૂમ 700 કારપેટ, લિફ્ટ પ્લસ પાર્કિંગ 2,25,00,000 લેવા રાજેશભાઈ 9820772390. (એસડીબી-૩૧૪૩)

**ખાર (વેસ્ટ)**
ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' તથા ૬ બેડરૂમની જોડી ૨૩૦૦' કારપેટ એરિયા, ૬ બાથરૂમ, ૨ કિચન, સ્પેશિયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોઈલેટ, ૪ પાર્કિંગ, એરકન્ડીશન્ડ, લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ઓનર:- 9820156133. (બી-૧૭૨૪૮)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**
ઈસ્ટ એવન્યુ - ૪ બેડરૂમ એરિયા આશરે ૧૮૦૦' કારપેટ, ૪ બાથરૂમ, ૩ લિફ્ટ, ૩ પાર્કિંગ, સ્વતંત્ર સર્વન્ટ ટોઈલેટ, વેસ્ટ ઓપન, રોડ ફેસીંગ, એરકન્ડીશન્ડ લોબી, જીમ, ટેરેસ, નવું બિલ્ડિંગ, વેચવાનો ફોન:- 9820156133. (બી-૧૭૨૪૯)

**લોનાવાલા - ખંડાલા**
ફ્લેટો - રોહાઉસ - બંગલાઓ - નાના- મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૭૨૫૧)

**સાંતાક્રુઝ (ઈસ્ટ)**
**સ્ટેશન પાસે, અંડર કન્સ્ટ્રકશનમાં, 2, 3, 4 બેડરૂમના પ્રિમિયમ રેસીડેન્સીસ તેમજ અંધેરી (વેસ્ટ) સ્ટેશન પાસે, પ્રીમીયમ ફ્લેટ વેચાણથી ઉપલબ્ધ. 9769605225. (૯૦૧/એ)**

**HAYFAIR**
હીરાનંદાની તથા પોઈસર બસ ડેપોની સામે કાંદીવલી (વેસ્ટ)- 2 બેડરૂમ વેચાણથી, 817' 2.25 કરોડ 3 બેડરૂમ 1100' કારપેટ વેચાણથી 3.50 કરોડ ફુલ્લી ફરનીશ્ડ, 2 પાર્કિંગ. Broker- 9619191741/ 9821061741. (જેપી/૪૫૫૧-એ)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
વેચવાના છે, પ્રાઈમ લોકેશન. ૧ બેડરૂમ ૧.૫૫- ૧.૮૦ કરોડ, ૨ બેડરૂમ ૨.૨૫- ૨.૯૫ કરોડ, ૩ બેડરૂમ ૩.૪૫-૪.૭૫ કરોડ. નામદેવ 9322671121. (એસડીબી-૩૧૪૭)

## ૧૭. જગ્યા આપવી છે

**પેડર રોડ**
જસલોક સામે, 'નિલકમલ', 2 BHK કાર્પેટ એરીયા 865' ઓનરશીપ, પ્રાઈઝ 4.75 Cr. તુરંત કબજો, 9820296693 'કટારીયા' એજન્ટ. (બી-૧૭૨૫૯)

**અંધેરી ઈસ્ટ ભાડેથી**
ડબલ રૂમ 24000 ફર્નિશ્ડ/AC કોર્નરની લેવા ગંગર - 8080524858. (બી-૧૭૨૪૬)

**અંધેરી ઈસ્ટ ભાડેથી**
3 બેડ (બે બેડના ભાવમાં) સ્ટેશન/ દેરાસર નજીક લિફ્ટ/ પાર્કિંગ છે લેવા ગંગર 8080524858. (બી-૧૭૨૪૭)

**કાંદિવલી વેસ્ટ**
1 બેડરૂમ ફુલ્લી ફર્નિશ્ડ 11 ft હાઈટ નવા બિલ્ડીંગમાં હાયરફલોર ભુરાભાઈ હોલની બાજુમાં 1.30 crમાં પાર્કિંગ સાથે મળશે. સંજીવ- 9821925693. (બી-૧૭૨૬૦)

**અમદાવાદ બોડકદેવ**
**પ્રેમચંદ નગર દેરાસર પાસે 4 બેડરૂમ ફર્નિશ્ડ બંગલો 1440' કાર્પેટ પ્લોટ 2250' બાંધકામદ્ર3,15,00,000/- વેચાણથી લેવા - રાજ શાહ - 8347828888. (એસડીબી-૩૧૫૧)**

**અમદાવાદ SG હાઈવે**
**Olive Greens 4 બેડરૂમ 3600' વેચાણથી લેવા રાજ શાહ - 8347828888. (એસડીબી-૩૧૫૨)**

**તારદેવ**
દોઢ બેડરૂમ (૫૦૦ કાર્પેટ) (હાયર ફ્લોર) ૨૩૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૧૫૩)

**તારદેવ**
બે બેડરૂમ (૮૦૦ કાર્પેટ) (પાર્કીંગ) ૪૫૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૧૫૪)

**તારદેવ**
બે બેડરૂમ (૯૫૦ કાર્પેટ) (હાયર ફ્લોર) (ફર્નીશ્ડ) (પાર્કીંગ) ૫૫૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૧૫૫)

**MALAD WEST**
**1 BHK-99 Lacs+++***
**2 BHK-1.32 Cr. +++***
AMENITIES: • Walk of 8 • Sun Deck • Fitness Center • Game Zone • Yoga • Rain Water Harvesting & Many More.
Opp Jain Derasar, Nr. Shiv Shakti Mandir
**Possession April 2026**
A Project By: Imperial Group - Shree Sai Realty
**75069 53114**
**93214 30122**
RERA NO.PR1180002500372
(B-17201)

**સીક્કાનગર પાસે**
બે બેડરૂમ (૮૦૦ કાર્પેટ) (ગેરેજ) ૪૫૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૧૫૬)

**બાબુલનાથ**
(નવું બિલ્ડીંગ) ત્રણ બેડરૂમ (૧૩૦૦ કાર્પેટ) (ફુલ્લી ફર્નીશ્ડ) (ત્રણ પાર્કીંગ) ૧૩ કરોડ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૧૫૭)

**ગોવાલિયા ટેંક**
એક બેડરૂમ (૫૦૦ કાર્પેટ) ૨૮૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૧૫૮)

**ચોપાટી બેન્ડસ્ટેન્ડ**
બે બેડરૂમ (૧૦૦૦ કાર્પેટ) (હાયર ફ્લોર) (સી વ્યુ) (પાર્કીંગ) ૬ કરોડ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૧૫૯)

MahaRERA Registration No. P51800047071 available on https://maharera.mahaonline.gov.in
**NEELSIDHI BRINDAVAN**
ON VALLABH BAUG LANE
GHATKOPAR EAST 400077
**3 BHK** LUXURY FLATS
₹ 3.51 CR*. ONWARDS
*T&C Apply
READY POSSESSION
OC RECEIVED
**98334 69305**
(B-17157)

**ચોપાટી પાસે બાબુલનાથ નજીક**
જૂના ભાડે (૩૫૦ કાર્પેટ) એક રૂમ અને કિચન (૨૪ કલાક પાણી) (પાર્કીંગ) (રીડેવલપમેન્ટ થશે) વેચાણથી ૧૫૦ લાખ (નેગોશીએબલ) 7045336155. (એસડીબી-૩૧૬૦)

**ઘાટકોપર (ઈસ્ટ-વેસ્ટ)**
**૧, ૨, ૩, ૪ બેડરૂમના ફ્લેટો ભાડે/ વેચાણથી લેવા-વેચવા- રાજ એસ્ટેટ. 9821051136, 8591132359. (૯૦૪/એ)**

**ભાયંદર (વેસ્ટ)**
**વેચાણથી. પ્રાઈમ લોકેશન, HDFC બેંકની બાજુમાં, નંદકીશોર, 1 BHK જોડી ફ્લેટ, 150 ફીટ રોડ. 9324035189. (૯૦૩/એ)**

**કાંદિવલી (વેસ્ટ)**
વીર ટાવરમાં 3 & 4 BHK ફ્લેટ સ્પેશિયસ કાર્પેટ, Upper Floor, મોર્ડન એમેનીટીઝ સાથે, સ્કૂલ, કોલેજ, માર્કેટ, કચ્છી - ગુજરાતી - રાજસ્થાની જૈન પાડોશ, દેરાસર અને ઉપાશ્રય કોમ્પલેક્ષમાં સંપર્કઃ દિનેશ સાવલા - 9757252097. (૮૯૯/ઈ)

## ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી (ઈસ્ટમાં)**
નવા બંધાતા 18 માળના ટાવરમાં 1-2 BHK અને જોડી ફ્લેટ, સ્પેશિયસ કાર્પેટ, ઈસ્ટ-વેસ્ટ ઓપન, મોર્ડન એમેનીટીઝ સાથે, Terrace Slab Completed, સ્કૂલ, કોલેજ, માર્કેટ, હાઈવે અને મોગરા મેટ્રો સ્ટેશનની પાસે, કચ્છી- ગુજરાતી - રાજસ્થાની જૈન પાડોશ, દેરાસર ઉપાશ્રય કોમ્પલેક્ષમાં, સંપર્કઃ 9757252097/ 9664460863. (૮૯૯/જી)

**ભાયખલા**
લવ લેન 1000' 3 બેડ ફર્નિશ્ડ 1,30,000 ભાડે. વેજ ફેમીલી માટે. 9819569698. (૯૦૯/સી)

■ માટુંગા વેસ્ટ, દાદર, પ્રભાદેવી 1 BHK 450, 2 BHK - 600, 3 BHK 1110 કાર્પેટ, ફ્લેટ, દુકાન, ઑફિસ, વેચાણ, ભાડેથી મળશે. રેરા રજિસ્ટ્રેશન. 9594966701. (બી-૧૭૨૬૮)

**ભાયખલા (વેસ્ટ)**
3 BHK ૧૪૦૦' કાર્પેટ, હાયર ફ્લોર, મોર્ડન અમેનીટીઝ, જૈન દેરાસર, ૨ કાર પાર્કિંગ, ઓનરશીપ, રેડી પજેશન, 9757242607. (૫૩૦/એફ)

**વરલી**
ફુલ્લી ફર્નિશ્ડ, 3 BHK ૧૯૦૦' કાર્પેટ, મીડલ હાયર ફ્લોર, ઓનરશીપ, ૨ કાર પાર્કિંગ, મોર્ડન અમેનીટીઝ, 97572 42607. (૫૩૦/ઈ)

**તાડદેવ**
ફુલ્લી ફર્નિશ્ડ 3 BHK ૧૦૫૦' કાર્પેટ, ૨ કાર પાર્કિંગ, લીઝ પર, ભાડુ ૨.૫૦ લાખ, 97572 42607. (૫૩૦/ડી)

**વરલી**
૪/૫ બેડરૂમ, એરીયા ૨૩૨૦' કાર્પેટ, ૪ કાર પાર્કિંગ, લાઈફ ટાઈમ સિવ્યુ, ઓનરશીપ, હાયર ફ્લોર, OC Received, તુરંત કબજો. 97572 42607. (૫૩૦/સી)

**BORIVALI WEST**
1/2/3/4 BHK Jodi Flats. Available for Sale / Rental. Malad to Dahisar Jigna Property 9819226771 Dhimant Shah. (832-C)

**ANDHERI (EAST)**
**Near Station / Derasar 4 Bedroom 1567' sqft Rera Carpet with Two Car Parking. Ready Possession with O.C. (Amenities Tower Higher Floor) 5,09,00,000/- Box Price. Bharat Parekh 9920675286. (SDB-3130)**

**SANTACRUZ WEST**
**For sale semi furnished 2 BHK 650' and 900' near station and S. V. Road with car parking. 12 years old well maintained society. Rajnikant - 8657131155. (B-17256)**

**PARELTANK ROAD**
Only for Parsis, 1 BHK, 450 Carpet, Fully furnished, No space for additional furniture. Available on Longterm Rent. 9821565546. (B-17254)

**SHIVAJI PARK**
**One Bedroom + 2 Washrooms, Higher Floor, Sea View - 2.75 Crores. Two Bedrooms + 2 Parkings - 3.35 Crores. 3 Bedrooms 5.50 / 6.50 / 8 Crores. Matunga (West) 3 Bedrooms + 3 Parkings - 5.75 / 6.25 Crores. Hindu Colony 3 Bedrooms 5.75 Crore. Also Available 1 - 4 Bedrooms on Leave / License. "Divine Housing" 9322155751 / 9820126355. (906/A)**

**REQUIRE**
Lodhapark Marquis / Trump Tower on Sale / Lease. Require 3 BHK in Allura / Parkside 2/3 BHK for Lease Lodhapark Specialist Shradha Shah 9920655056 Ashok 9821036552. (910/A)

**DOSTI ACRES WADALA EAST**
**Flat for Sale - 1 BHK - 429' Carpet - Semi Furnished - Ready to Move.: "Mehta" - 9969136640. (905/A)**

## ૧૮. જગ્યા જોઈએ છે

**WANTED 1 RK ON RENT in Mira Road. No Brokers. Contact- 9820498745. (B-17253)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવધર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર (ઈસ્ટ)**
દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200'- 2000', ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578, 9987254333. (૩૬૮-સી)

## ૨૦. ધંધાદારી જગ્યા

**નાયગાંવ નીલકંઠ એમરલ્ડ**
મેન સ્ટેશન રોડ ટચ, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવેની બાજુમાં, હાઇ સ્ટ્રીટ રિટેલ શોરૂમ, ઓફિસ, હેવી ઇંડસ્ટ્રિયલ ગાળા, વેરહાઉસ, ૨૦ ફીટ હાઈટ ગ્રાઉંડ ફ્લોર, ૧૮ ફીટ હાઈટ પહેલાથી ત્રીજા માળ સુધી, ભાડેથી, વેચાણમાં, દલાલ આવકાર્ય- રાશિ રિયલ્ટર્સ - 9920007272. (જેપી-૪૫૫૦-ઈ)

**WANTED PRELEASED COMMERCIAL PROPERTY**
**ભાડેથી લાગેલી કમર્શિયલ જગ્યા બેંક, બ્રાન્ડ, કોર્પોરેટ ઓફિસ, રેસ્ટોરન્ટ માટે સંપૂર્ણ મુંબઈમાં વેચાણથી જોઈએ છે. સોદાની ખાત્રી (બજેટ 2 કરોડથી 50 કરોડ) 7666644727. (૮૯૫-એ)**

**2300' શોરૂમ**
રિટેલ ધંધા માટે Shops 630' કાંદિવલી વેસ્ટ સ્વસ્તિક હાઉસ ઓપોઝિટ રેલવે સ્ટેશન, એસવીરોડ, 20' વિશાળ દર્શન, 14' હાઈટ + 300 ઓટલો વેચાણથી રેડી પઝેશન વિથ ઓસી, site 9820866563. (જેપી-૪૫૪૭-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**કૈલાસ પ્લાઝા, રોડ ટચ દુકાનો, ફ્રન્ટ સાઈડ 50,000/- ભાડું, બેક સાઈડ દુકાન 30,000/- ભાડું, બેઝમેન્ટ 30,000/- ભાડું, 4 એન્ટ્રેન્સ અને ઈલેક્ટ્રીક મીટર અલગ. "ઓનર" - 9821224684. (૮૯૫-એ)**

**થાણે - દુકાન**
**ઓનરશીપથી ઓફ ઘોડબંદર રોડ, વેદાંત હોસ્પિટલ પાસે, ૨૦૦ કાર્પેટ, ૧૪ ફૂટ ઊંચાઈ, ૨૦ ફૂટ આગળનો ઓટલો સેલ્ફ કંટેન્ડ, ખાલી કબજો, આ જ કોમ્પલેક્ષમાં ૧૨૦૦ ફ્લેટ ઓક્યુપાઈડ ડૉક્ટર/ આઈસક્રીમ/ લેબોરેટરી વગેરે માટે યોગ્ય. સંપર્ક: ઓનર દીપક ૯૮૨૧૦૪૯૯૧૧. (એસડીબીજી - ૩૧૪૬)**

**ઘાટકોપર (ઈસ્ટમાં)**
નવા બંધાતા 16 માળના કમર્શિયલ ટાવરમાં ઓફિસીસ વેચાણથી, MG રોડ, પ્રાઈમ લોકેશન, 16 સ્લેબ કંપ્લીટેડ. સંપર્ક: 9769345176/ 9757252097. (૮૯૯/એફ)

**ઓપેરા હાઉસ**
2250' સીવ્યુ ઓફિસ 2 પાર્કિંગ, 4,00,000/- ભાડે મળશે. 9819569698. (૯૦૯/એ)

**વરલી**
ઓફિસ પ્રિમાઈસીસ, ૧૧૫૦' કાર્પેટ, ફુલ્લી ફર્નિશ્ડ, ૪ કેબીન, ૧ મિટીંગ રૂમ, ૧૩ વર્ક સ્ટેશન. 9757242607. (૫૩૦-એ)

**પ્રાર્થના સમાજ**
રીલાયન્સ હૉસ્પિટલ પાસે ગ્રાઉન્ડ ફ્લોરમાં આશરે ૬૦૦૦' કાર્પેટ કોમર્શિયલ જગ્યા+પાર્કિંગ ઓનરશીપથી, રેડી કબજો. 9820034317. (૫૩૦-બી)

**અંધેરી ઈસ્ટ**
નાગરદાસ રોડ દુકાન ભાડે આપવી છે. ૨૦૦૦ મીટર રીઝર્વેશન પ્લોટ વેચાણથી. પાર્લા વેસ્ટ ૬૫૦ - ૯૦૦ ભાડે મળશે. 9820613128. (એસડીબી-૩૧૪૯)

**VIKHROLI (WEST)**
Lal Bahadur Shashtri Marg, Indraprastha Commercial - Prime Office Space for Sale. 1200 Square Feet (Carpet), Second Floor, 12 Feet Height, Next to Big IT Park & Metro Station, Railway Station 7 Minutes Walk. Rs. 3.30 Cr. (Negotiable) Contact : Dinesh Motta (Owner) 9820155784. (B-17238)

## ૨૧. હોટલ



(B-17209)

## ૨૩. મનોરંજન

**પ્રાર્થના - 6500/-**
દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી. કમલેશ માંડલિયા:- 9820889938. (૮૬૯/સી)

**7000/- + પ્રાર્થના**
15,000/- લગ્ન + ડાયરો + Annivarsary, Shreenath Sargam Kiranbhai - 9821795355. (બી-૧૭૨૩૭)

**પ્રાર્થનાસભા 3500- 7250**
**કાંદિવલીમાં (બીજે ટ્રાન્સપોર્ટના અલગ), લગ્નગીત, સંગીત સંધ્યા, સાંજી, ભજન, ANNIVERSARY બજેટથી. મનસુખભાઈ 9326801860/ 8169552801. (૯૦૨/એ)**

## ૨૪. વાહન/મોટરકાર સંબંધી

■ તમારી મનગમતી પેટ્રોલ- ડિઝલ- ટોયાટો- હુંડાઈ- હોન્ડા- મારૂતિ ગાડી લેવા-વેંચવા. શ્રીજી મોટર- ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૭૦૭૪)

# મુંબઈમાં સૌથી વધુ પ્રદૂષિત વિસ્તારોને ટ્રેક કરવા પાલિકા ૭૫ હાઈપર લોકલ સેન્ટર બેસાડશે

### મુંબઈના હાલની એર ક્વોલિટી મોનિટરિંગ નેટવર્કને વધુ મજબૂત બનાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં સતત વધી રહેલા પ્રદૂષણને ધ્યાનમાં રાખીને મુંબઈ મહાનગરપાલિકાએ મુંબઈના સૌથી પ્રદૂષિત ગણાતા દેવનાર, બીકેસી અને મલાડ જેવા વિસ્તારોમાં પ્રદૂષણને નજીકથી ટ્રેક કરવા માટે ૭૫ સેન્સર સાથે મુંબઈ એર નેટવર્ક ફોર એડવાન્સ સાયન્સિસ (એમએએનએએસ) નામની હાઈપર લોકલ એર ક્વોલિટી મોનિટરિંગ સિસ્ટમ શરૂ કરવાનો નિર્ણય લીધો છે.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી કાનપુર( આઈઆઈટી-કાનપુર) દ્વારા વિકસાવવામાં આવેલી આ સિસ્ટમ મુંબઈના હાલની એર ક્વોલિટી મોનિટરિંગ નેટવર્કને વધુ મજબુત બનાવશે અને પ્રદૂષણના સ્રોતને વધુ ચોક્કસ રીતે ઓળખવામાં મદદરૂપ થઈ રહેશે એવું માનવામાં આવે છે. મુખ્યત્વે મુંબઈમાં દેવનાર, બીકેસી, મલાડ, વરલી જ્યાં એર ક્વોલિટી ઈન્ડેક્સ સતત ઊંચો નોંધાતો હોય છે તે વિસ્તાર પર નજર રાખશે. દેવનાર જેવા કચરો બાળવાનું સામાન્ય સ્થળ છે જ્યારે બીકેસી અને કોલાબામાં જેવા વિસ્તારોમાં ટ્રાફિકની ગીચતા વધુ હોય છે. હાલમાં મુંબઈમાં ૬૦૩ ચોરસ કિલોમીટર વિસ્તારમાં ૨૮ કન્ટીન્યુઅલ એમ્બિયન્ટ એર ક્વોલિટી મોનિટરિંગ સિસ્ટમ (સીએએક્યુએમએસ) છે, જે દર ૨૧ ચોરસ કિલોમીટર માટે આશરે એક મોનિટરિંગ સ્ટેશન ગણાય છે. એમએએનએએસ હેઠળ વધારાના ૭૫ સેન્સર ઉમેરવાથી મોનિટરિંગ ગ્રીડ દર પાંચથી છ કિલોમીટર માટે લગભગ એક સેન્સર અથવા સ્ટેશનને કવર કરશે, જેનાથી મોનિટરિંગ ક્ષમતા ચાર ગણી વધી જશે. આ સિસ્ટમથી જ્યાં સતત હવાની ગુણવત્તા કથળીને એર ક્વોલિટી ઈન્ડેક્સ ઊંચો નોંધાયા છે તે વિસ્તાર પર ધ્યાન રાખી શકાશે. ■

## ૩૧. નાણાંકીય

■ **"(બેંકની - નોટિસનાં)" રીપ્લાય સેટલમેન્ટ/ ઈન્સ્ટોલમેન્ટ સ્મોલ બજેટમાં (વકીલ મારફત). 9137725086. (બી-૧૭૨૦૫)**

**"FREE - FREE"**
'શેર' ગોતો - "કરોડપતિ બનો..." તમારાઃ ખોવાયેલાં/ ગુમાવેલાં/ વારસાગત 'શેર' "ફ્રીમાં" ગોતી આપશું. તથા IEPF/ ટ્રાન્સમીશન/ ડુપ્લીકેટ/ ડીમેટની સર્વિસ આપશું. "ઈન્વેસ્ટમેન્ટ હાઉસ", Whatsapp - 8433779853, 8291225710. (બી-૧૭૨૬૭)

## ૩૨. જમીન-મિલકત

**ડેવલપર્સ માટે**
નાયગાંવમાં (જુચંદ્રા) - 1 લાખ ફુટ FSI (CC) વેચવાનીઃ- 9764001879. (૮૯૯/બી)

**મલબાર હિલ**
20 માળનું પૂરું બિલ્ડિંગ (350 કરોડમાં) OC છેઃ- 8007342828. (૮૯૯/સી)

**ઇન્ડસ્ટ્રીયલ**
**પ્લોટ વેચાણ માટે ઉપલબ્ધ**
લોકેશનઃ મુંબઈ-દિલ્હી એક્સપ્રેસવે (NE-4) માત્ર 2 કિમી
- Individual 7/12 સાથે ટાઇટલ ક્લિયર જમીન
- 15,000 SQFT ડીમાર્કેટડ પ્લોટ
- 15 મીટર લેઆઉટ રોડ
- ઇન્ડસ્ટ્રી, વેરહાઉસ અથવા ફેક્ટરી માટે યોગ્ય

**સંપર્કઃ73784 40044**
(બી-૧૭૨૨૧)

FOR SALE. BUILDING LOcated On hill station Panchgani, Maharashtra. Ideal for Boarding School/ Hotel/ Destination Wedding Resort/ Health Resort/ Film Studio/ Hospital/ Film Institute, centrally located buildings: Having 32 large rooms with attached Bathrooms, Gym, Multipurpose Halls, Swimming Pool, servant quarters and large parking area. Interested parties send your details to: +917796618686. (SDB-3148)

## ૩૩. ધંધાદારી

**પાણીની ટાંકીઓ**
મશીનથી - કુવા - સોસાયટીની - ઘરની ટાંકીઓની સફાઈ. યોગી એન્ટરપ્રાઈઝઃ- 9820776583/ 9892298963. (૮૬૯/એ)

**WATER PROOFING**
**ટેરેસ, બહારની દિવાલ, છજ્જા, ALL CHEMICAL TREATMENT. (10% બાકી). 7977141377. (૮૯૨-એ)**

**શુભ પ્રસંગો**
તથા ધાર્મિક પ્રસંગો નિમિત્તે આપવા ગિફ્ટ આઈટમો ફેકટરી ભાવે MALAD- 9930310057 ZAVERI BAZAR- 9987418434. (બી-૧૭૨૫૭)

**ગુજરાતી થાળી**
વિલેપાર્લેમાંઃ ટિફિન સેવા. સંપર્ક 9892079468/ 8850093801. (૯૦૭-બી)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ "એસ પેસ્ટ કન્ટ્રોલ" ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675/ 9326448699. (કાંદિવલી). (૮૭૨/સી)

■ PREMIUM ૧૯૮૩થી વિશ્વાસુ - વાંદા, ઊધઈ, ઉંદરનો ઉપાય. PESTIGUARD - 81694 73531/ 98986 37635. (બી-૧૭૨૬૫)

## ૪૬. વોટર પ્રુફિંગ

**વોટરપ્રૂફિંગ વર્ક**
PU ફોમ ઈન્જેક્શન, ગ્રાઉન્ટીંગ તોડયા વગર વોટરપ્રૂફિંગ વર્ક - બાથરૂમ, ટોયલેટ, સ્વિમિંગપૂલ, વોટરટેન્ક, પોડિયમ સાથે ટેરેસ. 9136328369. (૫૨૯-એ)

**વોટરપ્રુફીંગ**
બિલ્ડિંગ રીપેરીંગ વીથ પેઈન્ટીંગ, ટેરેસ, પેરાપીટ વોલ, ક્રેક ફીલીંગ, બાથરૂમ, છજીયા, લીકેજ સંપૂર્ણ બંધ - 9892721418/ 9082015410. (૮૯૨-ઈ)

## ૫૨. કુરીઅર્સ

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, મેડિસિન, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૨૦૬)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

# મહારાષ્ટ્ર સરકાર પ્રાઈવેટ પ્રિસ્કૂલ માટે કાયદો બનાવશે

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર રાજ્યમાં પ્રાઈવેટ પ્રિસ્કૂલોને નિયંત્રિત કરવા માટે કાયદો લાવશે, રજીસ્ટ્રેશન ફરજિયાત બનાવી શૈક્ષણિક સંસ્થાઓ ગુણવત્તાના ધોરણો જાળવે છે એની તકેદારી રાખશે એમ શાળા શિક્ષણ પ્રધાન દાદા ભુસેએ શુક્રવારે જણાવ્યું હતું.

ભુસેએ રાજ્ય વિધાનસભાને માહિતી આપી હતી કે સરકારે ૨૪ એપ્રિલ, ૨૦૨૫ના દિવસે પરિપત્ર બહાર પાડી પૂર્વ-પ્રાથમિક શિક્ષણ આપતી પ્રાઇવેટ સંસ્થાઓ માટે પ્રિ-સ્કૂલ રજીસ્ટ્રેશન પોર્ટલ પર નોંધણી ફરજિયાત કરવામાં આવી છે અને અત્યાર સુધીમાં ૧૨ હજાર ૭૩૩ શાળાઓએ પોતાનું નામ નોંધાવ્યું છે. આ પહેલનો હેતુ ત્રણથી છ વર્ષની વય જૂથના બાળકોને સલામત અને ગુણવત્તાયુક્ત પ્રારંભિક શિક્ષણ મળે અને માતા પિતાને રાજ્ય અને જિલ્લા સ્તરે આવી સંસ્થાઓ વિશે માહિતી મળે એ છે.

પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે પોર્ટલ પર સંસ્થાઓને સ્થાન, મેનેજમેન્ટ, ક્લાસની સંખ્યા, વિદ્યાર્થીઓની સંખ્યા જેવી મૂળભૂત વિગતો આપવી જરૂરી છે. સાથે જ શાળાની ઇમારતો, રમતના મેદાનો, શૌચાલયો, પીવાનું પાણી અને સીસીટીવી સહિતની માળખાકીય સુવિધાઓ તેમજ શિક્ષકો અને સ્ટાફ વિશેની માહિતી આપવાની ર૨ છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં લગભગ ૧૨ હજાર ૭૩૩ પ્રાઈવેટ પૂર્વ-પ્રાથમિક શિક્ષણ કેન્દ્રોએ પોર્ટલ પર નોંધણી કરાવી છે અને સરકારે અન્ય સંસ્થાઓને રજીસ્ટ્રેશન પૂર્ણ કરવા અપીલ કરી છે એ જણાવી ભૂસેએ ઉમેર્યું હતું કે સરકાર ફરજિયાત રજીસ્ટ્રેશન, નિયમન અને ગુણવત્તાની ખાતરી પર ધ્યાન કેન્દ્રિત કરી પ્રાઈવેટ પ્રિસ્કૂલોને નિયંત્રિત કરવા માટે એક કાયદો પણ લાવશે. સૂચિત માળખા હેઠળ આવી સંસ્થાઓની નોંધણી અને નિયમન માટેનિમણૂક કરવા અંગે સત્તા આપવામાં આવશે અને તમામ કેન્દ્રોએ દર ત્રણ વર્ષે નવીકરણ સાથે ઓનલાઇન પોર્ટલ દ્વારા રજિસ્ટ્રેશન કરાવવું પડશે.

વધુ જાણકારી આપતા ભૂસેએ જણાવ્યું હતું કે શાળાઓ પ્રિ-પ્રાઇમરી સ્તરે પ્રવેશ માટે લેખિત અથવા મૌખિક પ્રવેશ પરીક્ષા લઈ શકશે નહીં અને માત્ર બાળકના વિકાસના મૂલ્યાંકનને મંજૂરી આપવામાં આવશે. (પીટીઆઈ)■

# અખાતી યુદ્ધની ભીષણતા વધવાથી ત્રણ દિવસમાં સેન્સેક્સમાં ૩૭૦૦ પોઈન્ટનો જબ્બર કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ઇરાન અને અમેરિકા વચ્ચેની અથડામણો વધુને વધુ તીવ્ર બની રહી હોવાથી ક્રૂડ ઓઇલના ભાવ ફરી વધીને બેરલદીઠ ૧૦૦ ડોલર આંબી ગયા હોવાથી શુક્રવારે સેન્સેક્સ વધુ ૧૪૭૦ પોઇન્ટ તૂટ્યો અને નિફ્ટી ૨૩,૧૫૦ની નજીક બંધ થયો હતો. ઇરાને ટ્રમ્પને ચેતવણી આપી છે કે તે અમેરિકાના અર્થતંત્રને ભાંગી નાંખશે. આની સામે અમેરિકાએ ઇરાને ખતમ કરી નાંખવાની ધમકી આપી છે, તે જોતાં યુદ્ધ વહેલું અટકવાની શક્યતા નથી. બોન્ડ યિલ્ડમાં વધારો અને રૂપિયાની નબળાઇ ઉપરાંત એફઆઇઆઇની એકધારી વેચવાલીએ પણ બજારનું માનસ ખરડી રહી છે.

સતત ત્રીજા દિવસે ઘટાડા સાથે, ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ ઇન્ટ્રા-ડે ટ્રેડ દરમિયાન ૧,૫૭૯.૮૨ પોઈન્ટ અથવા બે ટકા ઘટીને ૭૪,૪૫૪.૬૦ની નીચી સપાટીને અથડાયા બાદ અંતે ૧,૪૭૦.૫૦ પોઈન્ટ અથવા ૧.૯૩ ટકા ઘટીને ૭૪,૫૬૩.૯૨ પર બંધ થયો હતો. બુધવારે સેન્સેક્સ ૧,૪૪૭ પોઇન્ટ ગબડ્યો હતો, આમ ત્રણ સત્રમાં સેન્સેક્સમાં લગભગ ૩૭૦૦ પોઇન્ટથી વધુ ધોવાણ થયું છે. આ તરફ નિફ્ટી ઇન્ડેક્સ ૪૮૮.૦૬ પોઇન્ટ અથવા તો ૨.૦૬ ટકાના ઘટાડા સાથે ૨૩,૧૫૧.૧૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. સેન્સેક્સના શેરોમાં લાર્સન એન્ડ ટૂબ્રો, ટાટા સ્ટીલ, સ્ટેટ બેન્ક, ભારત ઇલેક્ટ્રોનિક્સ, મારુતિ સુઝુકી અને અન્ટ્રાટેક સિમેન્ટ ટોપ લૂઝર રહ્યાં હતાં. જ્યારે હિન્દુસ્તાન યુનિલિવર અને ભારતી એરટેલમાં સુધારો જોવા મળ્યો હતો. મોટાભાગના સેગમેન્ટમાં વેચવાલીનું દબાણ રહ્યું હોવાથી સેક્ટરલ સૂચકાંકોમાં વ્યાપક નબળાઈ જોવા મળી હતી. જીએસજી ક્રોપ સાયન્સનો રૂ. ૪૦૦ કરોડનો આઇપીઓ ૧૬ માર્ચે ખૂલશે. આલ્ફાગ્રેપને મ્યુચ્યુઅલ ફંડ બિઝનેસ શરૂ કરવા સેબીની મંજૂરી મળી છે. એક્ઝો નોબેલ ઇન્ડિયાને કોર્પોરેટ મિનિસ્ટ્રીએ નામ બદલીને જેએસડબલ્યુ ડ્યુલક્સ રાખવા મંજૂરી આપી દીધી છે.

ભારતનું મૂડી બજાર હજુ પણ સ્થિતિસ્થાપક અને મજબૂત રહ્યું છે. આશરે રૂ. ૬૦૦૦ કરોડના એનએચએઆઇ સમર્થિત રાજમાર્ગ ઇન્ફ્રા ઇન્વેસ્ટમેન્ટ ઇન્વિટમેન્ટ (ઇન્વિટ) અંતર્ગત લગભગ રૂ. ૬૦,૦૦૦ કરોડનું સબસ્ક્રિપ્શન હાંસલ થયું છે, જેમાં ક્વિબ્સ હિસ્સો (એક્સ એન્કર) ૧૮.૭૮ ગણો અને એનઆઇઆઇ પોર્શન ૬.૬૦ ગણો સબસ્ક્રાઇબ થયો છે. શુક્રવારે સાંજે ૪:૧૦ વાગ્યા સુધીમાં પબ્લિક ઇશ્યૂના બંધ દિવસે કુલ સબ્સક્રીપ્શન ૧૩.૨૩ ગણું નોંધાયું છે.

ઇક્વિટી માર્કેટ માટે સકારાત્મક આશાવાદ વ્યક્ત કરતાં શેરબજારના પીઢ અભ્યાસુએ જણાવ્યું હતું કે ગ્લોબલ માર્કેટમાં અમેરિકા અને ઇરાન યુદ્ધને કારણે સર્જાયેલા તણાવને લીધે ટૂંકા ગાળામાં અસ્થિરતા આવી શકે છે, પરંતુ લાંબા ગાળામાં ઇક્વિટી બજારની કામગીરી એકંદરે સારી રહેશે. યુદ્ધની નકારાત્મક અસર લાંબા સમય સુધી ટકતી નથી અને સમયાંતરે સ્ટોક માર્કેટ તેમાંથી બહાર નીકળી જાય છે, એમ જણાવતાં ટીસીજી એસેટ મેનેજમેન્ટના એમડી અને સીઇઓ શાહઝાદ મડોન કહે છે કે ઇક્વિટી માર્કેટ પાછલા દાયકાઓમાં યુદ્ધો અને કુદરતી આપદાઓમાંથી પસાર થયું છે અને પાર ઉતરી ગયું છે. ફાઇનાન્સિયલ સર્વિસ સેકટરમાં ૩૦ વર્ષથી વધુ અનુભવ ધરાવત શાહઝાદે આ સંદર્ભે તાજેતરના યુક્રેન-રશિયા યુદ્ધના ઉદાહરણને ટાંકતા જણાવ્યું કે બજારોએ આ યુદ્ધ હજુ ચાલી રહ્યું હોવા છતાં તેની અસરને પચાવી લીધી છે.

સરકારી માલિકીની કંપની કોલ ઇન્ડિયાની શાખા કંપની કોલ સેન્ટ્રલ માઇન પ્લાનીંગ એન્ડ ડીઝાઇન ઇન્સ્ટિટ્યૂટ વીસમી માર્ચે આઇપીઓ લાવી રહી છે. સેંડેમેક મેકેન્ટ્રોનિક્સનો શેર બુધવારે બીએસઇ પર તેના રૂ. ૧૩૫૨ના ઇશ્યૂ ભાવ સામે ૧૧.૬૮ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૧૫૧૦ના ભાવે લિસ્ટેડ થયો હતો. નોંધવું રહ્યું કે પ્રાઇમરી માર્કેટમાં તાજેતરમાં ઘણા નવા ભરણાં ડિસ્કાઉન્ટમાં લિસ્ટેડ થયા હતા. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે અમેરિકાના ટેક્સાસમાં નવી ઓઇલ રિફાઇનરીના પ્રોજેક્ટ માટે ૩૦૦ અબજ ડોલરના કરાર કર્યા હોવાનું અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે જાહેર કર્યું છે, જોકે આ સંદર્ભે રિલાયન્સ તરફથી કોઇ પ્રતિભાવ આવ્યો નથી. ભારતના પાંચ ટ્રિલિયન ડોલરના અર્થતંત્રમાં મહારાષ્ટ્ર ૨૦૨૭ સુધીમાં ૧.૫ ટ્રિલિયનનું યોગદાન આપશે, એવી ધારણાં મુંબઈના આઇડીએસી એક્સસ્પોમાં નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ વ્યક્ત કરી હતી. ભારતના આર્થિક વિકાસમાં મહારાષ્ટ્રની મુખ્ય ભૂમિકા પર ભાર મૂકતા તેમણે મુંબઈમાં આયોજિત સ્થાપત્ય, ડિઝાઇન અને બાંધકામ ક્ષેત્રો માટે ભારતના અગ્રણી પ્રદર્શનમાં બોલતા ટિપ્પણી કરી કે મહારાષ્ટ્ર મજબૂત રોકાણ, ઔદ્યોગિક વિસ્તરણ અને વિશ્વસ્તરીય માળખાગત સુવિધાઓ દ્વારા સંચાલિત દેશનું અગ્રણી આર્થિક પાવરહાઉસ રહ્યું છે.

રિઝર્વ બેન્કે ઓપન માર્કેટ ઓપરેશન મારફત સરકારી જામીનગીરી, જી-સેકની ખરીદી મારફત બેન્કિંગ સિસ્ટમમાં રૂ. ૫૦,૦૦૦ કરોડની પ્રવાહિતા ઠાલવી છે. દરમિયાન, ફેબ્રુઆરીમાં છૂટક ફુગાવો વધીને ૩.૨૧ ટકા થયો, જે જાન્યુઆરીમાં ૨.૭૪ ટકા હતો. ગુરુવારે જાહેર કરાયેલ ગ્રાહક ભાવ સૂચકાંક અનુસાર, દેશમાં રીટેલ ફુગાવો ફેબ્રુઆરીમાં વધીને ૩.૨૧ ટકા થયો, જે અગાઉના મહિનામાં ૨.૭૪ ટકા હતો. ફુગાવાનો ડેટા ૨૦૨૪ના બેઝ યર સાથે નવી સીપીઆઇ શ્રેણી પર આધારિત છે. નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓર્ગેનાઇઝેશન દ્વારા જાહેર કરાયેલા ડેટા દર્શાવે છે કે ફેબ્રુઆરીમાં ખાદ્ય ફુગાવો ક્રમિક રીતે વધીને ૩.૪૭ ટકા થયો છે, જે જાન્યુઆરીમાં ૨.૧૩ ટકા હતો.

ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ, ૦.૨૫ ટકી વધીને ૧૦૦.૭ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો બેન્ચમાર્ક કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ નીચા સ્તરે બંધ થયો. યુરોપમાં બજારો નકારાત્મક ક્ષેત્રમાં ક્વોટ થઈ રહ્યા હતા.

એક્સચેન્જ ડેટા અનુસાર, ગુરુવારે (૧૨ માર્ચ, ૨૦૨૬) વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૭,૦૪૯.૮૭ કરોડના ઇક્વિટી વેચ્યા હતા. જોકે, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૭,૪૪૯.૭૭ કરોડના શેર ખરીદ્યા હતા. ગુરુવાર (૧૨ માર્ચ, ૨૦૨૬)ના રોજ, સેન્સેક્સ ૮૨૯.૨૯ પોઈન્ટ અથવા ૧.૦૮ ટકા ઘટીને ૭૬,૦૩૪.૪૨ પર સ્થિર થયો. એ જ રીતે, નિફ્ટી ૨૨૭.૭૦ પોઈન્ટ અથવા ૦.૯૫ ટકા ઘટીને ૨૩,૬૩૯.૧૫ પર બંધ થયો હતો.

ભારત માટે પોઝિટીવ ડેવલપમેન્ટમાં હોર્મુઝ સ્ટ્રેઇટથી ભારતનું એક ઓઇલ કન્ટેનર ભારત આવી પહોંચ્યું હોવાના અહેવાલ છે. ઇરાને ભારતના જહાજોને હોર્મુઝ સામુદ્રધુનીમાં પસાર થવાની પરવાનગી આપી છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ભારતે બંને દેશોના વિદેશ પ્રધાનો વચ્ચેની વાતચીત દરમિયાન ઈરાન સાથે દરિયાઈ શિપિંગ સલામતી અને ઊર્જા સુરક્ષા અંગે ચર્ચા કરી હતી.

# ક્રૂડ તેલે પ્રતિ બેરલ ૧૦૦ ડૉલરની સપાટી કુદાવતા રૂપિયો ૧૫ પૈસા ખાબકીને નવા તળિયે

મુંબઈઃપશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવને પગલે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ બેરલદીઠ ૧૦૦ ડૉલરની સપાટી કુદાવી ગયાના અહેવાલ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ગઈકાલે ઈક્વિટીમાં વેચવાલી જળવાઈ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન બાવીસ પૈસા ખાબકીને અંતે ૧૫ પૈસાના ઘટાડા સાથે ૯૨.૪૦ની નવી નીચી સપાટીએ બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૨.૨૫ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૨.૩૩ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૨.૪૭ અને ઉપરમાં ૯૨.૨૮ની રેન્જમાં રહ્યા બાદ અંતે ૧૫ પૈસાના ઘટાડા સાથે ૯૨.૪૦ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૨૪ પૈસાના ધોવાણ સાથે ૯૨.૨૫ની સપાટીએ રહ્યો હતો.

આજે વિશ્વ બજારમાં મજબૂત ડૉલર, ક્રૂડતેલના ભાવમાં વધારો, ઈક્વિટી માર્કેટમાં નરમાઈ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી જેવાં કારણોસર રૂપિયો દબાણ હેઠળ આવ્યો હોવાનું મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધને કારણે ક્રૂડતેલના ભાવ વધી આવતાં ફુગાવામાં વધારો થવાના જોખમોને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૨.૧૦થી ૯૨.૮૦ની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૪૩ ટકા વધીને ૧૦૦.૧૭ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૧.૪૧ ટકા વધીને બેરલદીઠ ૧૦૧.૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક સ્તરે આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૪૭૦.૫૦ પૉઈન્ટનો અને ૪૮૮.૦૫ પૉઈન્ટનો કડાકો બોલાઈ જવાની સાથે ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૭૦૪૯.૮૭ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ચાંદી ₹ ૭૮૧૩ ગબડી, સોનામાં ₹ ૧૯૦૪ તૂટ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ઉકળી રહ્યા હોવાથી વૈશ્વિક અર્થતંત્રોમાં ફુગાવો વધવાની સાથે ડૉલર ઈન્ડેક્સમાં પણ મજબૂત વલણ રહેતાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવમાં ઘટ્યા મથાળેથી સાધારણ સુધારો આવ્યો હતો અને વાયદામાં ભાવ ઘટી આવ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ પણ ૧.૩ ટકા ઘટી આવ્યા હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં હાજરમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૮૯૭થી ૧૯૦૪નો ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૭૮૧૩ ગબડ્યાં હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વિશ્વ બજાર પાછળ હાજરમાં ચાંદીના વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૭૮૧૩ના કડાકા સાથે રૂ. ૨,૬૦,૪૮૮ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ઘટ્યા મથાળેથી ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગ જોવા મળી હતી. વધુમાં આજે હાજરમાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૮૯૭ ઘટીને રૂ. ૧,૫૭,૭૬૫ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૯૦૪ ઘટીને રૂ. ૧,૫૮,૩૯૯ના મથાળે રહ્યા હતા. તેમ જ સોનામાં ઊંચી સપાટીએથી માત્ર રોકાણકારોની છૂટીછવાઈ માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના ઘટ્યા મથાળેથી સાધારણ ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૫૦૮૭.૬૧ ડૉલર અને એપ્રિલ ડિલિવરી વાયદામાં ભાવ ૦.૧૬ ટકા ઘટીને ૫૦૯૨.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૮૨.૬૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તાજેતરમાં ઈક્વિટી માર્કેટમાં થયેલા ધોવાણને કારણે નુકસાની સરભર કરવા માટે સોનામાં વેચવાલીનું દબાણ અને ક્રૂડતેલના ભાવમાં થયેલા વધારાને કારણે ફુગાવો વધી આવતાં અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા ઓસરી જતાં સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું વિશ્લેષક રોસ નોર્મને જણાવતા ઉમેર્યું હતું કે હાલની સ્થિતિને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળામાં સોના માટે ઔંસદીઠ ૫૦૦૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થઈ શકે છે.

ઈરાને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ બંધ રાખ્યો હોવાથી ક્રૂડતેલના પુરવઠાની ચિંતા સપાટી પર આવતા આજે એશિયન ઈક્વિટી બજારોમાં સતત બીજા સત્રમાં નરમાઈની સાથે સાપ્તાહિક ધોરણે પણ પીછેહઠ જોવા મળી છે. ક્રૂડતેલના ભાવ વધી આવતા અમેરિકાએ પુરવઠાની ચિંતા હળવી કરવા ૩૦ દિવસ સુધી રશિયન તેલની ખરીદીની છૂટ આપી છે તેમ જ ઈન્ટરનેશનલ એનર્જી એસોસિયેશને તેની વ્યૂહાત્મક અનામતમાંથી ૪૦ કરોડ બેરલનો જથ્થો છૂટો કરવાની સહમતી આપી છે.

હવે રોકાણકારોની નજર આગામી ૧૭-૧૮ માર્ચની અમેરિકી ફેડરલ રિઝર્વની નીતિવિષયક બેઠક પર સ્થિર થઈ છે. જોકે, આ બેઠકમાં વ્યાજદર યથાવત્ રાખવામાં આવે તેવી શક્યતા બજાર વર્તુળો વ્યક્ત કરી રહ્યા છે. વધુમાં આજે ડૉલર ઈન્ડેક્સ ત્રણ મહિનાની ઊંચી સપાટીએ અને અમેરિકાની ૧૦ વર્ષીય ટ્રેઝરીની યિલ્ડ છ સપ્તાહની ઊંચી સપાટીએ રહી હોવાથી પણ સોનાના ભાવ દબાણ હેઠળ રહ્યા હતા.

# વૈશ્વિક આર્થિક વૃદ્ધિની ચિંતા સપાટી પર આવતા વિશ્વ બજાર પાછળ ધાતુમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે ક્રૂડતેલના ભાવ બેરલદીઠ ૧૦૧ ડૉલરની સપાટી પાર કરી જતાં ફુગાવામાં થનારી અપેક્ષિત વૃદ્ધિને ધ્યાનમાં લેતા આજે વિશ્વ બજારમાં આર્થિક વૃદ્ધિની ચિંતા સપાટી પર આવતા લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હતું. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં માત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં જોવા મળેલા અનુક્રમે કિલોદીઠ રૂ. ત્રણ અને રૂ. પાંચના સુધારા અને બ્રાસ શીટ કટિંગ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને વધુ ઘટાડાના આશાવાદે ખપપૂરતી માગ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૨૫ સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. આજે સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ ખપપૂરતી રહેતાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૧૨૫ ઘટીને રૂ. ૪૬૬૩, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૨૦ ઘટીને રૂ. ૧૦૭૦, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૮ ઘટીને રૂ. ૧૨૬૧, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૬ ઘટીને રૂ. ૧૧૭૮, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ ઘટીને રૂ. ૧૧૭૧ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૧ ઘટીને રૂ. ૧૬૩૨ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સાર્વત્રિક સ્તરેથી નિરસ માગ અને સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું તેમાં કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. આઠ ઘટીને રૂ. ૧૧૬૭, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. છ ઘટીને રૂ. ૩૨૬, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૩૫૨ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ .એક ઘટીને રૂ. ૧૯૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે માત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૩૫૨ અને રૂ. પાંચ વધીને રૂ. ૨૭૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતી માગને ટેકે બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ૮૨૭ના મથાળે ટકેલા રહ્યા હતા.

# પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય તણાવથી ફેબ્રુઆરીમાં સનફ્લાવર તેલની આયાત અડધી થઈ

નવી દિલ્હીઃ પશ્ચિમ એશિયામાં પ્રવર્તમાન ભૂરાજકીય તણાવને કારણે કાળા સમુદ્ર માર્ગેથી શિપિંગ ખોરવાઈ જવાની સાથે નૂરભાડા વધી આવતાં આયાત પડતરોમાં વધારો થતાં ગત ફેબ્રુઆરી મહિનામાં ક્રૂડ સનફ્લાવર તેલની આયાત ૫૧ ટકા ઘટીને ૧.૪૫ લાખ ટનની થઈ હોવાનું ઔદ્યોગિક સંગઠન સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશને તાજેતરમાં સંકલિત કરેલી આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

એસોસિયેશને જણાવ્યું હતું કે ગત ફેબ્રુઆરીમાં ક્રૂડ સનફ્લાવર તેલના સરેરાશ ભાવ જે ગત ફેબ્રુઆરી, ૨૦૨૫માં ટનદીઠ ૧૨૧૬ ડૉલર આસપાસ હતા તે ગત ફેબ્રુઆરીમાં ૧૭ ટકા વધીને ટનદીઠ ૧૪૨૦ ડૉલરની સપાટીએ પહોંચ્યા હતા. તેમ જ ગત સાલના સમાનગાળાની સરખામણીમાં ડૉલર સામે રૂપિયામાં પણ ૪.૨ ટકાનું ધોવાણ થતાં આયાતકારો અને રિફાઈનરોની પડતરોમાં વધારો થયો છે. દેશમાં સનફ્લાવર તેલની થતી કુલ આયાતમાં રશિયા અને યુક્રેનનો હિસ્સો ૭૦થી ૯૦ ટકા જેટલો હોય છે. હાલમાં યુદ્ધને કારણે કાળા સમુદ્રના નિકાસ માર્ગ ખોરવાઈ જવાની સાથે રાતા સમુદ્ર અને સુએઝ કેનાલમાં તણાવ વધતાં નૂરભાડામાં પણ વધારો થયો છે.

વધુમાં હાલના વિવાદને કારણે ખાસ કરીને રાતા સમુદ્ર અને સુએઝ કેનાલ માર્ગેથી નિકાસ ખોરવાતા શિપમેન્ટમાં વિલંબ, પરિવહન ખર્ચમાં વધારો થવાથી ઉપલબ્ધિ પર માઠી અસર પડતી હોવાનું એસોસિયેશને યાદીમાં જણાવ્યું હતું.

એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત નવેમ્બરથી શરૂ થયેલા વર્તમાન તેલ વર્ષનાં પહેલા ચાર મહિનામાં આયાત ગત મોસમના સમાનગાળાના ૧૧.૨ લાખ ટન સામે ઘટીને ૯.૦૪ લાખ ટનની સપાટીએ રહી છે. રશિયા, યુક્રેન અને પૂર્વ યુરોપમાંથી સનફલાવર તેલના શિપમેન્ટ ખોરવાઈ જવાથી અને પામતેલના ઊંચા નૂરભાડાને કારણે ટ્રેડરો અને ગ્રાહકોને ભાવવધારાનો બોજ સહન કરવો પડે છે.

# ફેબ્રુઆરીમાં ડીલરોને પેસેન્જર વાહનોની રવાનગીમાં ૧૦.૬ ટકાનો વધારો

નવી દિલ્હીઃ ગત ફેબ્રુઆરી મહિનામાં સ્થાનિક સ્તરે પેસેન્જર વાહનોના ઉત્પાદકોની ડીલરોને થતી વાહનોની રવાનગી ફેબ્રુઆરી, ૨૦૨૫નાં ૩,૭૭,૬૮૯ યુનિટ સામે ૧૦.૬ ટકા વધીને ૪,૧૭,૭૦૫ યુનિટની સપાટીએ રહી હતી. જોકે, પ્રવર્તમાન પશ્ચિમ એશિયાના યુદ્ધની ઉત્પાદન તથા નિકાસ પર માઠી અસર થવાની ચિંતા સપાટી પર આવી હોવાનું સ્થાનિક ઑટોમોબાઈલ ઉત્પાદકોના સંગઠન સોસાયટી ઑફ ઈન્ડિયન ઑટોમોબાઈલ મેન્યુફેક્ચરસર્સ (સિઆમ)એ એક યાદીમાં જણાવ્યું છે.

એકંદરે ગત મહિનામાં યુટિલિટી વાહનોનું વેચાણ વર્ષાનુવર્ષ ધોરણે ૧૩.૫ ટકા વધીને ૨,૩૬,૯૫૭ યુનિટ (૨,૦૮,૭૯૫ યુનિટ)ની સપાટીએ રહ્યું હોવાથી કુલ પેસેન્જર વાહનોના વેચાણમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. જોકે, પેસેન્જર કારનું વેચાણ વર્ષાનુવર્ષ ધોરણે ૩.૮ ટકા ઘટીને ૧,૦૬,૭૯૯ યુનિટ (૧,૧૦,૯૬૬ યુનિટ)ની સપાટીએ તેમ જ વાનનું વેચાણ ફેબ્રુઆરી મહિનાના ૧૧,૪૯૩ યુનિટ સામે સાધારણ ૧.૧ ટકા વધીને ૧૧,૬૨૦ યુનિટની સપાટીએ રહ્યું હોવાનું સિઆમે આંકડાકીય માહિતી આપતા જણાવ્યું હતું.

વધુમાં ગત ફેબ્રુઆરી મહિનામાં દ્વીચક્રી વાહનોનું વેચાણ ફેબ્રુઆરી, ૨૦૨૫ના ૧૩,૮૪,૬૦૫ યુનિટ સામે ૩૫.૨ ટકા વધીને ૧૮,૭૧,૪૦૬ યુનિટની સપાટીએ રહ્યું હતું. જેમાં મોટરસાઈકલનું વેચાણ ૩૦.૮ ટકા વધીને ૧૦,૯૬,૫૩૭ યુનિટ (૮,૩૮,૨૫૦ યુનિટ અને સ્કૂટરનું વેચાણ ૪૨.૩ ટકા વધીને ૭,૨૯,૭૭૪ યુનિટ (૫,૧૨,૭૮૩ યુનિટ)ની સપાટીએ રહ્યું હતું.

સિઆમની યાદી અનુસાર ગત ફેબ્રુઆરી મહિનામાં ત્રિચક્રી વાહનોનું વેચાણ ફેબ્રુઆરી, ૨૦૨૫ના ૫૭,૭૮૮ યુનિટ સામે ૨૯ ટકા વધીને ૭૪,૫૭૩ યુનિટની સપાટીએ રહ્યું હતું.

# કમર્શિયલ એલપીજીનો ખોરવાતો પુરવઠોઃ દાર્જિલિંગ ચા ઉદ્યોગમાં ઉત્પાદન ઘટની ચિંતા

કોલકાતાઃ કોમર્શિયલ-ઔદ્યોગિક એલપીજીની અનુપલબ્ધિને કારણે પશ્ચિમ બંગાળના જિલ્લાઓની ફેક્ટરીઓમાં સપ્લાય ચેઈન ખોરવાઈ જતાં દાર્જિલિંગના ચાના ઉત્પાદનમાં ઘટાડો થવાની ભીતિ સ્થાનિક ઔદ્યોગિક સંગઠને વ્યક્ત કરી છે.

તાજેતરમાં દાર્જિલિંગ ટી એસોસિયેશને કોલકાતા ખાતે ટી બોર્ડનાં નાયબ અધ્યક્ષ (ડેપ્યૂટી ચેરમેન)ને લખેલા પત્રમાં પેટ્રોલિયમ ઍન્ડ નેચરલ ગૅસ મંત્રાલય સાથેના સંદેશવ્યવહારનો ઉલ્લેખ કર્યો છે, જેમાં તમામ જાહેર ક્ષેત્રની તેલ માર્કેટિંગ કંપનીઓને માત્ર ઘરગથ્થુ ધોરણે જ પુરવઠો પૂરો પાડવાનો અને માર્કેટિંગ કરવાનું જણાવાયું છે. આ બાબતને ધ્યાનમાં લેતા એસોસિયેશને ચેતવણી આપી હતી કે આ આદેશના પરિણામે ચા એસ્ટેટની ફેક્ટરીઓમાં કોમર્શિયલ એલપીજીના અભાવથી દાર્જિલિંગ ચાના ઉત્પાદન પર માઠી અસર થવાની સાથે સાથે અંદાજે ૫૫,૦૦૦ કાયમી કામદારોનાં પરિવારોની આજીવિકા પર પણ અસર થશે. આથી એસોસિયેશનનાં સભ્યોએ દાર્જિલિંગ ચા ઉદ્યોગની ફેક્ટરીઓને અવિરત કોમર્શિયલ એલપીજીનો પુરવઠો સુનિશ્ચિત કરવા પત્રમાં અનુરોધ કરતાં જણાવ્યું હતું કે છેલ્લા એક દાયકામાં દાર્જિલિંગ ખાતેનાં ચા એસ્ટેટોની ફેક્ટરીઓ જે અગાઉ કોલસા આધારિત હતી તેને એલપીજીમાં રૂપાંતરિત કરવામાં આવી છે. આ વિકાસ ખાસ કરીને દાર્જિલિંગ ચા ઉદ્યોગ જ્યારે ઉત્પાદન સંકટનો સામનો કરી રહ્યો હતો તેવાં સંવેદનશીલ સમયગાળામાં થયો છે. એસોસિયેશને આંકડાકીય માહિતી આપતા જણાવ્યું હતું કે વર્ષ ૧૯૯૦માં ચાનું ઉત્પાદન જે ૧.૪ કરોડ ટન હતું તે વર્ષ ૨૦૨૪માં ઘટીને ૬૦ લાખ ટનની અંદર ઉતરી ગયું છે અને વર્ષ ૨૦૨૫માં નવી નીચી સપાટી સુધી ઘટવાની શક્યતા છે. વર્ષ ૨૦૨૫માં જાન્યુઆરીથી નવેમ્બર દરમિયાન ઉત્પાદન આગલા વર્ષના સમાનગાળાની તુલનામાં ૮.૭૯ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે.

# પાંખાં કામકાજે દેશી - આયાતી તેલમાં મિશ્ર વલણ

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૨૩ રિંગિટ વધી આવ્યા હતા, જ્યારે ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૨૬ સેન્ટ વધી આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં એકંદરે કામકાજો પાંખાં રહ્યા હોવાથી હાજરમાં આયાતી-દેશી તેલના ભાવમાં માગ અનુસાર મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં ૧૦ કિલોદીઠ કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૨૦નો, સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૦નો અને આરબીડી પામોલિનમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો, જ્યારે સન રિફાઈન્ડ અને સિંગતેલમાં અનુક્રમે રૂ. ૨૦ અને રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો અને સરસવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ પતંજલિ ફૂડ્સના એપ્રિલ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૨૦ અને સરસવના રૂ. ૧૬૯૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૦થી ૧૪૪૫, સોયા રિફાઈન્ડના માર્ચ-એપ્રિલ ડિલિવરી શરતે રૂ. ૧૪૦૦ અને માર્ચ ડિલિવરી શરતે સન રિફાઈન્ડના રૂ. ૧૭૧૫, ગોલ્ડન એગ્રીના ક્રૂડ પામતેલના રૂ. ૧૧૫૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૫૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૩૦, રિલાયન્સ કન્ઝ્યુમરના એપ્રિલ તથા મે ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૦૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૧૦, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૦૧ અને ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૨૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૪૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૮૦ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપાર થયાના અહેવાલ હતા. ગુજરાતના ગોંડલ મથકે આજે મગફળીની ૫૦૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૩૫૦૦ ગૂણી મગફળીની આવક સામે મંડીમાં વેપાર અનુક્રમે મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૫૩૦માં અને રૂ. ૧૩૦૦થી ૧૫૦૦માં થયા હતા. આજે ગુજરાતનાં મથકો પર દેશાવરોની માગને ટેકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૬૮૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૦૦માં ટકેલા ધોરણે થયા હતા. દરમિયાન આજે હાજરમાં દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૩૦ સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૪૦, સન રિફાઈન્ડના રૂ. ૧૭૧૦, સિંગતેલના રૂ. ૧૭૨૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૪૪૦ અને સરસવના રૂ. ૧૪૩૦ના મથાળે રહ્યા હતા.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ મર્યાદિત રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૨૦થી ૩૭૬૦માં થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં છૂટીછવાઈ સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ રહેતાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છનો સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો આવ્યો હતો અને ઉપલા મથાળેથી રૂ. ૧૪ વધી આવ્યા હતા.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

પશ્ચિમ રેલવે
ભાવનગર મંડળ
ક્વાર્ટર્સ અને
લૉન ટેનિસ કોર્ટની જોગવાઈ

ઈ-ટેન્ડર નં. ૨૯૨-૨૦૨૫-૨૬ કામનું નામઃ ગ્રૂપ વર્કઃ (૧) ભાવનગર પરા - રિપ્લેસમેન્ટ એકાઉન્ટ પર ૧૩ યુનિટ ટાઈપ-II ક્વાર્ટર્સ, ૨ યુનિટ ટાઈપ- III ક્વાર્ટર્સ અને ૧ યુનિટ ટાઈપ-IV ક્વાર્ટર્સની જોગવાઈ. (૨) ભાવનગર પરા ખાતે ORH નજીક લૉન ટેનિસ કોર્ટની જોગવાઈ. ટેન્ડર મૂલ્ય (રૂ.) ૪,૮૨,૦૩,૧૫૭.૬૮ બારડીઃ ૩,૯૧,૦૦૦.૦૦ બિડિંગ પ્રારંભ તારીખઃ ૨૦/૦૩/૨૦૨૬ બિડિંગ બંધ થવાની તારીખઃ ૦૩/૦૪/૨૦૨૬ ઉપરોક્ત દર્શાવેલ ટેન્ડર ૧૨/૦૩/૨૦૨૬ના રેલવે વેબસાઈટ, www.ireps.gov.in પર અપલોડ કરવામાં આવ્યું છે.
BVP 297
અમને લાઇક કરોઃ facebook.com/WesternRly

કન્ટેઈનર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ.
(ભારત સરકારનું એક નવરત્ન અંડરટેકિંગ)
એરિયા-II ઓફિસ, NSIC, નવી MDBP બિલ્ડિંગ, ઓખલા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, NSIC ઓખલા મેટ્રો સ્ટેશન સામે, નવી દિલ્હી-૧૧૦૦૨૦

હિતની અભિવ્યક્તિ (EOI)
બલ્ક કાર્ગો ટર્મિનલ ડેવલપમેન્ટ

કૉનકૉર અમદાવાદ કલસ્ટરમાં કૉનકૉર ટર્મિનલ્સ એટલે કે DCT ખોડિયાર (અમદાવાદ), ICD વર્નામાં (વડોદરા) અને RTH સ્વરૂપગંજ (સિરોહી) ખાતે બલ્ક કાર્ગો હેન્ડલિંગ સુવિધાઓના વિકાસ અને સંચાલન માટે રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી હિતની અભવ્યક્તિ (EOI) મંગાવે છે.
રસ ધરાવતી સંસ્થાઓ બલ્ક કાર્ગો હેન્ડલિંગ, લોજિસ્ટિક્સ ઓપરેશન્સ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ અથવા સંબંધિત પ્રવૃત્તિઓમાં અનુભવ ધરાવતા એક અથવા વધુ ટર્મિનલ માટે તેમની EOI સુપ્રત કરી શકે છે.
EOI દસ્તાવેજ, પાત્રતા માપદંડ અને સુપ્રતિ વિગતો કૉનકૉર વેબસાઈટ પર ઉપલબ્ધ છેઃ મુલાકાત લોઃ www.concorindia.co.in
સુપ્રતિ માટે છેલ્લી તારીખઃ ૩૦.૦૩.૨૦૨૬ના ૧૫.૦૦ ક. કે તે પહેલા.
કૉનકૉર કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ અથવા તમામ EOIs ને સ્વીકારવા કે નકારવાનો અધિકાર અનામત રાખે છે.
સંદર્ભઃ CON/બલ્ક/A-II/ADI/2026
એરિયા હેડ, કૉનકૉર

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રુસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.

અનમોલ દૃષ્ટિ

દૃષ્ટિ સંબંધિત વિવિધ પ્રકારની ક્ષતિઓ અંગે કારણથી લઇને મારણ સુધી માહિતી પ્રદાન કરતી લેખમાળા

લેખક : પ્રકાશ શાહ

# આધુનિક મશીન + અત્યાધુનિક ટેક્નિક + કાબેલ સર્જન = કેટરેક્ટનો સફાયો

સુરતનિવાસી ૫૬ વર્ષના દિવ્યાંગભાઇ સુશિક્ષિત હોવા છતાં જૂનવાણી અને રૂઢિચુસ્ત વિચારધારા ધરાવતા હતા. આ જમાનામાં પણ પુત્રવધૂ લાજ કાઢીને ઘરમાં રહેતી હોવા ઉપરાંત કોઇ પણ નાના-મોટા કાર્ય માટે શુકન-અપશુકન અને ચોઘડિયા-મુહૂર્ત વગેરે જોવામાં આવતા. દિવ્યાંગભાઇના સ્વભાવને કારણે પત્ની તથા સંતાનો પણ ત્રાહિમામ્ હતા. એ છતાં સૌ તેમની આમન્યા જાળવવા માટે એક હરફ પણ ઉચ્ચારતા નહોતા. થોડા સમયથી દિવ્યાંગભાઇને વાચન તથા સિરિયલ વગેરે જોવામાં ધૂંધળાશની પ્રતીતિ થતી હતી જેને ધ્યાનમાં રાખીને સ્થાનિક ઓફથેલ્મોલોજિસ્ટનો સંપર્ક સાધ્યો. પરીક્ષણમાં તેમની ઉંમરમાં સામાન્ય લેખાતી ક્ષતિ હાર્ડ-કેટરેક્ટનો ભોગ બન્યા હોવાનું નિદાન કરવામાં આવ્યું. એ તબક્કામાં કમૂરતા ચાલતા હોવા ઉપરાંત તેમની રાશિ પર થોડા મહિના રાહુકાળ ચાલતો હોવાનું ધ્યાનમાં રાખીને દિવ્યાંગભાઇએ સર્જરી કરવાનું મુલતવી રાખ્યું. જોકે તેમને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે આ પગલું આફતકારક સાબિત થવાનું છે. રાહુકાળ લુપ્ત થયા બાદ ઓફથેલ્મોલોજિસ્ટનો કોન્ટેક્ટ કર્યો ત્યારે દૃષ્ટિ સંબંધિત સમસ્યા વકરી ગઇ હતી. પરીક્ષણમાં હાર્ડ-કેટરેક્ટ પાકી ગયા હતો. સમયસર સારવાર ન કરાવી હોવાને કારણે ક્ષતીએ ગંભીર રૂપ લીધુ હોવાનું જાણીને દિવ્યાંગભાઇની હાલત કાપો તો લોહી ન નીકળે એવી થઇ ગઇ. શારીરિક ક્ષતિને કારણે માનસિક રીતે વ્યથિત રહેનારા દિવ્યાંગભાઇની વહારે મુંબઇસ્થિત બહેન આવી. કોલાબાસ્થિત ધ ઇન્ટરનેશનલ આઇ-કેર સેંટર તથા વિઝન વિસ્ટા આઇ ક્લિનિક ખાતે કેટરેક્ટનું સમાધાન સાધવા માટે અત્યાધુનિક મશીન આરૂઢ હોવાથી બહેન માહિતગાર હતી, જેને ધ્યાનમાં રાખીને તાબડતોબ દિવ્યાંગભાઇને મુંબઇ તેડાવ્યા. મુંબઇ આવીને પળનો પણ વિલંબ કર્યા વગર કોલાબાસ્થિત ઉક્ત ક્લિનિકના ડિરેક્ટર ડૉ. સાયરસ મહેતાની મુલાકાત લીધી. જે દિવ્યાંગભાઇ માટે આશીર્વાદરૂપ સાબિત થઇ. સવારે કેટરેક્ટનું સમાધાન સાધીને રાત્રે ટેલિવિઝન પર મનપસંદ ફિલ્મ પણ જોઇ, જે જાણીને પરિવારજનો પણ હેબતાઇ ગયા. મનોમન શું દિવ્યાંગભાઇએ ખરેખર કેટરેક્ટની સર્જરી કરાવી છે કે નહીં એવું વિચારતા હતા. આ તબક્કા દરમિયાન આત્મમંથન કરતાં દિવ્યાંગભાઇને પોતાની ભૂલ તથા વિચારધારા પર ખૂબ પસ્તાવો થયો, જેને પરિણામે જાગ્યા ત્યારથી સવાર સમજીને દિવ્યાંગભાઇ પોતાની રૂઢિચુસ્ત માન્યતાને દૂર કરીને પરિવારજનો સાથે હળીમળીને તથા હંસીમજાક કરીને જીવન વીતાવે છે. પુત્રવધુ પણ ઘરમાં હવે દીકરીની જેમ હરેફરે છે. તાજેતરમાં મુંબઇની મુલાકાત દરમિયાન દિવ્યાંગભાઇએ ડો. સાયરસ મહેતાની ક્લિનિક પર મુલાકાત લઇને તેમનો અંતકરણપૂર્વક આભાર માન્યો હતો. સાથે સુરતીની પ્રખ્યાત ઘારી તથા પોંક-તીખી સેવનું પેકેટ પણ આપ્યું હતું.

પેશન્ટના હિતને મુખ્ય ઉદ્દેશ લેખનાર ડૉ. સાયરસ મહેતાના જણાવ્યાનુસાર દિવ્યાંગભાઇના હાર્ડ-કેટરેક્ટ અત્યાધુનિક યુનિટી 4D દ્વારા દૂર કરીને EDOF લેન્સનું પ્રત્યાર્પણ કર્યું હતું. મુંબઇ ઉપરાંત સમગ્ર મહારાષ્ટ્ર તથા ઉત્તર-ભારતમાં સૌપ્રથમ વાર મશીન વસાવવાનું શ્રેય ડૉ. સાયરસ મહેતાને ફાળે જાય છે. કેટરેક્ટ દૂર કરવા માટે સમગ્ર વિશ્વમાં સર્વોત્કૃષ્ટ લેખાતા આ નવીન મશીનને પરિણામે સર્જરી સચોટ, ત્રુટિરહિત અને સફળ સાબિત થાય છે. જેને પરિણામે કેટરેક્ટનું નામ સાંભળતા જ દેશ-વિદેશના પેશન્ટને સચોટ, સુલભ અને સફળ સમાધાન સાધવા માટે સહસા ડૉ. સાયરસ મહેતાનું નામ સ્મરી આવે છે. તબીબના મતાનુસાર હાલને તબક્કે કેટરેક્ટની ક્ષતિ આબાલવૃદ્ધ પૈકી કોઇને પણ ભરડામાં લઇ શકે છે. સામાન્યપણે ઉંમર વધવાને લીધે લેન્સની કુદરતી રચનામાં ખામી સર્જાય છે. ઉંમર વધવાની સાથે વાળ સફેદ થવા ઉપરાંત પાંખા થતા જાય છે એ રીતે આંખના લેન્સમાં પણ સફેદી સર્જાય છે, જેને કેટરેક્ટ કહેવામાં આવે છે.

પશ્ચિમ ભારતમાં એક જ છત નીચે કેટરેક્ટ-ગ્લુકોમાનું સમાધાન સાધવા માટે યુનિટી 4D, નેનો-SLT, IOL માસ્ટર 700 વિથ TOPO જેવા અત્યાધુનિક મશીન વસાવનાર ધ ઇન્ટરનેશનલ આઇ-કેર સેંટર વિઝન વિસ્ટા આઇ ક્લિનિક સૌપ્રથમ તથા કદાચિત એકમાત્ર આઇ-ક્લિનિક છે. 'ધ સાઇટ ગાઇડ' તથા 'સાયરસઃ એજયુકેશન ઓફ એન ઓફથેલ્મોલોજિસ્ટ' નામે પુસ્તકના લેખક ડૉ. સાયરસ મહેતા વિસ્તૃતમાં માહિતી આપતાં જણાવે છે કે હાલપર્યંત કેટરેક્ટ સર્જરી દરમિયાન અલ્ટ્રા-સાઉન્ડ ટિપનો ઉપયોગ કરવામાં આવતો હતો, જે એક જ દિશામાં વાઇબ્રેટ થઇને કેટરેક્ટને ચૂરચૂર કરતી હતી. તેમાં પણ હાર્ડ કે કોમ્પલિકેટેડ કેટરેક્ટ દૂર કરતી વખતે પુષ્કળ પ્રમાણમાં એનર્જીનો ઉપયોગ કરવો પડતો હતો, જે દરમિયાન આંખમાં તીવ્ર હિટ ઉત્પન્ન થતી. ફળસ્વરૂપે રાહત પ્રદાન થવામાં લાંબો સમયગાળો લાગતો. તેની સરખામણીમાં નવીન-અત્યાધુનિક યુનિટી 4D સિસ્ટમ એક જ દિશામાં કામ કરવાની જગ્યાએ ચાર ડાયમેન્શનમાં કામ કરે છે. તે બ્લેડ-ફ્રી, ઝડપી, પીડારહિત હોવા ઉપરાંત સલામત છે. કેટરેક્ટ દૂર કરવા માટે અગાઉની સર્જરીની સરખામણીમાં ફક્ત પાંચમા ભાગ જેટલી એનર્જીનો ઉપયોગ થાય છે. જે આંખની અંદરના ટિશ્યુ માટે ખૂબ લાભદાયક સાબિત થાય છે. એડવાન્સ્ડ સેન્સર્સ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરીને સર્જરીના તમામ તબક્કાને ચીવટતાપૂર્વક પ્લાન કરીને અમલમાં મૂકવામાં આવે છે. સૌથી મોટો ફાયદો તથા સલામતી એ છે કે સર્જરી દરમિયાન અંદર રહેલી થર્મલ મોનિટરિંગ સિસ્ટમ આંખની અંદર હિટ ઉત્પન્ન થવા દેતી નથી. અગાઉની કેટરેક્ટની સર્જરીમાં આ લાભ કે સલામતી પ્રદાન થતી નહોતી, જેને પરિણામે હાર્ડ-કેટરેક્ટ ધરાવનારને પણ ઝડપથી રાહત પ્રદાન થાય છે. ટ્રાયફોકલ કે ઇડોફ વગેરે લેન્સનું પણ સહેલાઇથી, સરળતાપૂર્વક યથાસ્થાને પ્રત્યારોપણ કરી શકાય છે. આ ઉપરાંત કેટરેક્ટની સર્જરી કરતી વખતે અગાઉની નજીક કે દૂરનું અંતર જોવામાં તકલીફ થવી, અસ્ટીગમેટિઝમ, ચશ્માં વગર વાંચનમાં મુશ્કેલી જેવી વિવિધ ક્ષતિનું પણ સમાધાન સાધવામાં આવે છે, જેને પરિણામે સર્જરી પછી ઉછીની આંખ અર્થાત્ ચશ્માં પહેરવાની આવશ્યક્તા રહેતી નથી. સમગ્ર મુંબઇ સહિત મહારાષ્ટ્ર અને ઉત્તર ભારતમાં કેટરેક્ટનું સમાધાન સાધવા માટે યુનિટી 4D સિસ્ટમ વસાવનાર ધ ઇન્ટરનેશનલ આઇ કેર સેંટર-વિઝન વિસ્ટા આઇ ક્લિનિક સૌપ્રથમ આઇ ક્લિનિક બન્યું છે. નવીન મશીન ઇન્સ્ટોલ કર્યાના દોઢેક મહિનામાં જ ડૉ. સાયરસ મહેતા યુનિટી 4D દ્વારા આશરે 500થી વધારે કેટરેક્ટગ્રસ્તની સફળ શસ્ત્રક્રિયા કરી ચૂક્યા છે, જેમાં ત્રણ વર્ષના બાળકથી લઇને 95 વર્ષના વયોવૃદ્ધનો સમાવેશ થાય છે.

રોમ ખાતે SOI કૉંગ્રેસમાં માતબર લેખાતા સ્ટ્રેમ્પેલી મેડલના વિજેતા ડૉ. સાયરસ મહેતાના ક્લિનિકમાં આંખમાં ઇમ્પ્લાન્ટ કરવામાં આવનારા લેન્સના પાવર માપવા માટે IOL માસ્ટર 700 વિથ TOPO મશીન છે. મુંબઇમાં સૌપ્રથમ આ મશીન આણવાનું શ્રેય ડૉ. સાયરસ મહેતાના ક્લિનિકને ફાળે જાય છે. ઇમ્પ્લાન્ટ કરવામાં આવનારા લેન્સના પાવર માપવા માટે આ મશીન વિશ્વમાં સર્વોત્કૃષ્ટ છે. ટૂંકમાં જટિલ સર્જરી પણ સહેલાઇથી, સરળતાપૂર્વક અને સફળતાથી કરી શકાય છે.

પેશન્ટના હિતને મુખ્ય ઉદ્દેશ લેખનાર ડૉ. સાયરસ મહેતાના જણાવ્યા મુજબ દિવ્યાંગભાઇની આંખમાં લેટેસ્ટ EDOF લેન્સનું પ્રત્યાર્પણ કરવામાં આવ્યું હતું, જેને પરિણામે વ્યક્તિ નજીક, દૂર કે મધ્યમ અંતરે રહેલી ચીજ-વસ્તુ સહેલાઇથી, સરળતાથી અને સાતત્યતાપૂર્વક જોઇ, પારખી અને વાંચી શકે છે. રાત્રે પણ દૃષ્ટિમાં ધૂંધળાશ કે ઝળહળાટની પ્રતીતિ થતી નથી. EDOF લેન્સ રિંગરહિત હોવાને કારણે દૃષ્ટિમાં કોઇ પણ અંતરાય દૃષ્ટિભૂત થતો નથી.

ટૂંકમાં, કાબેલ, નિપુણ તથા અનુભવી સર્જન અને અત્યાધુનિક મશીનથી ઝડપી, પીડારહિત, સલામત પ્રક્રિયા દ્વારા પાંપણના પલકારામાં કેટરેક્ટનું સમાધાન સાધવા માટેનું આદર્શ સરનામુઃ

**ધ ઇન્ટરનેશનલ આઇ-કેર સેંટર**

**વિઝન વિસ્ટા આઇ ક્લિનિક**




**ધ વિઝન વિસ્ટા આઇ ક્લિનિક ખાતે યુનિટી 4D જેવા અત્યાધુનિક મશીન દ્વારા બ્લેડલેસ પ્રક્રિયાથી કેટરેક્ટ દૂર કરવામાં આવે છે. નેનો- SLT દ્વારા પાંપણના પલકારામાં ગ્લુકોમાને નાથી શકાય છે. એન્જિયોવ્યૂ દ્વારા રેટિના સંબંધિત ક્ષતિનું પણ સલામત અને સરળ પ્રક્રિયા દ્વારા સમાધાન સાધવામાં આવે છે. લેટેસ્ટ મશીન સ્માઇલ દ્વારા ચશ્માં કે કોન્ટેક્ટ લેન્સ દૂર કરી શકાય છે**

## યુનિટી 4D સિસ્ટમની લાક્ષણિકતાઃ

▸ યુનિટી 4D સિસ્ટમ એક જ દિશામાં કામ કરવાની જગ્યાએ ચાર ડાયમેન્શનમાં કામ કરે છે ▸ કોર્નિયા માટે સલામત ▸ બ્લેડ-ફ્રી અર્થાત્ આંખ પર કાપો મૂકવાની જરૂરત નથી ▸ સરળ, ઝડપી અને પીડારહિત ▸ પેશન્ટને ઝડપથી સતેજ, સ્પષ્ટ દૃષ્ટિ પ્રદાન કરે છે ▸ હૃદયરોગી, હાઇબ્લડપ્રેશર તથા ડાયાબિટીસના રોગી માટે ખૂબ લાભદાયક ▸ હાર્ડ-બ્રાઉન કેટરેક્ટને પણ સહેલાઇથી અને સરળતાપૂર્વક કાઢી શકે ▸ આંખની અંદરના ઇન્ટ્રા-ઓક્યુલર પ્રેશરને કાબૂમાં રાખે છે ▸ અલ્પ પ્રમાણમાં એનર્જીનો ઉપયોગ કરવામાં આવતો હોવાને કારણે આંખની અંદરના ટિશ્યુ માટે ખૂબ સલામત-લાભદાયક સાબિત થાય છે ▸ લેશમાત્ર પણ હિટ ઉત્પન્ન થતી નથી ▸ એડવાન્સ્ડ સેન્સર્સ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરવાથી ખૂબ સચોટ, ત્રુટિરહિત તથા પરિણામલક્ષી સાબિત થાય છે ▸ પેશન્ટ ફ્રેન્ડલી સાબિત થાય છે ▸ મલ્ટીફોકલ લેન્સ સહેલાઇથી અને સચોટતાપૂર્વક ઇમ્પ્લાન્ટ કરી શકાય





નામઃ ડૉ. સાયરસ મહેતા

માનદ્ પદવીઃ પ્રખ્યાત ઓફથેલ્મોલોજિસ્ટ

એડ્રેસઃ વિઝન વિસ્ટા આઈ ક્લિનિક
ધ ઈન્ટરનેશનલ આઈ કેર સેંટર
રામનિમી બિલ્ડિંગ, બીજે માળે, તાજમહાલ
હોટેલની પાછળ, કોલાબા પોલીસ સ્ટેશનની સામે.

કોન્ટેક્ટ નંબરઃ 81049 59459
81049 76013 - 98198 50971

Email: cyresmehta@yahoo.com



